# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-15 । અંક-329 । વિક્રમ સંવત-2082 । આસો સુદ 03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

13 OCTOBER-2026 TUESDAY





પેજ-08
જાહ્નવી કપૂર પહેલાં નોરતે નૈના દેવી મંદિરે પહોંચી ...





પેજ-09
નેથન મેકસવીની રમત જોઈ વિરાટ કોહલી સ્ટીવ સ્મિથ ચમક્યા....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 26.00 |
| વડોદરા | 37.00 | 24.00 |
| સુરત | 37.00 | 24.00 |


પેજ 5
amazon
એમેઝોન ભારતભરમાં 50 નવાં આશ્રય આરામ કેન્દ્રો સ્થાપશે....





પીટીઆઈ સરકાર ભંગ સોહૈલ આફ્રિદીની ધરપકડ....
પેજ 10


**.....સુવિચાર.....**
ગીતામાં લખ્યું છે નિરાશ ન થાઓ, તમારો સમય નબળો છે તમે નહીં!

# તહેવારોની ખુશીઓમાં જ મોંઘવારીનું ગ્રહણ: છૂટક ફુગાવો વધીને 5.54 ટકા



દેશમાં સપ્ટેમ્બર મહિનામાં છૂટક મોંઘવારી દર 5.54% થયો છે, જે ઓગસ્ટમાં 4.82% હતો. ખાસ કરીને ખાદ્ય મોંઘવારી 7.74% પર પહોંચી, જે સામાન્ય જનતા માટે ચિંતાનો વિષય છે. ડુંગળીના ભાવમાં 108.09%નો જંગી વધારો થયો છે, જ્યારે બટાકા અને ટામેટાં સહેજ સસ્તા થયા છે. આ આંકડા MoSPI દ્વારા જાહેર કરાયા છે.

(એજન્સી) નવી દિલ્હી | તા.12

દેશમાં તહેવારોની સિઝન શરૂ થાય તે પહેલાં જ સામાન્ય જનતાને મોંઘવારીના મોરચે મોટો ઝટકો લાગ્યો છે. સોમવારે જાહેર કરાયેલા આંકડા ચિંતા વધારનારા છે. સપ્ટેમ્બર મહિનામાં છૂટક મોંઘવારી દર ઝડપથી વધીને 5.54% પર પહોંચી ગયો છે. અગાઉ ઓગસ્ટ મહિનામાં આ દર 4.82% નોંધાયો હતો, એટલે કે માત્ર એક જ મહિનામાં તેમાં 0.72%નો વધારો થયો છે. ખાસ કરીને ખાવા-પીવાની ચીજવસ્તુઓના ભાવ વધારાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે. સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) દ્વારા જાહેર કરાયેલા કામચલાઉ આંકડા અનુસાર, સપ્ટેમ્બર મહિનામાં છૂટક મોંઘવારી વધીને 5.54% અને ખાદ્ય મોંઘવારી દર વધીને 7.74% પર પહોંચી ગયો છે. આ આંકડા સ્પષ્ટ દર્શાવે છે કે, ખાવા-પીવાની ચીજોના વધતા ભાવોએ સામાન્ય પરિવારોના માસિક બજેટને ખોરવી નાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

### મોંઘવારીની ગણતરી કેવી રીતે થાય છે?

છૂટક મોંઘવારીનો વાર્ષિક દર કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ(CPI) પર આધારિત હોય છે, જ્યારે ખાદ્ય મોંઘવારીને કન્ઝ્યુમર ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ(CFPI) દ્વારા માપવામાં આવે છે. આ બંને સૂચકાંકોમાં સપ્ટેમ્બર 2026ના ડેટાની સરખામણી પાછલા વર્ષના સમાન મહિના સાથે કરવામાં આવે છે.

### ગ્રામીણ અને શહેરી વિસ્તારોની સ્થિતિ

ગ્રામીણ ભારતમાં કિંમતોનું દબાણ ઘણું વધારે નોંધાયું છે. સપ્ટેમ્બરમાં ગ્રામીણ વિસ્તારોમાં છૂટક મોંઘવારી 6.08% રહી, જ્યારે શહેરી વિસ્તારોમાં તે 4.88% નોંધાઈ હતી. ખાદ્ય મોંઘવારીની વાત કરીએ તો તે ગ્રામીણ વિસ્તારોમાં 8.06% અને શહેરી વિસ્તારોમાં 7.18% રહી હતી. સમગ્ર દેશમાં સરેરાશ ખાદ્ય મોંઘવારી દર 7.74% નોંધાયો છે.

## ED-CBI સહિત 200 અધિકારીઓ અમારા સંપર્કમાં
## રાહુલ ગાંધીના દાવાથી સરકારની ચિંતા વધી!



(એજન્સી) નવી દિલ્હી | તા.12

ચૂંટણીમાં ગેરરીતિ અને 'વોટ ચોરી'ના આક્ષેપોને લઈને દિલ્હીમાં ભારે રાજકીય ઘમાસાણ ચાલી રહ્યું છે. INDIA ગઠબંધનના નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મોરચો માંડીને સુપ્રીમ કોર્ટ તરફ માર્ચ શરૂ કરી દીધી છે. રાહુલ ગાંધી સહિત વિપક્ષી ગઠબંધનના 8 જેટલા મોટા નેતાઓ જાતે સુપ્રીમ કોર્ટ પહોંચીને અરજી દાખલ કરવાની તૈયારીમાં છે. આ માર્ચ શરૂ કરતાં પહેલાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા હતા. રાજધાની દિલ્હીમાં કડક સુરક્ષા વ્યવસ્થાને લઈને સવાલ ઉઠાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'દિલ્હીમાં ઘણા દિવસોથી વોટોની ચોરી વિરુદ્ધ વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. સવાલ એ છે કે દિલ્હીને જેલમાં કેમ ફેરવી દેવામાં આવી છે?

# રૂપિયામાં છ મહિનાનો સૌથી મોટો ઉછાળો
## આરબીઆઈ હસ્તક્ષેપ ડોલર સામે રૂપિયો મજબૂત

(એજન્સી) નવી દિલ્હી | તા.12

RBIના હસ્તક્ષેપ બાદ, સોમવારે ડોલર સામે રૂપિયામાં 96 પૈસાનો ઉછાળો જોવા મળ્યો હતો. ટ્રેડિંગ સત્ર દરમિયાન, ચલણના મૂલ્યમાં 1 કરતાં પણ વધુનો વધારો થયો હતો. ભારતીય રૂપિયાએ એવી સિદ્ધિ હાંસલ કરી છે જેણે વૈશ્વિક બજારને આશ્ચર્યચકિત કરી દીધું છે. સતત ઘટાડાના સમયગાળા બાદ, રૂપિયામાં જોરદાર તેજી જોવા મળી અને તેણે છેલ્લા છ મહિનાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા. કરન્સી માર્કેટના આંકડા દર્શાવે છે કે રૂપિયામાં છ મહિનાનો સૌથી મોટો ઉછાળો નોંધાયો છે અને તેના મૂલ્યમાં લગભગ 1નો વધારો થયો છે. આ ઉછાળા પાછળનું મુખ્ય કારણ શનિવારે RBI દ્વારા જાહેર કરાયેલા સુધારા હતા. અપેક્ષા મુજબ, મધ્યસ્થ બેંકે તેની નીતિ વિષયક બેઠક બાદ રૂપિયાના મૂલ્યમાં થતા ઘટાડાને રોકવા માટે કરન્સી માર્કેટમાં હસ્તક્ષેપ કર્યો હતો–જે પગલું શનિવારે અમલમાં આવ્યું. RBIએ નબળા પડતા ચલણને ટેકો આપવા માટે ચોક્કસ પગલાં લીધાં હતાં.



ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં, યુએસ ડોલર સામે રૂપિયો 95.61 પર ખુલ્યો હતો. ઈન્ટ્રા-ડે ટ્રેડિંગ દરમિયાન, ડોલર સામે રૂપિયો 95.57ની ઊંચી સપાટી અને 95.96ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. સોમવારના ટ્રેડિંગ સત્રના અંતે, રૂપિયો 95.75 (કાચા આંકડા મુજબ) પર બંધ થયો, જે અગાઉના બંધ ભાવની સરખામણીમાં 96 પૈસાનો વધારો દર્શાવે છે. એક દિવસમાં આટલો મોટો ઉછાળો છેલ્લે ૨ એપ્રિલના રોજ નોંધાયો હતો, જ્યારે ડોલર સામે રૂપિયો ૧૬૬ પૈસા મજબૂત થયો હતો.

**રૂપિયાને સ્થિર કરવા માટે RBIના પગલાં :** શનિવારે, RBIએ રૂપિયા સામે સટ્ટાકીય પ્રવૃત્તિઓ (સ્પેક્યુલેશન) પર અંકુશ લાવવા માટે ફોરેક્સ ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ અંગેના નિયમો કડક બનાવ્યા. આ ઉપરાંત, બેંકોને ૨ મિલિયન યુએસ ડોલરથી વધુની ડોલર ખરીદી માટે ૨૦ ટકા અનામત (રિઝર્વ) જાળવી રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. શનિવારે જાહેર કરાયેલા ડેરિવેટિવ્ઝ સંબંધિત અન્ય એક પગલામાં, RBIએ જણાવ્યું હતું કે અધિકૃત ડીલરોએ (ADs) વપરાશકર્તાઓને અગાઉ રદ કરાયેલા કોઈપણ INR-લિંક્ડ ફોરેન એક્સચેન્જ ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સ (ભલે તે ડિલિવરેબલ હોય કે નોન-ડિલિવરેબલ) ને ફરીથી બુક કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં.







# અમૃતસરમાં ભગવંત માનની સરધારધામ સાથે સંકળાયેલા સંતો સાથે મુલાકાત:ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પણ હાજર રહેતા રાજકીય ચર્ચા તેજ, પાટીદાર સમાજ સાથેના સંપર્ક અંગે અટકળો શરૂ થઈ...



અમદાવાદ | ગુજરાતના રાજકારણમાં 2027ની વિધાનસભા ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીની ગતિવિધિઓને લઈને ચર્ચા શરૂ થઈ છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને સરધારધામ સાથે સંકળાયેલા સંતો વચ્ચે અમૃતસરમાં ખાસ આધ્યાત્મિક બેઠક યોજાઈ હતી. આ મુલાકાતમાં સ્વામી નિત્યસ્વરૂપદાસ સહિતના સંતો સાથે ચર્ચા થઈ હતી. વિસાવદરના AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન ગોપાલ ઈટાલિયા પાઘડી પહેરેલા જોવા મળ્યા હતા.

પાટીદાર સમાજની આસ્થા અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા સરધારધામના સંતો સાથે AAPના મુખ્ય નેતાઓની આ મુલાકાતને રાજકીય દૃષ્ટિએ પણ જોવામાં આવી રહી છે. જોકે, આ બેઠક માત્ર આધ્યાત્મિક હેતુથી યોજાઈ હતી કે તેની પાછળ કોઈ રાજકીય ચર્ચા પણ થઈ હતી, તે અંગે હાલ કોઈ સ્પષ્ટ સત્તાવાર માહિતી સામે આવી નથી.

ગુજરાતમાં 2027માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વિવિધ રાજકીય પક્ષો પોતાની સંગઠનાત્મક પ્રવૃત્તિઓ અને જનસંપર્ક વધારવા પ્રયાસ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ભગવંત માન, સ્વામી નિત્યસ્વરૂપદાસ અને ગોપાલ ઈટાલિયાની મુલાકાતે રાજકીય વર્તુળોમાં ચર્ચાને વેગ આપ્યો છે. ખાસ કરીને પાટીદાર સમાજ સાથે જોડાયેલા ધાર્મિક અને સામાજિક મંચો સાથેના સંપર્કને લઈને અનેક સવાલો ઊભા થયા છે.

ગુજરાતમાં ભાજપનું મજબૂત સંગઠન અને પાટીદાર સમાજની રાજકીય ભૂમિકા હંમેશાં ચર્ચાનો વિષય રહી છે. આ સંજોગોમાં AAPના નેતાઓની સરધારધામના સંતો સાથેની મુલાકાતને કેટલાક રાજકીય વિશ્લેષકો જનસંપર્કના દૃષ્ટિકોણથી જોઈ શકે છે. જોકે, આ મુલાકાતનો હેતુ પાટીદાર સમાજના મતદારોને આકર્ષવાનો હતો અથવા 2027ની ચૂંટણી માટે કોઈ નવી રણનીતિ ઘડાઈ રહી છે, તેવું હાલ માત્ર અનુમાન છે.

આ બેઠક બાદ સૌથી મોટો સવાલ એ છે કે શું AAP ગુજરાતમાં પોતાના સામાજિક સંપર્કો વધારવા માટે નવા પ્રયાસો કરી રહી છે? કે પછી આ મુલાકાતનો મુખ્ય હેતુ આધ્યાત્મિક અને સામાજિક સંવાદ પૂરતો જ મર્યાદિત હતો? આ અંગે પક્ષ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવે ત્યાર બાદ જ સ્થિતિ વધુ સ્પષ્ટ થઈ શકશે.

# CEC લાવીને સરકાર પોતાની પસંદના ચીફ ઈલેક્શન કમિશનર નક્કી કરે છે અને એમણે જ SIR ના નામે 13 કરોડ લોકોના નામ મતદારયાદીમાંથી કાપી નાખ્યાં: ગોપાલ ઈટાલીયા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પંજાબના અમૃતસરમાં આવેલા જલિયાંવાલા બાગની મુલાકાત લીધી હતી અને આ મુલાકાત દરમિયાન તેમણે એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, જલિયાંવાલા ખાતે જનરલ ડાયરે ભારત દેશના નાગરિકો પર ગોળીઓ ચલાવી હતી કારણ કે ભારતના નાગરિકો એક કાળા કાયદાનો વિરોધ કરતા હતા. એ કાયદા અનુસાર અંગ્રેજોએ નક્કી કર્યું હતું કે કોઈપણ નાગરિકને કોઈપણ કાનૂની પ્રક્રિયા વગર બે વર્ષ માટે જેલમાં પૂરી દેવામાં આવશે. તો આ કાયદાના વિરોધમાં ભારતના 10-15 હજાર લોકો આ જલિયાવાલા બાગ ખાતે એકઠા થયા હતા અને જનરલ ડાયરે આ લોકો પર ગોળીઓ ચલાવી હતી. એ ગોળીઓના નિશાન આજની તારીખમાં પણ દિવાલ પર છે અને અહીંયા હું જલિયાંવાલા બાગના તમામ શહીદોને નમન કરું છું. ગઈકાલે દિલ્હીમાં પણ એક જનરલ ડાયર આવ્યો હતો, તેણે ભારતના બાળકો પર ડંડા અને હથિયારો ચલાવવાની કોશિશ કરી. કોક્રોચ જનતા પાર્ટી સહિત દેશના તમામ નાગરિકો હાલ માંગણી કરી રહ્યા છે કે કાળો કાયદો એટલે કે એસઆઈઆર અને 2023નો CEC એક્ટ રદ કરવામાં આવે.

વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારે એવો કાયદો બનાવ્યો કે ચીફ ઈલેક્શન કમિશનર બનાવવાની સત્તા વડાપ્રધાનને મળે. અગાઉ વડાપ્રધાન, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને વિરોધ પક્ષના એક નેતા એમ ત્રણ લોકોની પેનલ નક્કી કરતી હતી કે ચીફ ઈલેક્શન કમિશનર કોણ બનશે પરંતુ 2023માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાયદો બદલી નાખ્યો અને એ અનુસાર વડાપ્રધાન અને એમની કેબિનેટના એક મિનિસ્ટર ચીફ ઈલેક્શન કમિશનરની નિયુક્તિ કરે છે. ત્યારબાદ વડાપ્રધાનને ગમે એવા લોકો ચૂંટણી અધિકારી બનવા લાગ્યા અને SIR ના નામે 13 કરોડ લોકોના નામ મતદારયાદીમાંથી કાપી નાખવામાં આવે. દેશના લોકોએ જ્યારે વિરોધ કર્યો તો ગઈકાલે ચૂંટણી અધિકારીએ જાહેર કર્યું કે લોકો મતદારયાદીમાં પોતાનું નામ એડ કરવા માટે અરજી કરી શકે છે, પણ દિલ્હીમાં જે લોકો આંદોલન કરી રહ્યા છે, આ રીતનું આંદોલન દેશ માટે કંઈ નવું નથી, જનતાને જ્યારે લાગે કે એમના અધિકારો પર તરાપ મારવામાં આવે છે ત્યારે જનતા પાસે એ અધિકાર રહેલો છે કે તેઓ સરકારની સામે આંદોલન કરે. તો જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે આવા આંદોલન કરનાર લોકો પર ગોળીઓ ચલાવી હતી અને હવે હાલની પરિસ્થિતિમાં ભારતના અંગ્રેજો આવ્યા છે જેઓ સત્તામાં બેઠા છે અને આપણા દેશના લોકોને વિરોધ કરતા રોકી રહ્યા છે. ગુજરાતના લોકોને મારી અપીલ છે કે હવે આપણે આપણા શહીદોમાંથી કંઈ પ્રેરણા લઈએ, જો આપણા પૂર્વજો અંગ્રેજો સામે લડતી વખતે પણ ડર્યા નહીં તો આપણે પણ હાલના અંગ્રેજો સામે લડીએ એ આપણી ફરજ છે.

## ભાજપ સરકારે 1.5 કરોડ વીજ ગ્રાહકોને લૂંટવાનું લાઈસન્સ વીજળી કંપનીઓને આપ્યું: કમલેશ કોટેચા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખ કમલેશ કોટેચાએ એક મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે ગુજરાતના દોઢ કરોડ વીજ ધારકોને લૂંટવાનું લાઈસન્સ વીજ કંપનીઓને આપી દીધું હોય એવું લાગી રહ્યું છે. તાજેતરમાં જે લોકોને વીજળીના બિલ આવ્યા એ લોકોના વીજળીના બિલમાં 150 થી લઈને 600 રૂપિયાનો વધારો જોવા મળી રહ્યો છે. આ મુખ્ય કારણ એ છે કે



બિલમાં GUVML ફોર્મ્યુલા એપ્લાય કરવામાં આવ્યો છે અને આના કારણે લોકોનું બિલ વધતા લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. છતાં પણ ગુજરાતની ભાજપ સરકાર કુંભકર્ણની નિંદ્રામાં સૂતી છે. વીજ કંપનીઓ પરાણે લોકોના ઘરે સ્માર્ટ મીટર નાખવાનો પ્રયત્ન કરે છે અને સદભાગ્યે ગુજરાતના જાગૃત નાગરિકો આ સ્માર્ટ મીટરનો વિરોધ કરે છે. પરંતુ જે વીજ ગ્રાહકો કંપનીઓની ધાકધમકીમાં આવી ગયા અને સ્માર્ટ મીટર નખાવી દીધું એ પૈકીના ઘણા વીજ ગ્રાહકોનો ખર્ચો હવે વધી ગયો છે, એવી ફરિયાદ એ લોકો જ કરી રહ્યા છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા કમલેશ કોટેચાએ જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર વીજ ગ્રાહકો માટે જરા પણ ચિંતિત નથી, એ ગુજરાતના લોકોનું દુર્ભાગ્ય છે. પહેલા સ્માર્ટ મીટરનો માર હતો અને હવે નવા ફોર્મુલાનો માર પડી રહ્યો છે. આ તમામ વસ્તુઓના કારણે લોકોને આર્થિક ભારણ ભોગવવું પડે છે આના કારણે વીજ ગ્રાહકોના બાળકોના શિક્ષણના બજેટ ખોરવાઈ ગયા છે, આરોગ્યના બજેટ ખોવાઈ ગયા છે, કારણ કે હવે આ લોકોએ વીજ કંપનીને વધુ રૂપિયા ચૂકવવા પડે છે એના કારણે અમે ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાતના ઉર્જા મંત્રીને કહીએ છીએ કે, તાત્કાલિક ધોરણે વીજ ગ્રાહકોને આ આર્થિક ભારણમાંથી મુક્ત કરવામાં આવે.

## હડદડમાં ખેડૂતો પર પોલીસે કરેલા અત્યાચારને આજે એક વર્ષ થયું: રાજુભાઈ બોરખતરીયા

બોટાદ | ગત વર્ષે આમ આદમી પાર્ટીએ કડદા પ્રથા વિરુદ્ધ ખેડૂતો માટે આંદોલન ચલાવ્યું હતું, ત્યારબાદ હડદડ ગામમાં ખેડૂતોને પોલીસ દ્વારા બેરહમીથી મારવામાં આવ્યા હતા આ ઘટનાને આજે એક વર્ષ પૂરું થયું છે.



આ બાબતે આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી રાજુભાઈ બોરખતરીયાએ વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે ગત 12 ઓક્ટોબર 2025ના રોજ ખેડૂતોનો કડદા પ્રથા વિરુદ્ધ અવાજ ઉઠ્યો હતો અને ત્યારબાદ હડદડમાં જે ઘટના બની કે ભ્રષ્ટ ભાજપની પોલીસે ખેડૂતો પર ખૂબ જ અત્યાચાર કર્યો, ખેડૂતોને ઘરમાંથી કાઢીને લાઠીચાર્જ કરવામાં આવ્યો અને ત્યારબાદ 85 જેટલા ખેડૂતોને જેલમાં મોકલવામાં આવ્યા તો આ રીતે આજનો દિવસ ખૂબ જ દુઃખદાયક દિવસ છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા રાજુભાઈ બોરખતરીયાએ જણાવ્યું હતું કે, અમે લોકો પણ જેલમાં ગયા હતા. ખેડૂતો 108 દિવસ સુધી જેલમાં રહ્યા હતા અને કડદા પ્રથા નાબૂદ કરવામાં આવી હતી, આજે હડદડની ઘટનાને એક વર્ષ પૂર્ણ થયું છે ત્યારે ખેડૂતો પણ આ દિવસને યાદ કરે છે. તો હું ગુજરાતના તમામ લોકોને પણ કહેવા માંગુ છું કે એ દિવસે ખેડૂતોએ ક્રાંતિ કરી હતી અને છેલ્લા એક વર્ષમાં ખેડૂતો ખૂબ જાગૃત થયા છે. આજે સમગ્ર ગુજરાતના ખેડૂતો પોતાનો અવાજ ઉઠાવી રહ્યા છે અને લડત લડી રહ્યા છે. લાઠીચાર્જ થયો, જેલવાસ થયો, તેમ છતાં પણ અમે હજુ સુધી ખેડૂતોને સાથે ઉભા છીએ અને આગામી સમયમાં પણ અમે ખેડૂતો સાથે ઊભા રહેવાના છીએ.

# મકરબામાં પીજી ચલાવતા વૃદ્ધા પાસેથી 16.17 લાખ પડાવી લેવામાં આવ્યાં...

### ફેસબુક પર શેરબજારમાં રોકાણની જાહેરાતથી ફસાયા, ઠગે 17 લાખનો નફો બતાવીને છેતર્યા



અમદાવાદ | અમદાવાદના મકરબામાં રહેતા અને પીજી ચલાવતા 74 વર્ષીય સાથે શેરબજારમાં રોકાણ કરાવી વધુ નફો આપવાની લાલચ આપી લાખો રૂપિયા પડાવવામાં આવ્યા છે. સાયબર ઠગે પ્રોક્સટ્રેન્ડ કંપનીના એજન્ટ તરીકેની ઓળખ આપી, ટેલિગ્રામ અને મોબાઈલ સ્ક્રીન શેરિંગથી મહિલાને જાળમાં ફસાવી શેર તથા ગોલ્ડમાં રોકાણ કરવાના બહાને કટકે-કટકે કુલ 16,20,197 રૂપિયા પડાવી લીધા હતા. એકાઉન્ટમાં 17 લાખનો નફો બતાવી બાદમાં આ રકમ ઉપાડવા માટે ઈન્કમટેક્સ અને હોલ્ડિંગ ફીના નામે વધુ રકમની માંગણી કરતા સાયબર ફ્રોડની જાણ થતા મહિલાએ ફરિયાદ નોંધાવી છે.

મકરબામાં રહેતા 74 વર્ષીય વૃદ્ધા પીજી ચલાવે છે. 5 મેના રોજ ફેસબુક જોતી વખતે તેમને શેર બજારમાં રોકાણની એક જાહેરાત દેખાઈ હતી. આ જાહેરાતની લિંક પર ક્લિક કરતા વેબસાઈટ ખુલી હતી. જેમાં તેમણે રજીસ્ટ્રેશન ફોર્મમાં પોતાની વિગતો ભરી હતી. બીજા દિવસે તેમને અભિષેક નામની વ્યક્તિનો ફોન આવ્યો અને તેણે પોતાની ઓળખ પ્રોક્સટ્રેન્ડ કંપનીના એજન્ટ તરીકે આપી હતી.

અભિષેકે ટેલિગ્રામ આઈડીથી કોન્ટેક્ટ કરીને વૃદ્ધાના મોબાઈલમાં સ્ક્રીન શેરિંગ કરાવી proxtrend.com પર એકાઉન્ટ ઓપન કરાવ્યું હતું. ત્યારબાદ ઝૂમ વીડિયો કોલ અને ટેલિગ્રામ દ્વારા અલગ અલગ યુ.પી.આઈ. આઈડી આપીને શેર ખરીદવાના બહાને રૂપિયા જમા કરાવડાવ્યા હતા.

વૃદ્ધાનો વિશ્વાસ જીતવા માટે તારીખ 25 મેના રોજ અભિષેકે નફાના 2800 રૂપિયા પરત કર્યા હતા. વૃદ્ધાના મોતિયાના ઓપરેશન બાદ 1 જૂનથી અન્ય જુદા જુદા વિદેશી નંબરો પરથી દીપક નામના વ્યક્તિએ સંપર્ક કરી એકાઉન્ટ ઓપરેટ કરવાનું કહી શેર અને ગોલ્ડમાં વધુ રોકાણ કરાવી અલગ અલગ યુ.પી.આઈ. ખાતાઓમાં મોટી રકમો જમા કરાવડાવી હતી. જ્યારે વૃદ્ધાના ફેક એકાઉન્ટમાં નફો 17 લાખ રૂપિયા જેટલો બતાવતો હતો અને તેમને પૈસાની જરૂર પડતા તેમણે દીપકને રકમ વિડ્રોઅલ કરવા માટે જણાવ્યું હતું. ત્યારબાદ રાધિકા અને ભારતી નામની મહિલાઓનો ફોન આવ્યો અને તેમણે વિડ્રોઅલ માટે હોલ્ડિંગ ફી તરીકે 1,55,000 રૂપિયાની માંગણી કરી હતી.

## ડૉ.કાયનાત અન્સારી આથાની ઉપસ્થિતિમાં ભુજ ખાતે કરાયું વિરોધ પ્રદર્શન

# કચ્છમાં CJP ના સમર્થનમાં AAP એ વિરોધ પ્રદર્શન કરી જ્ઞાનેશ કુમારનું માંગ્યું રાજીનામું

કચ્છ | કોક્રોચ જનતા પાર્ટીના આયોજનમાં કચ્છના ભુજ ખાતે મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ડૉ.કાયનાત અન્સારી આથા અને આમ આદમી પાર્ટીની ટીમના મોહમ્મદ ખલીફા, દિલીપદાન ગઢવી, અમિતભાઈ ગઢવી, અફરોજબેન, રામજીભાઈ લોચા તેમજ અન્ય કાર્યકરો પણ જોડાયા હતા. આ વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના નેતા ડૉ.કાયનાત અન્સારીએ જણાવ્યું હતું કે CJP ફક્ત એક માધ્યમ છે પરંતુ આ આંદોલન લોકોનો અવાજ છે. હવે લોકોનો જે અધિકાર છીનવી રહી છે એવી સરકાર લોકોને નથી જોઈતી. હજારો લોકોની દિલ્હીમાં અટકાયત કરવામાં આવી, મેટ્રો બંધ કરવામાં આવી, ટ્રેન રોકવામાં આવી આવી, યુદ્ધ સ્તરની તૈયારીઓ સરકારે કરી, જો સરકારે આવી તૈયારી પહેલગામમાં રાખી હોત તો કદાચ પહેલગામમાં



આતંકવાદી હુમલો ન થયો હોત. આનાથી દેખાય છે કે સરકાર ફક્ત પોતાને બચાવવા માટે જ સક્ષમ છે અને જ્ઞાનેશકુમારને બચાવવા માંગે છે કારણ કે જો એ પકડાઈ જશે તો એમનું આખું ષડયંત્ર બહાર પડી જશે. ભાજપના લોકો કહે છે કે હિન્દુ ખતરામાં છે, પરંતુ હકીકતમાં તો લોકશાહી ખતરામાં છે, વોટ આપવાનો અધિકાર ખતરામાં છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ.કાયનાત અન્સારી આથાએ જણાવ્યું હતું કે, 13 કરોડ લોકોનો મત આપવાનો અધિકાર છીનવી લેવામાં આવે છે, એ ખૂબ જ ખોટી બાબત છે. તો આના માટે જ્ઞાનેશ કુમારે રાજીનામું આપવું પડશે અને અમિત શાહે અને નરેન્દ્ર મોદીએ પણ રાજીનામું આપવું પડશે. આ લોકોને ખબર હતી કે આજે નહીં તો કાલે જ્ઞાનેશ કુમારની હકીકત બહાર આવશે એટલા માટે પહેલા જ CEC નો કાનૂન બનાવીને ચીફ ઈલેક્શન કમિશનરને બચાવવાની કોશિશ કરી હતી. આનાથી દેખાઈ રહ્યું છે કે આ પૂર્વઆયોજિત ષડયંત્ર છે.

## નારોલની મિલમાંથી સબસીડીવાળા યુરિયા ખાતરનું કૌભાંડ ઝડપાયું, 119 બોરી જપ્ત, બે સામે ફરિયાદ

અમદાવાદ: અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી કાજલ ટેક્ષટાઈલ્સ મીલમાં ખેડૂતોને અપાતા સબસીડીવાળા નીમ કોટેડ યુરિયા ખાતરમાં કૌભાંડ થતું હોવાનું સામે આવ્યું છે. નારોલ પોલીસે કંપનીના ગોડાઉનમાં દરોડા પાડીને આ ખાતરની 119 ભરેલી બોરીઓ અને 16 ખાલી થેલીઓ જપ્ત કરી છે. ખેડૂતોના હકના ખાતરની કાળાબજારી કરવા બદલ કંપનીના માલિક ઐયુબ સુરતી અને મેનેજર જુબેર પાલીવાલા સામે ખેતી અધિકારી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.નકશા જુઓ

મળતી માહિતી અનુસાર, 22મી સપ્ટેમ્બરના રોજ બાતમીના આધારે નારોલ પોલીસે પીપળજ-પીરાણા રોડ પર આવેલી કાજલ ટેક્ષટાઈલ્સ મીલ પ્રા. લી. ખાતે તપાસ કરી હતી. તપાસ દરમિયાન કંપનીના ગોડાઉનમાં મેનેજર તરીકે કામ કરતા જુબેર મહેબુ પાલીવાલા હાજર હતા. ગોડાઉનની અંદરથી પ્રધાનમંત્રી ભારતીય જન ઉર્વરક પરિયોજના હેઠળ ફક્ત ખેતીવાડી માટે અપાતા સબસીડીવાળા નીમ કોટેડ યુરિયા ખાતરની કુલ 119 ભરેલી બોરીઓ અને 16 ખાલી થેલીઓ મળી આવી હતી. સરકારી ખાતર રાખવા અંગે કોઈ આધાર પુરાવા ના હોવાથી પૂછપરછ કરતા જુબેરે કબૂલાત કરી હતી.

# પીપળજ નજીક ગટરમાં ખાબકેલી બાળકીની બે દિવસ બાદ ભાળ નહીં:આખા રોડ પરની ડ્રેનેજ લાઈનોમાં તપાસ, બાળકી જીવિત મળવાની શક્યતા નહીંવત

અમદાવાદ | શહેરના નારોલ- વિશાલા હાઈવે પર પીપળજ નજીક ઊંડી ડ્રેનેજ લાઈનમાં પડેલી બાળકીનો બે દિવસ સમય વીતી ગયા બાદ પણ હજી સુધી કોઈ ભાળ મળી નથી. અમદાવાદ ફાયર બ્રિગેડ અને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર બાળકીને શોધવા નદીના આઉટલેટથી લઈને અલગ અલગ જગ્યાઓ પર તપાસ કરી રહી છે. જો કે હજી સુધી બાળકી અંગે કોઈ જાણકારી મળી રહી નથી, ત્યારે હવે બાળકીનું જીવિત મળી આવવું ખૂબ જ અઘરું લાગી રહ્યું છે. જો કે કોર્પોરેશન તંત્ર ડ્રેનેજ લાઈનના ડ્રોઈંગના આધારે અલગ અલગ મેઈન હોલમાં શોધખોળ કરી રહી છે.

દક્ષિણ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દિનેશ ગુરવે જણાવ્યું હતું કે, ફાયર બ્રિગેડની સાથે ઝોન અને ડ્રેનેજ પ્રોજેક્ટની ટીમ દ્વારા બાળકી ને શોધવા માટે સતત કામગીરી કરી રહી છે. 24 કલાક ટીમ દ્વારા અલગ અલગ જગ્યા ઉપર તપાસ કરવામાં આવી રહી છે. અને પ્રોજેક્ટ પાસેથી ડ્રોઈંગ મેળવવામાં આવ્યા છે. બે ડ્રોઈંગના આધારે અલગ અલગ જગ્યાના મેઈન હોલમાં અને મુખ્ય લાઈનમાં



CCTV નાખી અને પણ તપાસ કરવામાં આવી રહી છે. બાળકીને શોધવાના પ્રયત્નો સતત ચાલી રહ્યા છે. મુખ્ય લાઈન હોવાથી ATPમાં જઈને ત્યાંથી નદીના આઉટલેટમાં જાય છે.

નારોલ- વિશાલા હાઈવે પર પીપળજ નજીક મુખ્ય ડ્રેનેજ લાઈનમાં મનીષા સલાટ નામની બાળકી શનિવારે બપોરે 3 વાગ્યાની આસપાસ પડી ગઈ હતી, જેને શોધવા માટે ફાયર વિભાગ દ્વારા સાંજથી શોધખોળ શરૂ કરવામાં આવી હતી. જો કે મુખ્ય લાઈન હોવાના કારણે બાળકી અંદર ખૂબ ઊંડે સુધી જતી રહી હોવાની અને ગટર લાઈનમાં ગેસ ખૂબ જ વધારે હોવાના પગલે ફાયર બ્રિગેડને પણ અંદર ઉતરીને તપાસ કરવામાં તકલીફ પડી હતી. ડ્રેનેજ લાઈનને સાફ કરીને શોધવાના પ્રયત્નો હવે શરૂ કરવામાં આવ્યા છે. બાળકીનો છેલ્લા બે દિવસથી કોઈ અતો પતો મળી રહ્યો નથી ત્યારે હવે બાળકી મુખ્ય ડ્રેનેજ લાઈન માંથી એસટીપી માં થઈને સાબરમતી નદી તરફ વહેણમાં નીકળી ગઈ હોવાની એક શક્યતા છે. તો બીજી શક્યતા મુજબ મુખ્ય ટ્રંક લાઈનમાં અન્ય કોઈ લાઈન જઈ રહી હોય તેમાં બાળકી ગઈ હોય શક્યતાના પગલે અલગ અલગ મેઈન હોલ ખોલીને સીસીટીવીના આધારે તમામ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. બે દિવસથી ફાયર બ્રિગેડની સાથે કોર્પોરેશનના ડ્રેનેસ પ્રોજેક્ટ અને ઈજનેર વિભાગની ટીમ હાલ શોધખોળ કરી રહી છે. જોકે હવે બાળકી જેવી જીવિત મળશે કે કેમ તેને લઈને પણ શક્યતા નહીંવત જણાય છે.

# News Brief

## બાબરા તાલુકાના ખાનપર ગામમાં ૧૫૦૦ થી વધુ વસ્તી હોવા છતાં બાળકો ઝાડ નીચે ભણવા મજબૂર : જે. ડી. કથીરિયા

અમરેલી | બાબરા તાલુકાના આમ આદમી પાર્ટીના અગ્રણી જે. ડી.કથીરિયાએ એક વીડિયો સંદેશ મારફતે લાઠી, બાબરા અને દામનગર વિસ્તારના ભાજપ સરકારના વિકાસના દાવાઓ સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ વિસ્તારના નેતા તરીકે જનતાના પ્રશ્નો ઉઠાવવા એ તેમની નૈતિક ફરજ છે. તાજેતરમાં મીડિયા અને અખબારના માધ્યમથી બાબરા તાલુકાના છેવાડાના



ખાનપર ગામની એક ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવી છે. ૧૫૦૦થી વધુની વસ્તી ધરાવતા આ ગામમાં આજે પણ માસુમ બાળકોને કોઈ યોગ્ય મકાનના અભાવે ઘટાદાર ઝાડના છાયડા નીચે ખુલ્લામાં બેસીને અભ્યાસ કરવો પડી રહ્યો છે. આ ગંભીર પરિસ્થિતિ વિશે સ્થાનિક ધારાસભ્યને કદાચ ખબર પણ નહીં હોય કે ખાનપર ગામ તેમના મતવિસ્તારમાં આવે છે કે કેમ ? 'આપ' નેતા જે.ડી. કથીરીયાએ વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ૩૦ થી ૩૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું સતત શાસન હોવા છતાં જો શિક્ષણ ક્ષેત્રે બાળકોને આવી બદતર હાલતમાં ઝાડ નીચે બેસીને ભણવું પડતું હોય તો તે વર્તમાન સરકાર માટે અત્યંત શરમજનક વાત કહેવાય. સરકાર દ્વારા કરવામાં આવતા મોટા મોટા વિકાસના દાવાઓની અસલી પોલ આ છેવાડાના ગામોની સ્થિતિ પરથી ખુલ્લી પડી જાય છે. તેથી આ વીડિયોના માધ્યમથી તેમણે સરકાર અને સત્તાધીશોને વિનંતી કરી હતી કે, પ્રજા તમારી આ વાસ્તવિક સ્થિતિ અને કહેવાતો વિકાસ સારી રીતે જોઈ રહી છે અને જાણી રહી છે. માટે શાસકો હવે થોડી સમજણ રાખીને માત્ર વાતો કરવાને બદલે લોકોના પાયાના કામોમાં ધ્યાન આપે અને શિક્ષણ તથા સુવિધાઓ ક્ષેત્રે યોગ્ય કામગીરી કરે.

## નર્મદા કેનાલ પરથી ખેડૂતોની 4 મોટર ચોરાઈ:છાલિયા તળાવ નજીકથી ₹1.60 લાખનો મુદ્દામાલ લઈ તસ્કરો ફરાર



લીંબડી, સુરેન્દ્રનગર | લીંબડી-રાજકોટ હાઈવે પર છાલિયા તળાવ નજીક આવેલી મુખ્ય નર્મદા કેનાલ પર ચોરીની ઘટના સામે આવી છે. અહીં ખેડૂતો દ્વારા ખેતીના હેતુથી લગાવવામાં આવેલી ચાર દેડકા મોટર, વાયર, મોટરની લાઈન સહિતનો અંદાજે રૂ.1.60 લાખની કિંમતનો મુદ્દામાલ અજાણ્યા શખ્સો ચોરી કરીને ફરાર થઈ ગયા હોવાની વિગતો સામે આવી છે.

ખેડૂતો ખેતી માટે પાણી મેળવવા નર્મદા કેનાલ પર મોટર સહિતનાં સાધનો લગાવી મહેનત કરી રહ્યા છે, ત્યારે તસ્કરો દ્વારા આ સાધનોની ચોરી કરવામાં આવતાં ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખેતી માટે ઉપયોગી મોટર અને અન્ય સાધનોની ચોરી થતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખેડૂતોની મહામૂલી સંપત્તિ ચોરી થવાની ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા કર્યા છે. ખાસ કરીને ખેતરો અને કેનાલ આસપાસ લગાવવામાં આવેલા સાધનોની સુરક્ષા અંગે ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે.

હવે સવાલ એ છે કે ખેડૂતોની મહેનતની કમાણી પર હાથ સાફ કરનારા તસ્કરો ક્યારે ઝડપાશે? ખેડૂતોને થયેલા નુકસાનની ભરપાઈ કોણ કરશે? સમગ્ર મામલે તસ્કરોને ઝડપી પાડી ચોરીનો મુદ્દામાલ પરત મેળવવા માટે અસરકારક કાર્યવાહી થાય તેવી ખેડૂતોની માંગ ઊઠી રહી છે.

## નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદમાં ૧૫૮ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાશે

અમદાવાદ | નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં આવતી કાલે તા.૧૩ ઓક્ટોબરે સોલા સ્થિત સાલ ઈન્સ્ટિટ્યૂટ ખાતે 'ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહ' યોજાશે.

**અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સોલા ખાતે 'ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહ'નું આયોજન**

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાનારા 'ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહ'માં CAA અંતર્ગત ૧૨૬ અને કલેક્ટર કચેરી મારફતે નોંધાયેલા ૩૨ મળીને કુલ ૧૫૮ શરણાર્થીઓને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને અન્ય મહાનુભાવો ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરશે.આ પ્રસંગે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી શ્રી દર્શનાબેન વાઘેલા, શહેરના મેયરશ્રી તથા સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે.અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા ૨૦૧૬ અને ૨૦૧૮ના ગેઝેટથી અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતી સમુદાયોના લોકોને 'સિટીઝનશિપ એક્ટ-૧૯૫૫'ની કલમ-૫ અને ૬ અન્વયે નાગરિકતા આપવા અંગેની સત્તાઓ જિલ્લા કલેક્ટરશ્રીઓને એનાયત કરાઈ છે, જેમાં વર્ષ ૨૦૧૭થી ૨૦૨૫ સુધીમાં ૧૨૦૦થી વધુ અરજદારોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર આપીને અમદાવાદ જિલ્લો સમગ્ર દેશમાં મોખરે રહ્યો છે.

## બંદરો, વહાણો, સુંદર્શન સેતુ, દરિયાઈ માર્ગો પર ચેકિંગ:દરિયાઈ સુરક્ષાની ચકાસણી માટે દ્વારકા પોલીસનું પેટ્રોલિંગ

દ્વારકા | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે સાગર સુરક્ષા કવચ અંતર્ગત પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની આગેવાની અને માર્ગદર્શન હેઠળ દરિયાઈ વિસ્તારો, બંદરો તથા માર્ગો પર સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવી હતી. એ.એસ.પી. પ્રખર કુમાર, ડી.વાય.એસ.પી. સાગર રાઠોડ તથા મીત રૂદલાલના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસના અધિકારીઓ અને કર્મચારીઓએ આ કામગીરી કરી હતી.

દ્વારકા, ઓખા, વાડીનાર અને સલાયા સહિતના મરીન પોલીસ સ્ટેશન વિસ્તારોમાં બંદરો પર લાંગરેલી બોટો અને વહાણોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત દરિયામાં બોટ મારફતે પેટ્રોલિંગ કરી સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવી હતી. દ્વારકા અને ઓખા બેટને જોડતા સુંદર્શન સેતુ સહિત દ્વારકા-ઓખા માર્ગે અવરજવર કરતાં વાહનોની પણ તપાસ કરવામાં આવી હતી. દરિયાકાંઠાના વિસ્તારોમાં સુરક્ષા જળવાઈ રહે અને શંકાસ્પદ હિલચાલ પર નજર રાખી શકાય તે હેતુથી પોલીસ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### 7 દિવસનું આખરી અલ્ટીમેટમ અને કડક કાનૂની જોગવાઈ

# સુરત પાલિકા હોટેલ કિચન CCTV લાઈવ પ્રસારણ ચીમકી



(એજન્સી) સુરત । તા. 12

દક્ષિણ ગુજરાતના આર્થિક પાટનગર અને ખાણીપીણી માટે વિશ્વભરમાં પ્રખ્યાત સુરત શહેરમાં નાગરિકોના આરોગ્ય અને ખાદ્ય સુરક્ષાને લઈને સ્થાનિક તંત્રે એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. શહેરમાં આવેલી તમામ હોટેલો અને રેસ્ટોરન્ટના રસોડામાં જળવાતી સ્વચ્છતા તેમજ ગ્રાહકોને પીરસાતા ભોજનની ગુણવત્તામાં સંપૂર્ણ પારદર્શિતા લાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ હોટેલ-રેસ્ટોરન્ટના કિચનમાં સીસીટીવી કેમેરા લગાવી તેનું લાઈવ પ્રસારણ ડાઈનિંગ એરિયામાં દર્શાવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ આદેશ છતાં મોટાભાગના સંચાલકોએ નિષ્કાળજી દાખવતા હવે પાલિકા તંત્રે લાલ આંખ કરી છે અને આગામી સાત દિવસમાં નિયમનું પાલન ન કરનારા એકમોના લાઈસન્સ રદ કરવાની સત્તાવાર ચીમકી ઉચ્ચારી છે.

સુરત મહાનગરપાલિકાના ખાદ્ય સુરક્ષા વિભાગ દ્વારા શહેરના અંદાજે ૧૫૦૦ જેટલા નાના-મોટા હોટેલ અને રેસ્ટોરન્ટ ધારકોને પોતાના કિચનમાં સીસીટીવી કેમેરા ગોઠવી તેનું સીધું પ્રસારણ ગ્રાહકો બેસે છે તે ડાઈનિંગ એરિયાની મોટી સ્ક્રીન પર દર્શાવવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. તંત્રે આ વ્યવસ્થા ઉભી કરવા માટે શરૂઆતમાં ૧૨ દિવસનો સમય આપ્યો હતો. પરંતુ અત્યંત ખેદજનક બાબત એ છે કે આપેલા સમયગાળા દરમિયાન ૧૫૦૦ માંથી માત્ર ૧૦ ટકા જેટલા એટલે કે અંદાજે ૧૫૦ એકમોએ જ આ નિયમનો અમલ શરૂ કર્યો છે. બાકીના ૯૦ ટકા સંચાલકોએ આ મહત્વપૂર્ણ આદેશને ગંભીરતાથી ન લેતા પાલિકાના આરોગ્ય વિભાગે હવે આકરી કાર્યવાહી કરવાનો માર્ગ અપનાવ્યો છે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ હોટેલો અને રેસ્ટોરન્ટના રસોડામાં અત્યંત અસ્વચ્છ વાતાવરણમાં ખોરાક બનાવાતો હોવાના, વાસી તેમજ અખાદ્ય સામગ્રીનો ઉપયોગ થતો હોવાના અને ગ્રાહકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા થતા હોવાના વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. આ ઉપરાંત ગ્રાહકો દ્વારા પણ તંત્રને વ્યાપક ફરિયાદો મળવા પામી હતી. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખાદ્ય સુરક્ષા વિભાગે શહેરમાં સઘન તપાસ ઝુંબેશ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ગ્રાહકો પોતાની આંખે જોઈ શકે કે તેમનું ભોજન કઈ સ્થિતિમાં અને કેવી સ્વચ્છતા સાથે તૈયાર થઈ રહ્યું છે તે હેતુથી આ સીસીટીવી લાઈવ પ્રસારણનો ક્રાંતિકારી નિયમ બનાવવામાં આવ્યો હતો. મહાનગરપાલિકાના સત્તાવાર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સંચાલકોની આ બિનજવાબદાર નીતિ સામે હવે કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં. તંત્રે તમામ ૧૫૦૦ હોટેલ-રેસ્ટોરન્ટ માલિકોને હવે સાત દિવસનું આખરી અલ્ટીમેટમ ફાળવ્યું છે. આ સાત દિવસની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ જે એકમોના કિચનનું લાઈવ પ્રસારણ ડાઈનિંગ એરિયામાં શરૂ નહીં થયું હોય, તેમને પ્રથમ તબક્કે કારણ દર્શક નોટિસ ફટકારવામાં આવશે. નોટિસ મળ્યા બાદ પણ જો નિર્ધારિત સમયમાં કાયદાનું પાલન કરવામાં નહીં આવે તો તેવા તમામ બેદરકાર એકમોના ફૂડ લાઈસન્સ અને ગુમાસ્તા ધારા હેઠળના લાઈસન્સ તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવશે.

સ્થાનિક તંત્ર દ્વારા માત્ર સીસીટીવી લાઈવ પ્રસારણ જ નહીં પરંતુ હોટેલ અને રેસ્ટોરન્ટના સમગ્ર પરિસરની સ્વચ્છતા પર પણ કડક નજર રાખવામાં આવી રહી છે. આરોગ્ય અધિકારીઓની ટીમ દ્વારા રસોડાની ભૌતિક સ્થિતિ, રસોઈ બનાવવા માટે વપરાતા પાણીની શુદ્ધતા, ખાદ્ય સામગ્રીની ગુણવત્તા તેમજ રસોઈ બનાવતા કર્મચારીઓની વ્યક્તિગત સ્વચ્છતા અને તેમના મેડિકલ ફિટનેસનું પણ બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તપાસ દરમિયાન જ્યાં પણ ક્ષતિ જણાઈ રહી છે ત્યાં સ્થળ પર જ દંડ વસૂલવામાં આવી રહ્યો છે અને વાસી તેમજ અખાદ્ય જથ્થાનો બુલડોઝર ફેરવીને નાશ કરવામાં આવી રહ્યો છે.

## દિવાળી નિમિત્તે સુરતથી વતન જતા મુસાફરો માટે 9100 એક્સ્ટ્રા બસો દોડાવાશે




સુરત | દિવાળીના પવિત્ર પર્વ નિમિત્તે સુરત શહેરમાં વસતા અને વતન તરફ પ્રયાણ કરતા સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત તથા મધ્ય ગુજરાતના મુસાફરોની સુવિધા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. GSRTC ના સુરત વિભાગ દ્વારા આ વર્ષે અંદાજે ૯૧૦૦ જેટલી ખાસ એક્સ્ટ્રા બસોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તહેવારો દરમિયાન મુસાફરોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે આગામી ૪ થી ૯ નવેમ્બર દરમિયાન આ એક્સ્ટ્રા બસ સેવાઓ કાર્યરત કરવામાં આવશે. નિગમ દ્વારા મુસાફરોની સરળતા માટે ઓનલાઈન અને બસ સ્ટેશનેથી એડવાન્સ બુકિંગની સાથોસાથ ગ્રુપ બુકિંગની સુવિધા પણ પૂરી પાડવામાં આવી છે. સુરતથી ઉપડતી આ બસો માટે મુખ્ય શહેરોના ભાડા દર પણ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ માટે ૪૩૫, ભાવનગર ૩૮૫, અમરેલી ૪૫૫, જામનગર ૫૦૦, સાવરકુંડલા ૪૮૦, મહુવા ૪૮૦, ગારીયાધાર ૪૪૦, જસદણ ૪૦૫, ઊના ૪૫૦ અને પાલનપુર માટે ૪૧૦ ભાડું નક્કી કરાયું છે. આ ઉપરાંત અમદાવાદ માટે ૩૨૦, દાહોદ ૩૫૦, ઝાલોદ ૩૫૦, કવાંટ ૩૦૦, છોટા ઉદેપુર ૩૧૦, લુણાવાડા ૩૨૪ અને ગોધરા માટે ૩૦૫ ભાડું રાખવામાં આવ્યું છે.

## વડોદરા સોની પાંચ કિલો સોનું ચોરી કરી ફરાર થયો, મુંબઈના વેપારી સાથે વડોદરામાં ઠગાઈ

(એજન્સી) વડોદરા । તા. 12

ગુજરાતના સાંસ્કૃતિક નગર ગણાતા વડોદરા શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારી અને મોટાપાયે સોનાની ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં મુંબઈના એક નામાંકિત વેપારી સાથે લાખો રૂપિયાની કિંમતના અંદાજે પાંચ કિલોગ્રામ સોનાની ઠગાઈ કરવામાં આવી છે. વાઘોડિયારોડ વિસ્તારમાં નવો જ્વેલરી શોરૂમ શરૂ કરવાનું કહીને વિશ્વાસમાં લીધા બાદ, વડોદરાના એક સોનીએ પોતાના સાગરીત સાથે મળીને મુંબઈના વેપારીનું પાંચ કિલો સોનું ભરેલું થેલો લઈને પલાયન થઈ જવાની ઘટનાથી સમગ્ર વેપારી આખા જગતમાં હડકંપ મચી ગયો છે. પીડિત વેપારીની ફરિયાદના આધારે સ્થાનિક બાપોદ પોલીસ સ્ટેશન દ્વારા ગુનો નોંધીને ફરાર આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતવાર માહિતી મુજબ, વડોદરા શહેરના વાઘોડિયારોડ પર આવેલા ઝવેરનગર પાસેના સાંઈ ગણેશ કોમ્પલેક્સમાં અંબિકા જ્વેલર્સ નામની દુકાન ભાડે રાખીને ભાવિક સોની નામના શખ્સે પોતાના ધંધાની શરૂઆત કરી હતી. થોડા દિવસો પહેલા આ સોનીએ મુંબઈના વેપારી હિમાંશુ જૈનનો સંપર્ક સાધ્યો હતો અને તેમની સમક્ષ પ્રસ્તાવ મૂક્યો હતો કે અમારે આગામી દિવસોમાં ખૂબ જ મોટા પાયે જ્વેલરીનો ધંધો શરૂ કરવો છે, જેથી તમારે ત્યાંથી સોનાના દાગીના અને કાચું સોનું મેળવવું છે. આ વિશ્વાસને આધારે મુંબઈના વેપારી હિમાંશુ જૈને અગાઉ અઢી કિલો સોનું દાગીના બનાવવાની શરતે ભાવિક સોનીને આપ્યું હતું. તે દાગીના તૈયાર થઈ ગયા બાદ આજે વેપારી બાકીનું વધુ અઢી કિલો સોનું લઈને જાતે વડોદરા આવ્યા હતા.

આજે જ્યારે મુંબઈના વેપારી હિમાંશુ જૈન દુકાને પહોંચ્યા ત્યારે તેમણે અગાઉ બનાવેલા અઢી કિલો સોનાના દાગીના પોતાની બેગમાં મૂક્યા હતા, જેમાં આજનું લાવેલું નવું અઢી કિલો સોનું પણ ઉમેરવામાં આવ્યું હતું. આમ, કુલ પાંચ કિલો સોનું તે બેગની અંદર સુરક્ષિત રીતે મૂકવામાં આવ્યું હતું.

## વડોદરા ફાયર વિભાગ ભરતી વિવાદ સ્ટે મેળવવા કવાયત, પચાસ ટકા આંતરિક સીધી ભરતી રેશિયો

(એજન્સી) વડોદરા । તા. 12

સંસ્કારી નગરી વડોદરા શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ ગણાતા ફાયર વિભાગમાં લાંબા સમયથી ચાલી રહેલી ફાયરમેન અને સબ ફાયર ઓફિસરની ભરતી પ્રક્રિયા હાલમાં ભારે વિવાદોના વંટોળમાં સપડાઈ ગઈ છે. આગામી અઠ્ઠાવીસ ઓક્ટોબરના રોજ આ ભરતી માટેની લેખિત તથા શારીરિક કસોટીની પરીક્ષા યોજાવાની તારીખ નક્કી કરવામાં આવી છે, પરંતુ પરીક્ષાના દિવસો બાકી છે ત્યારે જ વિભાગના કર્મચારીઓમાં ભારે રોષ ફેલાયો છે. નિયમ મુજબ પચાસ ટકા આંતરિક અને પચાસ ટકા સીધી ભરતીનો ચોક્કસ રેશિયો જાળવવામાં આવ્યો ન હોવાના ગંભીર આક્ષેપો સાથે કર્મચારીઓ દ્વારા આ આગામી પરીક્ષા સામે કાનૂની સ્ટે મેળવવા માટેની જોરશોરથી આખરી કવાયત હાથ ધરવામાં આવી છે, જેના કારણે સ્થાનિક રાજકારણ અને પ્રશાસનિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરી સલામતી અને સુરક્ષા માટે અતિ આવશ્યક ગણાતા ફાયર વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપવામાં આવી હતી. પરંતુ આ પ્રક્રિયા શરૂ થતાંની સાથે જ તેમાં પારદર્શિતાના અભાવ અને સ્થાપિત નિયમોની અવગણના થતી હોવાની બૂમો ઉઠવા પામી હતી. ખાસ કરીને સેવામાં પહેલેથી જ ફરજ બજાતા કર્મચારીઓનું કહેવું છે કે ભરતીની નીતિમાં પચાસ ટકા જગ્યાઓ આંતરિક કર્મચારીઓ માટે અને પચાસ ટકા જગ્યાઓ સીધી ભરતી દ્વારા ભરવાનો જે મૌખિક અને લેખિત રેશિયો નક્કી કરાયો હતો, તેનું પાલન કરવામાં આવ્યું નથી. આના કારણે વર્ષોથી સેવા આપતા વફાદાર કર્મચારીઓના હકો પર તરાપ પડી રહી છે અને તેમને યોગ્ય બઢતી કે તકથી વંચિત રાખવામાં આવી રહ્યા હોવાની લાગણી ફેલાઈ છે. માત્ર રેશિયોનો જ વિવાદ નથી, પરંતુ આંતરિક સૂત્રો દ્વારા એવું પણ બહાર આવ્યું છે કે અગાઉ સીધી ભરતી દ્વારા નિયુક્ત થયેલા કેટલાક સબ ફાયર ઓફિસરોની શંકાસ્પદ કામગીરી અને વિવાદોના કારણે પણ વિભાગના અન્ય કર્મચારીઓમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે.

## વડોદરા દબાણ હટાવ કામગીરી વ્હાલા દવલાની નીતિ અમલ, ભાજપ કાઉન્સિલર રજૂઆત પથારાવાળા

(એજન્સી) વડોદરા । તા. 12

સંસ્કારી નગરી વડોદરા શહેરમાં તંત્ર દ્વારા કરવામાં આવતી દબાણ હટાવવાની કામગીરી સામે અવારનવાર પક્ષપાત અને મનમાનીના ગંભીર આક્ષેપો થતા રહ્યા છે. તાજેતરમાં જ શહેરમાં લાલબાગ બ્રિજ નીચેથી અવધૂત ફાટક સુધીના વિસ્તારમાં કપડાં અને ચણિયાચોળીના વેચાણ માટે ઊભા કરવામાં આવેલા કુલ પિસ્તાળીસ જેટલા ગેરકાયદેસર ઝૂંપડાં અને દબાણો ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખા દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આ લાલ આંખ ત્યારે કરવામાં આવી જ્યારે વહીવટી તંત્ર સામે વ્હાલા-દવલાની નીતિ અપનાવવામાં આવતી હોવાના સવાલો ઉઠ્યા હતા અને શાસક પક્ષના જ સ્થાનિક કાઉન્સિલર દ્વારા આ મામલે કડક રજૂઆત કરવામાં આવી હતી.

હોવાના પુરાવા છે. આવી જોખમી અને ગમે ત્યારે મોટી હોનારત સર્જી શકે તેવી જર્જરિત દિવાલની નીચે જ વેપાર અર્થે બેસતા પથારાવાળાઓની સુરક્ષાનો મુદ્દો અત્યંત સંવેદનશીલ બન્યો હતો. તંત્ર દ્વારા માત્ર ઝૂંપડાં તોડી દેવામાં આવ્યા છે પરંતુ જો આ જોખમી દિવાલ સામે સમયસર પગલાં નહીં ભરાય તો કોઈપણ મોટો અકસ્માત સર્જાઈ શકે છે.

વડોદરા મહાનગરપાલિકાના દબાણ શાખાના વિભાગ દ્વારા સમયાંતરે દબાણો હટાવવાની ઝુંબેશ ચલાવવામાં આવે છે, પરંતુ સામાન્ય રીતે ગરીબ અને નાના ફેરીઓ કે ઝૂંપડાંવાળાને તાત્કાલિક નિશાન બનાવવામાં આવે છે જ્યારે મોટા પ્રભાવશાળી દબાણકારો સામે કાગળ પર જ કાર્યવાહી સીમિત રહેતી હોવાની લોકચર્ચા હંમેશા રહે છે. આજના આ ઓપરેશનમાં પણ માત્ર ઝૂંપડાંવાળાને હાંકી કાઢવામાં આવ્યા પરંતુ અન્ય વ્યવસાયિકોને છાવરવામાં આવી રહ્યા હોવાની લોકમુખે ચર્ચાઓ ચાલી રહી છે. નાગરિકો અને સામાજિક આગેવાનો દ્વારા સ્પષ્ટ માગ કરવામાં આવી રહી છે કે પાલિકા તંત્રએ કોઈપણ જાતના ભેદભાવ કે ભલામણ વગર સમગ્ર શહેરમાં એક સમાન નીતિ અપનાવીને ગેરકાયદેસર દબાણો કાયમી ધોરણે દૂર કરવા જોઈએ, જેથી શહેરીજનોને ટ્રાફિક મુક્ત અને સુરક્ષિત રસ્તાઓ મળી શકે.

## વડોદરાના વાસણા રોડ પર દુકાનમાંથી મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો



વડોદરા | વડોદરા શહેરના વાસણા રોડ પર આવેલી એક વેપારી દુકાનમાંથી મોબાઈલ ફોનની ચોરી થવાના ચર્ચસ્પદ ગુનાનો ભેદ ઉકેલવામાં કપુરાઈ પોલીસને સફળતા સાંપડી છે. ગુનાહિત ઈતિહાસ ધરાવતા રીઢા આરોપી ઈમરાન ઉર્ફે વેપારી ઉસ્માનભાઈ શેખને પોલીસે ચોરીના મોબાઈલ સાથે ડભોઈ રોડ પરથી ઝડપી પાડીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વાસણા રોડ સ્થિત શ્યામ પીવીસી નામની દુકાનમાંથી ત્રણ દિવસ પહેલાં એક કિંમતી મોબાઈલની ચોરી થઈ હતી. આ ઘટના અંગે તપાસ ચલાવી રહેલી કપુરાઈ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી ચોરાયેલો મોબાઈલ વેચવાની પેરવીમાં ડભોઈ રોડ પર આવેલા વુડાના મકાનના ગેટ પાસે ઊભો છે. બાતમી મળતાં જ પોલીસે ત્વરિત દરોડો પાડીને આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી પાસેથી રૂ.૧૦,૦૦૦ ની કિંમતનો ચોરાયેલો મોબાઈલ કબજે કર્યો છે. પોલીસની સઘન પૂછપરછ દરમિયાન આરોપી ઈમરાને ત્રણ દિવસ અગાઉ શ્યામ પીવીસી દુકાનમાંથી જ મોબાઈલ ચોર્યો હોવાની વિગતો કબૂલી હતી.

## રતનપુર(ક) માં ધર્માદાની જમીનમાં ગેરકાયદે રેતી ખનનનો વિવાદ ઉગ્ર, સરપંચ સહિત ગ્રામજનોનું મામલતદારને આવેદન



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા : રતનપુર(ક) ગામના સરપંચ મોતીભાઈ ભગાભાઈ રોહિત અને ગ્રામજનો દ્વારા સંખેડા મામલતદારશ્રીને લેખિત આવેદન પત્ર આપી ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.આવેદનમાં જણાવ્યા મુજબ, મોજે રતનપુર(ક) ના સ.નં 36 પૈકી 1 વાળી જમીન જેનું ક્ષેત્રફળ 09-34-13 પૈકી 3-08-35 છે, તે જમીન મોતીભાઈ નાનાભાઈના વારસો - બારીયા ભાઈલાલભાઈ, રમેશભાઈ, કપીલાબેન, પ્રશાંતભાઈ, વિપુલભાઈ, બકુલભાઈ દ્વારા તા.18/07/2025 ના રોજ બોડેલીના પટેલ વિજયભાઈ ભીખાભાઈને માત્ર ધર્માદા હેતુ માટે બક્ષિસ તરીકે આપવામાં આવી હતી. જે બક્ષિસ લેખ સંખેડા સબ-રજીસ્ટ્રાર કચેરીમાં અનુ. નં.472 થી નોંધાયેલ છે અને પેજ નં.2 પર સ્પષ્ટ લખેલું છે કે આ મિલકતનો ઉપયોગ અન્ય કોઈ હેતુ માટે કરી શકાય નહીં. આમ છતાં તા.16/01/2026 ના રોજ કલેક્ટર કચેરી દ્વારા 4813 ચો.મી જમીનને બહુહેતુક ઉપયોગ માટે એન.એ. કરવાનો હુકમ કરી દેવામાં આવ્યો છે. આ હુકમના આધારે વિજયભાઈ પટેલ દ્વારા સાદી રેતીની લીઝ અને સ્ટોક માટે પરવાનગી માંગવામાં આવી છે. સરપંચના જણાવ્યા મુજબ પરવાનગી મળ્યા પહેલા જ સ.નં 36 પૈકી 1 માં ગેરકાયદે રેતીના મોટા ઢગલા કરી દેવાયા છે અને તા.05/10/2026 થી 'મારુતિ ટ્રેક્ટર્સ' ના નામે અધૂરો સર્વે નંબર બતાવી રેતીનું વેચાણ શરૂ કરી લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે.આ અંગે સરપંચે તા.27/08/26, તા.11/09/26 અને તા.24/09/26 ના રોજ કલેક્ટરશ્રી, ખાણ ખનિજ વિભાગ અને મુખ્યમંત્રીશ્રીને પુરાવા સાથે લેખિત ફરિયાદો કરી છે, પરંતુ આજદિન સુધી ખોટો એન.એ. હુકમ રદ કરાયો નથી કે સ્ટોક અને QL કોડ રદ કરાયો નથી.વધુમાં, સ.નં 36 પૈકી 1 ના માલિક બારીયા પ્રશાંતભાઈ ચંદુભાઈના નામે ચાલતી જમીનના જુના 7/12 અને 12 ના ઉતારામાં 'શ્રી સરકાર' લખેલું હોવાનું અને તેઓ માલિક કેવી રીતે બન્યા તે શંકાસ્પદ હોવાનું પણ આવેદનમાં જણાવાયું છે. જે અંગે સુઓમોટો અરજી પણ કરાઈ છે.ઉલટું, બારીયા પ્રશાંતભાઈ દ્વારા સરપંચને હેરાન કરવા ખોટી અરજીઓ કરવામાં આવી રહી છે અને ખાણ ખનિજના અધિકારીઓ તાત્કાલિક તપાસમાં આવી જતા હોવાથી ગેરકાયદે રેતી ખનનમાં તંત્રની મિલીભગતની ચર્ચા ગામમાં થઈ રહી છે.તેથી, સ.નં 36 ની આસપાસના ખેડૂતોના ખેતરો અને ગામનો રસ્તો બચાવવા, સ્થળ તપાસ કરી, દસ્તાવેજો ચકાસી, ખોટો એન.એ. કરાવનાર વિજયભાઈ પટેલ અને જવાબદાર અધિકારીઓ સામે ગુનો દાખલ કરવાની માંગ સાથે ગ્રામજનોએ આવેદન આપ્યું છે.

### બહાદરપુર APMC ખાતે વિશ્વ હિન્દુ પરિષદ સંખેડા પ્રખંડની બેઠક યોજાઈ



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

બેઠકમાં દક્ષિણ ગુજરાત પ્રાંતમાંથી મંદિર અને અર્ચક પુરોહિત તથા છોટાઉદેપુર જિલ્લાના પાલક નિલેશજી પરમાર, સંગઠન મંત્રી રામભાઈ ભરવાડ, જિલ્લા ઉપાધ્યક્ષ રોહિણીબેન પટેલ, જિલ્લા મંત્રી ચેતનભાઈ માળી, જિલ્લા સહમંત્રી મુકેશભાઈ હઠીલા અને જિલ્લા નૈતિક મૂલ્ય શિક્ષા પ્રમુખ કૃષ્ણકાંતજી કેલૈયા હાજર રહ્યા હતા.બેઠકમાં હિન્દુ સમાજને મદદ કરવા, સંગઠનનું કાર્ય નિષ્ઠાપૂર્વક કરવા અને આગામી વર્ષનું આયોજન કરવા અંગે ચર્ચા થઈ. નવનિયુક્ત ટીમને ગૌ સેવા જેવા મુદ્દાઓ વિશે પણ સમજાવવામાં આવ્યું. આગામી નવરાત્રિ પર્વને ધ્યાનમાં રાખીને બહેનો-દીકરીઓની સુરક્ષા બાબતે ખાસ માર્ગદર્શન અપાયું.અંતે ભારત માતા કી જય ના જયઘોષ સાથે બેઠકનો આભાર વ્યક્ત કરાયો.

### પાણીગેટ પોલીસ પાંચ જુગારી ઝડપાયા, વડોદરા મહાદેવ તળાવ જુગારધામ ઝડપાયું

# વડોદરા પાણીગેટ વુડા મકાન જુગાર દરોડો પાડ્યો

(એજન્સી) વડોદરા । તા. 12

સંસ્કારી નગરી વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ગીચ અને સંવેદનશીલ પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સ્થાનિક પોલીસ તંત્રે એક અત્યંત મહત્વપૂર્ણ અને સફળ સપાટો બોલાવ્યો છે. મહાદેવ તળાવ નજીક આવેલા વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી એટલે કે વુડાના સરકારી આવાસ યોજનાના એક બંધ મકાનમાં ધમધમી રહેલા મોટા જુગારધામ પર પાણીગેટ પોલીસની ટીમે અચાનક ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને કુલ પાંચ જુગારીઓને હાર-જીતનો જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી હજારો રૂપિયાની રોકડ રકમ, મોબાઈલ ફોન અને જુગારનું સાહિત્ય કબજે કરીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતવાર માહિતી અનુસાર, પાણીગેટ પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ અને એ નાઈટ પેટ્રોલીંગની ટીમ પોતાના વિસ્તારમાં શાંતિ અને સુરક્ષા જાળવવા માટે સઘન પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન પોલીસના ચોક્કસ ખાનગી બાતમીદારો દ્વારા અત્યંત ગુપ્ત અને ચોક્કસ માહિતી મળી હતી કે, મહાદેવ તળાવ પાસે આવેલી વુડાની સરકારી આવાસ યોજનાના બ્લોક નંબર ૧૮ માં આવેલ મકાન નંબર ૧૫ નો રહવાસી અરવિંદ મલેસિંગ વસાવા પોતાના કબજાના મકાનમાં બહારથી જુગારી તત્વોને ભેગા કરીને પોતાના અંગત આર્થિક લાભ માટે ગેરકાયદેસર રીતે હાર-જીતનો પાના-પત્તાનો જુગાર રમાડી રહ્યો છે.

આ સચોટ બાતમી મળતાની સાથે જ પાણીગેટ પોલીસ મથકના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ત્વરિત વ્યૂહરચના બનાવી હતી. કોઈને શંકા ન જાય તે રીતે વુડાના મકાન નંબર ૧૫ ની ચારેય બાજુ કડક નાકાબંધી કરી દેવામાં આવી હતી. ત્યારબાદ પોલીસ ટીમે



અચાનક જ મકાનમાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન મકાનની અંદર ગોળ કુંડાળું વળીને બેઠેલા અને રૂપિયાની હાર-જીતની બાજી લગાવી રહેલા જુગારીઓમાં અફડાતફડી મચી ગઈ હતી. જોકે, પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને તમામ પાંચેય શકમંદોને કોર્ડન કરીને સ્થળ પર જ ઝડપી લીધા હતા.

પોલીસ ટીમે સ્થળ પરથી દબોચી લીધેલા આરોપીઓની ઊંડાણપૂર્વક પૂછપરછ હાથ ધરી હતી. આ પૂછપરછમાં ઝડપાયેલા શખ્સોમાં મુખ્ય સૂત્રધાર અને મકાન માલિક અરવિંદ મલેસિંગ વસાવા ઉપરાંત દીપક રાજ, દશરથ દેવીપૂજક, યોગેશ વસાવા અને કિશોર કહારનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ સ્થાનિક વિસ્તારના જ રહેવાસી હોવાનું બહાર આવ્યું છે અને તેઓ છેલ્લા કેટલાક સમયથી અંદરોઅંદર મળીને આ મકાનમાં જુગારની મહેફિલ જમાવતા હતા.

સરકારી વસાહતોમાં આ પ્રકારે ગેરકાયદેસર રીતે જુગારધામ ચલાવીને વિસ્તારની શાંતિ અને કાયદા-વ્યવસ્થાને ડહોળવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. જોકે, પોલીસની આ સતર્કતાના કારણે આખા નેટવર્કનો પર્દાફાશ થઈ ગયો છે. સ્થાનિક રહીશો દ્વારા પણ પોલીસની આ કામગીરીની પ્રશંસા કરવામાં આવી રહી છે, કારણ કે સરકારી આવાસોમાં આવા તત્વોના કારણે આસપાસમાં રહેતા સામાન્ય પરિવારના લોકોને ભારે અસ્વસ્થતા અને અસુરક્ષાનો અનુભવ થતો હતો.

### ગુજરાત રજિસ્ટ્રેશન કર્મચારી હડતાળ ચીમકી

## વડોદરા દસ્તાવેજ રજિસ્ટ્રેશન કર્મચારી આંદોલન છેડાયું

(એજન્સી) વડોદરા । તા. 12

ગુજરાતમાં વકીલો અને મહેસૂલ વિભાગના કર્મચારીઓના વિરોધ પ્રદર્શન બાદ હવે રાજ્યના અત્યંત મહત્વપૂર્ણ એવા નોંધણી વિભાગના કર્મચારીઓએ પણ પોતાની લાંબા સમયથી પડતર માંગણીઓને લઈને સરકાર સામે ખુલ્લો મોરચો માંડી દીધો છે. વડોદરા શહેર અને જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યભરમાં દસ્તાવેજ રજિસ્ટ્રેશનની કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓએ કુલ ૧૩ જેટલી વાજબી અને પડતર માંગણીઓના કાયમી ઉકેલ માટે આરપારની લડત લડવાનો સત્તાવાર નિર્ધાર કર્યો છે. ગુજરાત રાજ્ય રજિસ્ટ્રેશન કર્મચારી મહામંડળના નેજા હેઠળ ૧૨ ઓક્ટોબરથી તબક્કાવાર વિરોધ પ્રદર્શનનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. જો આગામી ૨ નવેમ્બર સુધીમાં સરકાર દ્વારા સકારાત્મક વાટાઘાટો કરીને સમસ્યાઓનો ઉકેલ લાવવામાં નહીં આવે તો સમગ્ર રાજ્યમાં અચોક્કસ મુદતની હડતાળ પાડવાની સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે, જેના કારણે કરોડો રૂપિયાની સરકારી મહેસૂલી આવક ઠપ થવાની અને સામાન્ય નાગરિકોના મિલકત નોંધણીના કામો અટવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

નોંધણી વિભાગના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા આક્રોશપૂર્ણ વિરોધ પાછળ દસ્તાવેજ નોંધણી માટે વપરાતા સરકારી 'ગરવી' પોર્ટલની અસંખ્ય ટેકનિકલ ક્ષતિઓ મુખ્ય કારણ છે. મહામંડળના હોદ્દેદારોના જણાવ્યા અનુસાર, 'ગરવી' પોર્ટલ સતત હેંગ થવું, સર્વર ડાઉન રહેવું અને ડેટા એન્ટ્રીમાં સર્જાતી ગંભીર ભૌતિક ખામીઓના કારણે રોજિંદી કામગીરીમાં ભારે વિલંબ થાય છે. તદુપરાંત, મિલકતના માલિકી હક એટલે કે ટાઈટલ અંગે રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા અવ્યવહારુ અને વિવાદાસ્પદ પરિપત્રોના કારણે વહીવટી સ્તરે ભારે કનડગત ઊભી થઈ રહી છે. કર્મચારી મંડળની સ્પષ્ટ માંગણી છે કે મિલકતના ટાઈટલ અંગેના આ જટિલ પરિપત્રો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે અને 'ગરવી' પોર્ટલની તમામ સિસ્ટમ ખામીઓ દૂર કરીને ઓનલાઈન નોંધણી પ્રક્રિયાને અત્યંત સરળ, ઝડપી અને પારદર્શક બનાવવામાં આવે.

### વેદ કોલેજ વિદ્યાર્થીઓ બસ આવેદનપત્ર

## વડોદરા શેરખી સિટી બસ સેવા માંગ ઉગ્ર બની ગઈ

(એજન્સી) વડોદરા । તા. 12

સંસ્કારી નગરી વડોદરા શહેરના ગ્રામ્ય અને શહેરી સીમાડા પર આવેલા કોયલી-ઊંડેરા રોડ સ્થિત વેદ કોલેજના વિદ્યાર્થીઓ માટે જાહેર પરિવહનની સુવિધાના અભાવે દૈનિક અવરજવર કરવી અત્યંત વિકટ અને ખર્ચાળ સાબિત થઈ રહી છે. વડોદરા રેલવે સ્ટેશનથી લઈને શેરખી ગામ સુધી સીટી બસ સેવા શરૂ કરવાની વ્યાજબી માંગ સાથે આ વિદ્યાર્થીઓ લાંબા સમયથી લડત ચલાવી રહ્યા છે. સ્થાનિક ધારાસભ્ય દ્વારા દસ ઓક્ટોબર સુધીમાં આ બસ સેવા શરૂ કરાવવાની સત્તાવાર બાહેધરી આપવામાં આવી હોવા છતાં, નિર્ધારિત મુદત પૂર્ણ થઈ જવા છતાં કોઈ જ સકારાત્મક પગલાં ન ભરાતાં યુવા વિદ્યાર્થીઓનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ધારાસભ્યનું આ વચન માત્ર પોકળ આશ્વાસન કે 'લોલીપોપ' સાબિત થતાં આજે નિરાશ અને રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર, શહેરના મેયર તેમજ સ્થાયી



સમિતિના ચેરમેનને રૂબરૂ મળીને આવેદનપત્ર સોંપ્યું છે અને તાત્કાલિક ધોરણે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની ચીમકી ઉચ્ચારી છે.

કોયલી-ઊંડેરા માર્ગ પર આવેલી પ્રતિષ્ઠિત વેદ બી.એસ.ડબલ્યુ. અને એમ.એસ.ડબલ્યુ. કોલેજમાં વડોદરા શહેરના વિવિધ વિસ્તારો ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી દરરોજ સેંકડો યુવક-યુવતીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે આવે છે. જોકે, વડોદરા રેલવે સ્ટેશનથી શેરખી સુધી પાલિકા દ્વારા સંચાલિત સીટી બસ સેવા ઉપલબ્ધ ન હોવાને કારણે વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારી મુલાકાતે આવેલા સંબંધીઓ તમે કલ્પના કરી છે એના કરતાં સારા નીકળી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**કર્ક : ડ. હ.**

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. ઘરે તમને તમારા સંતાનો એવી પરિસ્થિતિ રજૂ કરશે જેમાં રાઈનો પહાડ કરાયો હોય-કોઈ પણ પગલું લેવા પૂર્વે વાસ્તવિક્તાની ચકાસણી કરો.

**સિંહ : મ. ટ.**

વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે.

**તુલા : ર. ત.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે.

**વૃશ્ચિક : ન. ય.**

આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે નવરાશની લહેજત માણવાના છો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી.

**મકર : ખ. જ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. આજે તમે તમારા ઘરમાં તથા આસપાસ કેટલાક ફેરફાર કરો એવી શક્યતા છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે.

## નવરાત્રી મહોત્સવ

### ગિરનારી ગ્રુપ દ્વારા શક્તિ સ્વરૂપા બાળાઓનું પૂજન કરી નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી



નરેન્દ્ર દવે જૂનાગઢ, તા. 12

જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા નવરાત્રીના પ્રથમ નોરતે ઝાંઝરડા ચોકડી પાસે આવેલા જલારામ ભક્તિધામ મંદિર ખાતે ૧૧૧૧ થી લઈને ૧૭૦૦ જેટલી શક્તિ સ્વરૂપા બાળાઓનું પૂજન કરી નવરાત્રી મહોત્સવ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દાતાઓના સહયોગથી ઉપસ્થિત ધર્મપ્રેમી જનતાની હાજરીમાં જગતજનની માં જગદંબાના સ્વરૂપ સમાન ૧૭૦૦ બાળાઓનું ભાવપૂર્વક પૂજન- અર્ચન કરવામાં આવ્યું હતું. બાળાઓને ભોજનપ્રસાદ કરાવી ભેટસોગાદ અર્પણ કરવામાં આવી હતી. બાળાઓ પ્રત્યે આદર, શ્રદ્ધા અને સન્માનની ભાવના વ્યક્ત કરતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ સહભાગી બની ધન્યતા અનુભવી હતી. આ ધાર્મિક પ્રસંગે ખાખી મઢીના સુખરામદાસ બાપુ, મહાકાળી ધામ, ખડીયાના મહાદેવભારતી બાપુ, મુખ્ય સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી, જલારામ ભક્તિધામના પ્રો.પી.બી. ઉનડકટ, પ્રવીણભાઈ પોપટ, સંજયભાઈ કોરડિયા, જગદીશભાઈ દત્તાણી, દિનેશભાઈ રામાણી, વિપુલભાઈ બુદ્ધદેવ સહિતના અગ્રણીઓ અને ધર્મપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગિરનારી ગ્રુપના સભ્યશ્રીઓ દેવાંગભાઈ પંડ્યા, લલિતભાઈ ગેરિયા, કિરીટભાઈ તન્ના, સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી પોતાની સેવાઓ આપી હતી.

**કપાસના વાવેતર વચ્ચે ગાંજાનો બીજો બનાવ**

# જૂનાગઢમાં પ્રજ્ઞાચક્ષુ દીકરીઓના રાસ-ગરબાથી ગુંજી ઊઠ્યું વાઘેશ્વરી માતાનું મંદિર

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.12:



નવરાત્રી એટલે શક્તિની આરાધના, ભક્તિનો ઉત્સવ અને આનંદનો મહાપર્વ. આ પવિત્ર પર્વના આગમનને વધાવવા જૂનાગઢના વાઘેશ્વરી માતાના મંદિર ખાતે પ્રજ્ઞાચક્ષુ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત અંધ કન્યા છાત્રાલય તથા સત્યમ સેવા યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે 'વેલકમ નવરાત્રી' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રજ્ઞાચક્ષુ દીકરીઓએ પોતાની અદ્ભુત કલાત્મક પ્રતિભા, અખૂટ આત્મવિશ્વાસ અને માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા દ્વારા નવરાત્રીનું ભાવભીનું આગોતરું આહ્વાન કર્યું હતું. વાઘેશ્વરી માતાના સાનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રજ્ઞાચક્ષુ દીકરીઓએ ઉત્સાહભેર રાસ-ગરબાની રમઝટ બોલાવી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. દીકરીઓના તાલબદ્ધ પગલાં, ચહેરા પર છલકાતો આનંદ અને માતાજી પ્રત્યેની ભક્તિએ ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આંખોની દૃષ્ટિ મર્યાદિત હોવા છતાં મનમાં રહેલી શ્રદ્ધા, હૃદયમાં વસેલો ઉત્સાહ અને પ્રતિભાની અજવાળીએ આ દીકરીઓએ સાબિત કર્યું કે સાચી શક્તિ આંખોમાં નહીં, પરંતુ આત્મવિશ્વાસ અને હૃદયની લાગણીઓમાં વસે છે. કાર્યક્રમનું વિશેષ આકર્ષણ મુસ્લિમ દીકરી રાહુમા રૂબીના દ્વારા માતાજીની સન્મુખ રજૂ કરવામાં આવેલી માતાજીની કૃતિ હતી. આ પ્રસ્તુતિએ ધાર્મિક સૌહાર્દ, સર્વધર્મ સમભાવ અને સામાજિક એકતાનો સુંદર સંદેશ આપ્યો હતો. ધર્મ અને સંપ્રદાયની સીમાઓથી પર માનવતા, પ્રેમ અને પરસ્પર આદરની ભાવના જ સમાજને સાચી દિશા આપે છે, તેનો આ પ્રસંગ જીવંત ઉદાહરણ બન્યો હતો. આ ઉપરાંત રેખાબેન બોખાણી, આશાબેન ચાવડા અને વિજયાબેન લોઢિયાના માર્ગદર્શન તથા સહભાગિતામાં રજૂ થયેલા બેઠા ગરબાએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો. આ પ્રસંગે શ્રી મુકેશભાઈ રાજપરા, શ્રી ધવલભાઈ રાજપરા, વિજયાબેન લોઢિયા, પુષ્પાબેન પરમાર, સુશીલાબેન શાહ, ભાનુબેન લોઢિયા, સરોજબેન ઠાકર, દયાબેન માણેક, સંતોષબેન મુદ્રા, શાંતાબેન બેસ, બટુક બાપુ, ઉષાબેન વાજા, સરોજબેન જોશી, ઉપેનભાઈ દવે, ઓન્લી ઈન્ડિયન, નાગભાઈ વાળા, ભીખુભાઈ પૂજારી અને અમુભાઈ આહીયા સહિતના સામાજિક તથા ધાર્મિક ક્ષેત્રના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામે દીકરીઓને પ્રોત્સાહિત કરી તેમના ઉત્સાહ, પ્રતિભા અને આત્મવિશ્વાસને બિરદાવ્યાં હતાં. સેવા, સંવેદના અને સમાનતાના મૂલ્યોને સાકાર કરતો આ કાર્યક્રમ માત્ર નવરાત્રીનું સ્વાગત નહોતો, પરંતુ સમાજને એક હૃદયસ્પર્શી સંદેશ આપતો અવસર પણ હતો કે દરેક દીકરીને તક, પ્રોત્સાહન અને સ્નેહ મળે તો તે પોતાની પ્રતિભાથી અનેક લોકોના જીવનમાં પ્રકાશ પાથરી શકે છે.

## ચાણસ્મામાં નિઃશુલ્ક આંખ તપાસ કેન્દ્રનો પ્રારંભ, જરૂરિયાતમંદોને મોતિયા સહિતની સારવાર પણ વિનામૂલ્યે મળશે

ચાણસ્મા: ચાણસ્મા અને આસપાસના વિસ્તારના લોકોને ઘરઆંગણે આંખોની તપાસ અને સારવારની સુવિધા મળી રહે તેવા ઉમદા હેતુથી સ્વ. કુસુમબેન ધીરજલાલ દેસાઈની જન્મજયંતી નિમિત્તે સ્વ. અમથાભાઈ જોરાભાઈ દેસાઈ પરિવારના સહયોગથી ચાણસ્મામાં કેડી વિઝન સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મામલતદાર કચેરી પાસે શરૂ કરાયેલા આ કેન્દ્રમાં આંખોની તપાસ નિઃશુલ્ક કરવામાં આવશે. જરૂરિયાત મુજબ મોતિયો, જામર (ગ્લુકોમા) અને આંખના પડદાને લગતી સારવાર પણ સંસ્થા દ્વારા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.કેન્દ્રનો પ્રારંભ તરભ વાળીનાથ ધામના મહંત પૂ. જયરામગીરી બાપુના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આશીર્વચન આપતાં પૂ.બાપુએ જણાવ્યું હતું કે, નિરોગી જીવન માટે શરીરના સ્વાસ્થ્યની સાથે આંખોની સંભાળ પણ એટલી જ મહત્વપૂર્ણ છે. કેડી હોસ્પિટલ દ્વારા સ્વ અમથાભાઈ જોરાભાઈ દેસાઈ પરિવારના સહયોગથી નિઃશુલ્ક આંખ તપાસ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે, જે ચાણસ્મા સહિત આસપાસના વિસ્તારના લોકો માટે ઉપયોગી સાબિત થશે. ખાસ કરીને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે આ સુવિધા આશીર્વાદરૂપ બનશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પૂર્વજોના સેવાકાર્ય અને સંસ્કારોનો વારસો નવી પેઢી આગળ ધપાવે છે, તે ગૌરવની વાત છે. ગોગા મહારાજ પરિવારને મળેલો આ સંસ્કારોનો વારસો સમાજસેવાના આવા કાર્યોમાં જોવા મળે છે, જે સૌ માટે સદભાગ્યની બાબત છે.

## ચાણસ્માની કન્યા પ્રા શાળા ખાતે દાતાના સહયોગથી તિથિ ભોજન

| નિતીન ઠાકર | ઠાક્ટ



ચાણસ્મા ખાતે આવેલી કન્યા પ્રા શાળા ખાતે. શાળાના શિક્ષક ચિરાગભાઈ જોષીનાં પ્રયત્નથી રામભરોસે દાતા દ્વારા પ્રા કન્યા શાળાના બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું તેમજ દ્વારકાધીશ પરીવાર દ્વારા ચાણસ્માની પ્રા. કન્યાશાળાની જરૂરીયાતમંદ છાત્રાને રાશન કીટ આપી દાન ધર્મ થકી અન્નદાન કરી દ્વારકાધીન પરીવાર ધન્યતા અનુભવી હતી બંન્ને દાતાઓના. કાર્યને પ્રોત્સાહીત કરવા તા. કેળવણી નિરીક્ષક સરોજબેન.પટેલ બીઆરસી પંકજભાઈ પટેલ સીઆરસી રાકેશભાઈ શાળાના આચાર્ય શાળા પરીવાર શાળાના છાત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વ. કે. એસ. પટેલ હાઈસ્કૂલ, રવાપરના આદર્શ શિક્ષક અને સમાજસેવક હિતેન્દ્રકુમાર દિવાકરનો ૧૫મી ઓક્ટોબરના રોજ યોજાશે ભવ્ય વિદાય સન્માન સમારોહ

| મહેશ એલ. સોની | નખત્રાણા

શિક્ષણ એ જ શક્તિના પવિત્ર મંત્રને પોતાના જીવનમાં ઉતારનાર અને વિદ્યાર્થીઓમાં જ્ઞાનની સાથે સંસ્કારનું સિંચન કરનાર સ્વ. કે. એસ. પટેલ હાઈસ્કૂલ,



રવાપરના નિષ્ઠાવાન શિક્ષકશ્રી હિતેન્દ્રકુમાર ત્રિકમલાલ દિવાકર ના 34 વર્ષના યશસ્વી કાર્યકાળનો વિરામ આવી રહ્યો છે, ત્યારે શાળા પરિવાર દ્વારા તેમનો ભવ્ય વયનિવૃત્તિ સન્માન સમારંભ યોજવામાં આવી રહ્યો છે.તા. ૯/૧૧/૧૯૯૨ ના રોજ શાળામાં સેવા શરૂ કરીને અવિરત જ્ઞાનયજ્ઞ પ્રજ્વલિત રાખનાર શ્રી દિવાકર સાહેબ માત્ર એક શિક્ષક જ નહીં, પરંતુ એક સાચા સમાજસેવક તરીકે પણ નામના મેળવી ચૂક્યા છે.શ્રી દિવાકર સાહેબ છેલ્લા ઘણા વર્ષોથી શ્રી રવાપર સાર્વજનિક ગણેશ યુવક મંડળમાં સક્રિય રીતે કાર્યરત રહી, ગણેશ મહોત્સવને એક ભવ્ય સામાજિક એકતાના પર્વમાં ફેરવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમજ ગામના દરેક સામાજિક, ધાર્મિક અને સેવાકીય કાર્યોમાં હંમેશા અગ્રેસર રહી, નિઃસ્વાર્થ ભાવે સેવા આપી સમાજમાં અને ગ્રામજનોમાં અનેરી લોકચાહના અને આદર મેળવ્યો છે.શાળામાં રમત-ગમત ક્ષેત્રે પણ તેમનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાથી માંડીને નેશનલ કક્ષા સુધી ભાગ લઈ શાળાને ગૌરવ અપાવ્યું છે. તેમજ આચાર્ય તરીકે જે પ્રશંસનીય સેવા આપેલ છે,

**વિકાસ કામોમાં ટકાવારી પેટે માગી હતી લાંચ**

## શેરગઢ પંચાયતમાં લાંચના કેસમાં તત્કાલીન તલાટી અને સરપંચ પતિ સામે નોંધાયો ગુનો

| બનાસકાંઠા |



શેરગઢ ગ્રામ પંચાયત વિસ્તારમાં થયેલા વિવિધ વિકાસ લક્ષી કામોના નાણાં ચૂકવવા તેમજ બિલની પ્રક્રિયા આગળ ધપાવવા માટે તત્કાલીન જવાબદાર અધિકારીઓ દ્વારા લાંચની માગણી કરવામાં આવી હતી.બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં આવેલા શેરગઢ ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચાર સામે એન્ટિ કરપ્શન બ્યુરો દ્વારા મોટી અને કડક કાર્યવાહી કરવામાં આવી છે. ગ્રામ પંચાયતના વિકાસ કામોના બિલ મંજૂર કરવા માટે ટકાવારી પેટે લાંચ માગવાના ગંભીર પ્રકરણમાં ACBએ તત્કાલીન તલાટી કમ મંત્રી તેમજ તે સમયના સરપંચના પતિ વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ,શેરગઢ ગ્રામ પંચાયત વિસ્તારમાં થયેલા વિવિધ વિકાસ લક્ષી કામોના નાણાં ચૂકવવા તેમજ બિલની પ્રક્રિયા આગળ ધપાવવા માટે તત્કાલીન જવાબદાર અધિકારીઓ દ્વારા લાંચની માગણી કરવામાં આવી હતી.આ મામલે અરજદાર પાસે વિકાસ કામોની ટકાવારી પેટે ખુલ્લેઆમ નાણાં માગવામાં આવ્યા હોવાનો આરોપ છે.સરકારી ચોપડે કાયદેસરના કામો કરાવવા છતાં લાંચ વિના કામ ન થતું હોવાથી આખરે કંટાળેલા અરજદારે સમગ્ર પ્રકરણ અંગે એન્ટિ કરપ્શન બ્યુરો સમક્ષ રજૂઆત કરી ફરિયાદ નોંધાવી હતી. અરજદારની ફરિયાદ અને રજૂ કરાયેલા પુરાવાઓના આધારે ACBએ તપાસ હાથ ધરી હતી.આ તપાસમાં સામે આવ્યું હતું કે શેરગઢ ગ્રામ પંચાયતના તત્કાલીન તલાટી કમ મંત્રી દેવજીભાઈ ચૌધરીએ રૂ.9850ની લાંચ માગી હતી. જ્યારે તે વખતના સરપંચના પતિ પ્રકાશજી દલસાજી ઠાકોરે પોતાના હોદ્દા અને વગનો દુરુપયોગ કરીને રૂ. 20000 ની લાંચની માગણી કરી હતી. સરકારી યોજનાઓ અને પ્રજાના વિકાસ કામોમાં ગેરકાયદેસર રીતે રકમ માગવાના આ કિસ્સામાં ACBએ તત્કાલીન તલાટી કમ મંત્રી દેવજીભાઈ ચૌધરી અને સરપંચ પતિ પ્રકાશજી દલસાજી ઠાકોર વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

**બોનમેરો ટ્રાન્સપ્લાન્ટથી થશે સંપૂર્ણ સામાન્ય જીવન**

# થેલેસેમિયા-મેજર મુક્ત ભવિષ્ય તરફ જૂનાગઢ સિવિલ હોસ્પિટલનું મક્કમ કદમ

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.12.



થેલેસેમીયા એ લોહી નો વારસાગત રોગ છે, થેલેસેમીયા બે પ્રકારના હોય છે જેમા થેલેસેમીયા-માયનોર અને થેલેસેમીયા-મેજર, થેલેસેમીયા-માયનોર વાહક સંપૂર્ણ તંદુરસ્ત હોય છે અને થેલેસેમીયા મેજર વાહક ને દર પંદર થી વીસ દિવસે અન્યનું લોહી ચડાવવું પડે છે, આથી જૂનાગઢમાં થેલેસેમિયા- મેજર પીડિત બાળકોને રોગમાથી મુક્તિ અપાવવા માટે GMERS જનરલ હોસ્પિટલ, જૂનાગઢ અને સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે 'બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ અવેરનેસ કેમ્પ' યોજાયો હતો. આ કેમ્પમાં ગત જુલાઈ માસમાં કરવામાં આવેલા HLA ટેસ્ટના રિપોર્ટનું પરિવારોને વિતરણ કરવામાં આવ્યું હતું. સરકારશ્રી દ્વારા થેલેસેમીયા- મેજરગ્રસ્ત બાળકો માટે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન સંપૂર્ણ રીતે નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. કેમ્પની મુખ્ય વિગતો અને મહત્વના મુદ્દાઓ:

નિષ્ણાતોનું માર્ગદર્શન: અમદાવાદના જાણીતા પીડિયાટ્રિક હેમેટોલોજિસ્ટ ડો. વૈભવ શાહે પરિવારોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ ની આધુનિક પ્રક્રિયા સમજાવી હતી અને નિયમિત બ્લડ ટ્રાન્સફ્યુઝન તેમજ આયર્ન ચિલેશન થેરાપીનું મહત્વ સમજાવ્યું હતું.

સરકારી સહાયની માહિતી: હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટ અને આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.ભાવિન પઢારિયાએ પરિવારોને સરકારી આર્થિક- તબીબી સહાય યોજનાઓની માહિતી આપી, વધુમાં વધુ રક્તદાન કરવા અને જાગૃતિ લાવવા અપીલ કરી હતી.હૃદયસ્પર્શી પરિણામો: અભિયાન અંતર્ગત કુલ 19 પરિવારોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી 16 પરિવારો કેમ્પમાં હાજર રહ્યા હતા. સૌથી ખુશીની વાત એ છે કે 6 માસૂમ બાળકોના HLA રિપોર્ટ ૧૦૦% મેચ થયા છે, જે તેમના નિરોગી આયુષ્ય માટે આશાનું નવું કિરણ લઈને આવ્યું છે.

## ધરા ધ્રુજતા ફફડાટ, રાપરથી 10 કિમી દૂર નોંધાયું ભૂકંપનું કેન્દ્રબિંદુ

(એજન્સી) કચ્છ | તા.12

ગુજરાતના સરહદી જિલ્લા કચ્છમાં ભૂકંપના આંચકાઓ આવવાનો સિલસિલો યથાવત રહ્યો છે. આજે સાંજના સમયે કચ્છના રાપર વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવાતાં સ્થાનિક લોકોમાં ક્ષણિક ભયનો માહોલ સર્જાયો હતો. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર (ISR) દ્વારા નોંધાયેલી માહિતી મુજબ આ આંચકો હળવી તીવ્રતાનો હતો.સાંજે 6.41 કલાકે અનુભવાયો ભૂકંપપ્રાપ્ત વિગતો અનુસાર, સાંજે 6.41 કલાકે કચ્છ વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર આ આંચકાની તીવ્રતા 3.1 ની માપવામાં આવી છે. આંચકો હળવો હોવા છતાં, ધરા ધ્રૂજતાં જ કેટલાક લોકો ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.રાપરથી 10 KM દૂર નોંધાયું એપિસેન્ટરસિઝમોલોજી વિભાગના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ (એપિસેન્ટર) કચ્છના રાપરથી માત્ર 10 કિલોમીટર દૂર નોંધાયું છે.

## જિલ્લા પંચાયતમાં 'પતિ રાજ'નો ચોંકાવનારો કિસ્સો, મહિલા ઉપપ્રમુખની ખુરશી પર પતિદેવનો કબજો!

પાટણ: પાટણ જિલ્લા પંચાયતમાં મહિલા ઉપપ્રમુખ રૈયાબેન આયરની સરકારી ખુરશી પર તેમના પતિ વજાભાઈ આયર બિરાજમાન થવાનો વીડિયો વાયરલ થયો છે. ઈન્સ્ટાગ્રામ પર પણ પોસ્ટ મૂકાતાં તંત્રના મહિલા સશક્તિકરણના દાવાઓ સામે સવાલો ઉઠ્યા છે.પાટણ જિલ્લા પંચાયતમાં 'પતિ રાજ' અને વહીવટી દખલગીરીનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પાટણ જિલ્લા પંચાયતના મહિલા ઉપપ્રમુખ રૈયાબેન આયરના સ્થાને તેમના પતિ વજાભાઈ આયર ઉપપ્રમુખની સત્તાવાર સરકારી ખુરશી પર બેસીને વહીવટી રોફ જમાવતા નજરે પડ્યા છે. લોકશાહીમાં ચૂંટાયેલા મહિલા પ્રશ્નિધિના બદલે તેમના પતિ દ્વારા સરકારી હોદ્દાનો અયોગ્ય વપરાશ કરાતાં સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. સોશિયલ મીડિયા પર ઉપપ્રમુખ હોવાની પોસ્ટ મૂકી વજાભાઈ આયર દ્વારા જિલ્લા પંચાયત કાર્યાલયમાં મહિલા ઉપપ્રમુખની ખુરશી પર બેઠેલાનો વીડિયો અને ફોટોગ્રાફ્સ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ (Instagram) પર પોસ્ટ કરવામાં આવ્યા હતા. આ પોસ્ટમાં તેઓ પોતે જ ઉપપ્રમુખ હોય તે પ્રકારે રજૂઆત કરવામાં આવી હતી. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ વિપક્ષ અને નાગરિકો દ્વારા શાસક પક્ષની કામગીરી અને મહિલા પ્રતિનિધિઓની સ્વાયત્તતા સામે આકરા પ્રહારો કરવામાં આવી રહ્યા છે.સરકાર દ્વારા પંચાયતી રાજમાં મહિલાઓની ભાગીદારી વધારવા અને મહિલા સશક્તિકરણ માટે વિવિધ યોજનાઓ અને અનામત પ્રથા લાવવામાં આવી છે. પરંતુ પાટણ જિલ્લા પંચાયતમાં બનેલી આ ઘટનાથી 'સરપંચ પતિ' કે 'પ્રમુખ પતિ' જેવી જૂની માનસિકતા ફરી છતી થઈ છે.

**વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને શિલ્ડ થયા વિતરણ**

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ૮માં યુવક મહોત્સવ સમાપન સમારોહ રંગે ચંગે ઉજવાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.12



ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જૂનાગઢ દ્વારા આયોજિત અષ્ટમ યુવક મહોત્સવ-કલાઉત્સવ ૨૦૨૬ વિદ્યાર્થીઓની કલામયી સોરઠી ખમીરી અને સોરઠ પ્રદેશની સાંસ્કૃતિક વિરાસત અદભુત રીતે ખીલવતી ગુંજવતી કીલકીલાટીથી સંપન્ન થયો, સતત બે દિવસ સુધી કલા મહોત્સવમાં યુનિ.નાં કાર્યક્ષેત્રીય દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ જિલ્લાની ૪૯ કોલેજોનાં ૧૦૧૦ જેટલા કલામર્મી વિદ્યાર્થીઓ સંગીત, નાટક, લલીતકલા, નૃત્ય, અને સાહિત્ય વિભાગની કૂલ ૩૧ જેટલી વિવિધ સ્પર્ધાઓમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે કાર્યક્રમનાં અધ્યક્ષ અને યુનિ.નાં કૂલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે કલા મહોત્સવમાં સહભાગી બની પોતાનાં કલા કૌશલ્યને જે નિખાર આપ્યો છે તે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી જણાવ્યુ હતુ કે સોરઠ એટલે સંતો, શૂરવીરો અને સાહિત્યકારોની પવિત્ર ભૂમિ. આ ભૂમિના કણમાં ખુમારી છે અને તેના લોહીમાં ખમીર છે. જ્યારે આ સોરઠી ખમીર યુવા મહોત્સવ જેવા ભવ્ય મંચ પર પ્રગટ થયા ત્યારે સાક્ષાત સૌરાષ્ટ્રની સંસ્કૃતિ જીવંત થઈ ઊઠી હતી. મે નિહાળ્યુ હતુ કે જ્યારે યુવા મહોત્સવના મંચ પર જ્યારે સોરઠ, દેવભુમિ દ્વારકા કે નાઘેર, કાઠીયાવાડ કે પછી આલેચ-બરડાનાં વન સાંનિધ્યે ઉછરેલ યુવાનો પગ મૂકે છે, ત્યારે તેમનો સિંહ જેવો આત્મવિશ્વાસ વાતાવરણમાં એક અનોખી ઊર્જા ભરી દેતો મેં નિહાળ્યો હતો. દોહા, છંદ, લોકગીતો અને ભજનની રમઝટમાં જ્યારે સોરઠી ઢાળ ભળે છે, ત્યારે સાંભળનારા મંત્રમુગ્ધ થઈ જાય છે. મંચ પર ભજવાતા નાટકો કે રજૂ થતા વક્તવ્યોમાં જ્યારે સામાજિક કુરિવાજો પર પ્રહારો થાય છે, ત્યારે તે એક સ્વસ્થ, પ્રગતિશીલ અને સમરસ સમાજની નિવ નાખે છે. ઝવેરચંદ મેઘાણીની 'કસુંબલ આંખડી' અને 'ચારણ કન્યા' જેવી રચનાઓ જ્યારે યુવાનોના કંઠે ગવાયા ત્યારે શ્રોતાઓ તો ઠીક નિર્ણાયકોનાં રૂવાડાં ઊભાં થઈ જાય છે. જાણીતા લોકસાહિત્યકાર જીતુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે યુવા મહોત્સવ એ માત્ર એક સ્પર્ધા નથી, પરંતુ સોરઠના ખમીર, સંસ્કાર અને કળાને વિશ્વ સમક્ષ મૂકવાનું એક સશક્ત માધ્યમ છે. સોરઠના યુવાનો પોતાની કળા અને ખુમારીથી આ મહોત્સવ ને સાચા અર્થમાં 'ધબકતુ રાખી યુવાનોના મનોરંજન કે ઉત્સાહનું પર્વ બન્યો નથી,પરંતુ તે વિદ્યાર્થીઓની કલા, સંસ્કૃતિ, સંસ્કાર અને સમરસ સમાજ નિર્માણના વિચારોને જીવંત રાખતું એક પવિત્ર માધ્યમ બન્યો છે.

## સિહોરમાં સુરકા દરવાજા પાસે બારીમાંથી ગાંજો વેચવાનો કથિત વીડિયો વાયરલ થતાં પોલીસ દોડતી થઈ!

ભાવનગર : ભાવનગરના સિહોરમાં સુરકા દરવાજા પાસે બારીમાંથી ખુલ્લેઆમ ગાંજો વેચાતો હોવાનો કથિત વીડિયો વાયરલ થયો છે. પોલીસના ડર વિના ચાલતા નશાના કારોબાર સામે લોકોમાં રોષ ફેલાતાં પોલીસ એક્શનમાં આવી છે.ભાવનગર જિલ્લાના સિહોર શહેરમાં નશીલા પદાર્થોના વેચાણ અંગેનો એક ચોંકાવનારો કથિત વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે. શહેરના સુરકા દરવાજા જેવા જાહેર વિસ્તારમાં પોલીસના કોઈપણ પ્રકારના ડર કે સંકોચ વિના ખુલ્લેઆમ બારીમાંથી ગાંજાની પડીકીઓનું વેચાણ થઈ રહ્યું હોવાનો દાવો આ વાયરલ વીડિયોમાં કરવામાં આવી રહ્યો છે. વીડિયો સામે આવ્યા બાદ સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે અને પોલીસ તંત્ર પણ તાબડતોબ એક્શન મોડમાં આવી ગયું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી વિગતો અને સ્થાનિક ચર્ચાઓ અનુસાર સિહોરના સુરકા દરવાજા વિસ્તારમાં એક મકાન કે ઓરડીની બારીમાંથી અંદર બેઠેલો શખ્સ બહાર ઊભેલા ગ્રાહકોને નશીલા પદાર્થ (ગાંજા) ની પડીકીઓ આપતો હોવાના દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે.કોઈ પણ જાતના ભય વગર બિન્દાસ રીતે થઈ રહેલા આ કથિત વેચાણને જોઈને સ્પષ્ટ થાય છે કે નશાના સોદાગરોને કાયદો કે વ્યવસ્થાનો કોઈ ડર રહ્યો નથી.આ વીડિયો સ્થાનિક ગ્રૂપ્સમાં વાયરલ થતાં જ ચર્ચાનો વિષય બન્યો છે કે આખરે આ વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલો આ કથિત ગોરખધંધો કોના ઈશારે અને કોની રહેમનજર હેઠળ ધમધમી રહ્યો છે?

# અમીર દેશોના સૌથી ગરીબ 10% લોકો ભારતના 10% અમીરો કરતાં વધુ પૈસાદાર: વર્લ્ડ બેન્કનો રિપોર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા.12

વિશ્વ બેંકના 2026ના રિપોર્ટ મુજબ, સમૃદ્ધ દેશોના ગરીબ 10% લોકોની આવક ભારતના ટોચના 10% ધનિકો કરતાં પણ વધુ છે. ભારતમાં સૌથી ધનિક 10% લોકોની દૈનિક આવક માત્ર $10 છે, જ્યારે યુ.એસ., કેનેડા, જર્મની જેવા દેશોમાં સૌથી ગરીબ 10% લોકોની દૈનિક આવક $25 થી $31 સુધી છે. આ આંકડા ભારતની આર્થિક સ્થિતિ સામે મોટો પડકાર ઉભો કરે છે. આપણે હંમેશાં માનીએ છીએ કે ભારતના ટોચના 10 ટકા ધનિક વર્ગ પાસે વૈભવી જીવન અને ઉચ્ચ જીવનધોરણ છે. પરંતુ જ્યારે આ આંકડાઓની સરખામણી વૈશ્વિક સ્તર સાથે કરવામાં આવે ત્યારે એક ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવે છે. વિશ્વબેંકના વર્ષ 2026ના 'પૉવર્ટી એન્ડ ઇનઇક્વાલિટી પ્લેટફોર્મ'ના તાજા ડેટા અનુસાર, વિશ્વના કેટલાક સૌથી સમૃદ્ધ દેશોના સૌથી ગરીબ 10 ટકા લોકોની આવક કે વપરાશ સ્તર ભારતના સૌથી ધનિક 10 ટકા લોકો કરતાં પણ વધુ છે! આ કોઈ માત્ર આંકડાકીય તુલના નથી, પરંતુ ભારતની આવક વ્યવસ્થા, ઉત્પાદકતા અને લાંબા ગાળાના આર્થિક ભવિષ્ય સામે ઊભો થયેલો મોટો




પડકાર છે.વિશ્વબેંકના અહેવાલ મુજબ, ભારતમાં સૌથી ગરીબ 10 ટકા લોકો માટે દૈનિક આવક અથવા વપરાશ મર્યાદા પ્રતિ વ્યક્તિ આશરે 3 ડોલર જેટલી છે. તેની સરખામણીમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં આ આંકડો 25 ડોલર, કેનેડામાં 31 ડોલર, તેમજ જર્મની અને ઑસ્ટ્રેલિયામાં 28 ડોલર છે.

### ભારતમાં જેને ધનિક કહી શકાય તે અમેરિકા-કેનેડામાં 'ગરીબ'

વિતરણના બીજા છેડે એટલે કે ભારતના સૌથી ધનિક 10 ટકા લોકોની દૈનિક આવક કે વપરાશ મર્યાદા માત્ર 10 ડોલર પ્રતિ વ્યક્તિ છે. જ્યારે આ જ શ્રેણીના અમીર લોકો માટે આ આંકડો યુનાઈટેડ સ્ટેટ્સમાં 173 ડોલર પ્રતિ દિવસ, કેનેડા અને ઑસ્ટ્રેલિયામાં 129 ડોલર પ્રતિ દિવસ અને જર્મનીમાં 128 ડોલર પ્રતિ દિવસ સુધી પહોંચે છે.

### ભારતમાં 80 હજારથી વધુ કમાણી કરતી વ્યક્તિ ટોચના 10 ટકામાં સામેલ

નોંધનીય છે કે, ભારતના આર્થિક સર્વેક્ષણ (Economic Survey of India) મુજબ જો કોઈ વ્યક્તિ દર મહિને રૂ.80,000 કમાય છે, તો તે દેશના ટોચના 10 ટકા કમાણી કરનારાઓમાં સ્થાન મેળવી લે છે. છતાં પણ, વિશ્વના અદ્યતન અર્થતંત્રોના સૌથી નીચલા સ્તરે રહેલા લોકો કરતાં ભારતના આ ટોચના પરિવારોનું જીવનધોરણ ઘણું નીચું રહે છે.

## પેટ્રોલમાં પ્રતિ લિટર ₹5 અને ડીઝલમાં ₹3 નો વધારો, નાયરા બાદ વધુ એક ઓઈલ કંપનીનો નિર્ણય




(એજન્સી) નવી દિલ્હી | તા.12

નાયરા બાદ હવે Jio-bp એ પણ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો ઝીંક્યો છે. 11 ઓક્ટોબરથી પેટ્રોલ 5 અને ડીઝલ 3 પ્રતિ લિટર મોંઘું થયું છે. મધ્ય પૂર્વના તણાવ અને ક્રૂડ ઓઈલના વૈશ્વિક ભાવ વધારાને કારણે કંપનીએ આ નિર્ણય લીધો છે. હરિયાણા, પંજાબ, રાજસ્થાન સહિતના રાજ્યોમાં Jio-bp પંપ પર નવા ભાવ લાગુ પડ્યા છે. સરકારી કંપનીઓના ભાવ યથાવત છે. રોજિંદી મુસાફરી કરતા લોકો માટે ખિસ્સા પર વધુ એક બોજ વધ્યો છે. નાયરા બાદ હવે વધુ એક ખાનગી ઈંધણ કંપનીએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો વધારો કર્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સમર્થિત Jio-bp એ પેટ્રોલની કિંમતમાં 5 પ્રતિ લિટર અને ડીઝલની કિંમતમાં 3 પ્રતિ લિટર નો વધારો કર્યો છે. આ નવા દરો રવિવાર, 11 ઓક્ટોબરથી સવારે 6 વાગ્યાથી અમલમાં આવી ગયા છે.પશ્ચિમ એશિયા માં ચાલી રહેલા તણાવ અને હોર્મૂઝની ખાડી થી ઓઈલ સપ્લાય ઠપ થવાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે. ગ્લોબલ માર્કેટમાં કાચા તેલના ભાવ ઊંચા રહેવાને કારણે માર્કેટિંગ માર્જિન પર દબાણ વધ્યું છે, જેના કારણે ખાનગી કંપનીઓને ભાવ વધારવાની ફરજ પડી છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ 3 ઓક્ટોબરે અન્ય ખાનગી ઓઈલ કંપની નાયરા એનર્જી એ પણ પેટ્રોલ-ડીઝલમાં આટલો જ ભાવવધારો કર્યો હતો.

## ઝાયડેક્સ પેઇન્ટ્સે લોન્ચ કરી મિનરલ પેઇન્ટ રેન્જ 'નીવો' અને 'ડ્રિયો', ઇકોનોમી સેગમેન્ટમાં 1% હિસ્સેદારી પર નજર

અમદાવાદ - પ્રીમિયમ અને હાઈ-પરફોર્મન્સ દિવાલોને કિફાયતી બનાવવાના ઉદ્દેશ્યથી ઝાયડેક્સ પેઇન્ટ્સે ભારતના ઈકોનોમી-ટુ-મિડ પેઇન્ટ સેગમેન્ટમાં પોતાની નવી મિનરલ-બેસ્ડ રેન્જ રજૂ કરી છે. વિશેષ 'મિનેરાટેક' (MineraTek) પ્લેટફોર્મ અને હાઇબ્રિડ ઓર્ગેનો-સિલિકેટ બાઈન્ડર્સ પર આધારિત આ પોર્ટફોલિયો હેઠળ કંપનીએ ઈન્ટિરિયર માટે 'નીવો' (NIVO) અને એક્સટીરિયર સપાટીઓ માટે 'ડ્રિયો' (DRIO) તથા 'ડ્રિયો મેક્સ' (DRIO Max) લોન્ચ કર્યા છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રીમિયમ રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સમાં ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજીને મુખ્ય પ્રવાહના ગ્રાહકો સુધી



પહોંચાડવાનો છે. રિસર્ચ, મેન્યુફેક્ચરિંગ અને વ્યાપક ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક દ્વારા કંપની આગામી ત્રણ વર્ષમાં આ સેગમેન્ટમાં 1% માર્કેટ શેર હાંસલ કરવાનું લક્ષ્ય લઈને ચાલી રહી છે, જે માટે શરૂઆતમાં ટિયર-1, ટિયર-2 અને પસંદગીના ગ્રામીણ વિસ્તારોના 60 મુખ્ય બજારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ લોન્ચ વિશે વાત કરતાં ઝાયડેક્સ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર, ડૉ. મૌલિક રાંકાએ જણાવ્યું હતું કે, 'અમે આગામી પાંચથી દસ વર્ષમાં પેઇન્ટ્સ અને સરફેસ સોલ્યુશન્સ ક્ષેત્રે ટેક્નોલોજી લીડર તરીકે ઉભરી આવવાની સ્પષ્ટ લાંબા ગાળાની મહત્વાકાંક્ષા સાથે ઝાયડેક્સનું નિર્માણ કરી રહ્યા છીએ. અમારી રણનીતિ બજારની નકલ કરીને સામાન્ય ઉત્પાદનો બનાવવાની નથી, પરંતુ મટિરિયલ સાયન્સ પર આધારિત એવા વિશિષ્ટ સોલ્યુશન્સ તૈયાર કરવાની છે જે મોટા પાયે પ્રાસંગિક હોય.' જ્યારે, ઝાયડેક્સ પેઇન્ટ્સના સીઓઓ, શ્રી અમરેન્દ્ર મિશ્રાએ બજારની બદલાતી જરૂરિયાતો પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, 'ભારતના પેઇન્ટ ઉદ્યોગમાં સ્પર્ધા તીવ્ર બની રહી છે, પરંતુ હવે તકો પણ માત્ર કિંમત અને રંગ પૂરતી સીમિત ન રહેતા મજબૂત ઉત્પાદન પ્રદર્શન અને લાંબા ગાળાના મૂલ્ય તરફ જઈ રહી છે. અમે અદ્યતન પેઇન્ટ ટેક્નોલોજી અને સામાન્ય લોકો (માસ માર્કેટ) સુધી તેની પહોંચ વચ્ચે સ્પષ્ટ તફાવત જોઈએ છીએ. ઝાયડેક્સ પોતાની મૂળ પ્રદર્શન દરખાસ્ત જાળવી રાખીને વ્યાપક ગ્રાહક આધાર સુધી સિલિકેટ મિનરલ પેઇન્ટ ટેક્નોલોજી લાવીને આ તફાવત દૂર કરી રહ્યું છે.'

## Bonfiglioli Transmissions Limited નો 'ઈનિશિયલ પબ્લિક ઓફર' (IPO) 15 ઓક્ટોબર, 2026 ના રોજ ખુલશે




મુંબઈ | Bonfiglioli Transmissions Limited ('કંપની') એ ભારતની યાંત્રિક અને ઈલેક્ટ્રો-મિકેનિકલ પાવર ટ્રાન્સમિશન તથા ઔદ્યોગિક ડ્રાઈવ સોલ્યુશન્સ પૂરાં પાડતી ટેક્નોલોજી-આધારિત સૌથી મોટી કંપનીઓમાંની એક છે. કંપની વિવિધ અંતિમ-વપરાશકર્તા બજારો માટે અત્યંત મહત્વપૂર્ણ (mission-critical) અને ચોકસાઈપૂર્વક નિર્મિત ગિયર મોટર્સ, ગિયરબોક્સ અને ડ્રાઈવ સિસ્ટમ્સની વિશાળ શ્રેણીનું ઉત્પાદન કરે છે. કંપનીનો વારસો વૈશ્વિક સ્તરે જાણીતી Bonfiglioli બ્રાન્ડ પર આધારિત છે, જેની હાજરી વિશ્વભરમાં લગભગ 70 વર્ષથી અને ભારતમાં 25 વર્ષથી વધુ સમયથી છે. તેના કોર્પોરેટ પ્રમોટર, Bonfiglioli S.p.A.નું મુખ્ય મથક ઈટાલીમાં આવેલું છે અને તે યાંત્રિક તથા ઈલેક્ટ્રો-મિકેનિકલ પાવર ટ્રાન્સમિશન અને ઔદ્યોગિક ડ્રાઈવ સોલ્યુશન્સ ઉદ્યોગમાં ટેક્નોલોજીની દ્રષ્ટિએ અદ્યતન એવી સૌથી મોટી વૈશ્વિક કંપનીઓમાંની એક છે.

## ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસીસ લિમિટેડનો આઈપીઓ, 15 ઓક્ટોબર, 2026ના રોજ ખુલશે




મુંબઈ | ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસિસ લિમિટેડ (the "Company") તેના રૂ. 1ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર ("Equity Shares") નો આઈપીઓ ("Offer") ગુરૂવાર, 15 ઓક્ટોબર, 2026ના રોજ ખોલવાની દરખાસ્ત ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ, આઈપીઓ ખુલવાના કામકાજના એક દિવસ પહેલાં એટલે કે બુધવાર, 14 ઓક્ટોબર, 2026 નક્કી કરવામાં આવી છે. બિડીંગ અને ઓફર સોમવાર, 19 ઓક્ટોબર, 2026ના રોજ બંધ થશે.આઈપીઓ માટે પ્રતિ ઈક્વિટી શેરનો પ્રાઈઝ બેન્ડ રૂ. 143થી રૂ. 151 નક્કી કરવામાં આવ્યો છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. 1 છે. રોકાણકારો ઓછામાં ઓછા 99 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 99 શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. શેરની ફ્લોર પ્રાઈસ તેની ફેસ વેલ્યુ કરતાં 143 ગણી છે, જ્યારે કેપ પ્રાઈસ તેની ફેસ વેલ્યુ કરતાં 151 ગણી છે.

## તહેવારોની માંગને પહોંચી વળવા MSMEsની પૂર્વતૈયારીઓથી લોનની માંગમાં 35%નો ઉછાળો: નામદેવ ફિનવેસ્ટ

અમદાવાદ | તહેવારોની સીઝન દેશના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે વેચાણ વધારવા અને વ્યવસાયને મજબૂત કરવાની એક ઉત્તમ તક લઈને આવે છે, પરંતુ આ વધતી માંગને પહોંચી વળવા માટેની તૈયારીઓ અગાઉથી જ શરૂ કરી દેવી પડે છે. નાના વેપારીઓને માલ-સામાનનો સ્ટોક તૈયાર કરવા, સપ્લાયર્સને એડવાન્સ ચુકવણી કરવા, ઉત્પાદન વધારવા અથવા ટ્રાન્સપોર્ટ અને કર્મચારીઓની ક્ષમતા વધારવા નાણાંની જરૂર પડે છે. આવા વિવિધ કારણોસર, તહેવારો અગાઉના કારોબારના આયોજનમાં વર્કિંગ કેપિટલ હવે અત્યંત મહત્વનો ભાગ બની ગઈ છે, જેથી રોકડની તંગી ઉભી થાય તે પહેલાં જ વેપારીઓ અગાઉથી જ ધિરાણ લઈને યોગ્ય નાણાકીય આયોજન કરી રહ્યા છે.જારમાં લોનની વધતી માંગ દેશના એકંદર ધિરાણ ક્ષેત્રમાં પણ પ્રતિબિંબિત થાય છે. આરબીઆઈના આંકડા અનુસાર, 5 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર, 2025 વચ્ચે બેંકો દ્વારા કરાતાં ધિરાણમાં રૂ. 4.1 લાખ કરોડનો વધારો થયો હતો, જે અગાઉના વર્ષના તહેવારોના સમયગાળા દરમિયાન થયેલા વધારા કરતાં બમણાથી પણ વધુ છે. MSME ક્ષેત્ર માટે સમયસર ધિરાણ મળવું ખૂબ મહત્વનું છે, જેથી તેઓ પોતાની બિઝનેસ સાયકલ અને રોકડ પ્રવાહ મુજબ સીઝનલ માગનું યોગ્ય આયોજન કરી શકે.બજારમાં ખરીદીની માંગ પણ મજબૂત રીતે આગળ વધી રહી હોવાથી, MSME સ્ટોક ભેગો કરવા, સપ્લાયરોને પેમેન્ટ કરવા, ઉત્પાદન ઝડપી બનાવવા અને ટ્રાન્સપોર્ટેશન સુધારીને સીઝનલ ડિમાન્ડ માટે અગાઉથી સજ્જ થઈ રહ્યા છે. નામદેવ ફિનવેસ્ટના અહેવાલ અનુસાર, તહેવારોની સીઝન પહેલાં MSME ધિરાણમાં ₹35% નો ઉછાળો આવ્યો છે, જે દર્શાવે છે કે, વેપારીઓ તહેવારોની સીઝન શરૂ થાય તે પહેલાં પુરતો સ્ટોક કરવા અને પોતાની કામગીરી મજબૂત કરવા માટે આયોજનબદ્ધ રીતે વર્કિંગ કેપિટલ લોન લેવાનું વધુ પસંદ કરી રહ્યા છે.MSMEs માટે, ધિરાણની ઉપલબ્ધતાની સાથે જ તે યોગ્ય સમયે મળી રહે તે પણ એટલું જ મહત્વનું છે. રિટેલરો અને વેપારીઓને માલની માંગ તેના ઉચ્ચ સ્તરે પહોંચે તે અગાઉ સ્ટોક સુરક્ષિત કરવો જરૂરી છે, ઉત્પાદકોને ઉત્પાદન વધારવા માટે મૂડીની જરૂર પડે છે, અને ડિસ્ટ્રિબ્યુટર્સ તથા સર્વિસ ક્ષેત્રના વ્યવસાયોને ક્ષમતા અને લોજિસ્ટિક્સ મજબૂત કરવાની જરૂર પડે છે.

## ટોનબો ઈમેજિંગ ઈન્ડિયા લિમિટેડનો IPO , 15 ઓક્ટોબર, 2026ના રોજ ખુલશે

મુંબઈ | ટોનબો ઈમેજિંગ ઈન્ડિયા લિમિટેડ ગુરુવાર, 15 ઓક્ટોબર, 2026ના રોજ તેના 2ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો પ્રારંભિક જાહેર ભરણું (IPO) લાવવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ બુધવાર, 14 ઓક્ટોબર, 2026 રહેશે, જે બિડ/ઓફર ખુલવાની તારીખના એક કામકાજના દિવસ પહેલાની છે. બિડ/



ઓફર બંધ થવાની તારીખ સોમવાર, 19 ઓક્ટોબર, 2026 રહેશે.આ ઓફર માટે પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર 665 થી 700 નક્કી કરવામાં આવી છે. ઓછામાં ઓછા 21 ઈક્વિટી શેર અને ત્યારબાદ 21 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે.આ ઓફરમાં સંપૂર્ણપણે ઈક્વિટી શેરના 'ઓફર ફોર સેલ' (વેચાણ માટેની ઓફર)નો સમાવેશ થાય છે, જેમાં કુલ 12,174,046 ઈક્વિટી શેર (દરેક 2ની ફેસ વેલ્યુ ધરાવતા) સામેલ છે.ટોનબો ઈમેજિંગ ઈન્ડિયા લિમિટેડ બેંગલુરુ સ્થિત વૈશ્વિક ડિફેન્સ ઈલેક્ટ્રોનિક્સ ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર (OEM) છે, જે સર્વેલન્સ (નિરીક્ષણ), રિકોનિસન્સ (જાસૂસી/માહિતી એકત્રીકરણ), ટાર્ગેટિંગ (લક્ષ્ય નિર્ધારણ) અને કંટ્રોલ (નિયંત્રણ) માટે સેન્સિંગ, પ્રોસેસિંગ, કોમ્યુનિકેશન અને ગાઈડન્સ સિસ્ટમ્સની ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદન કરે છે. તેના ઉત્પાદન પોર્ટફોલિયોમાં થર્મલ ઈમેજિંગ કોર્સ, વેપન સાઈટ્સ, હાથમાં પકડી શકાય તેવા થર્મલ ઈમેજિંગ બાયનોક્યુલર્સ, ટાર્ગેટિંગ સિસ્ટમ્સ, મિસાઈલ સીકર્સ અને ફાયર કંટ્રોલ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે, જે તેના 'ટેક્ટિકલ સિસ્ટમ્સ' અને 'પ્લેટફોર્મ સિસ્ટમ્સ' વિભાગો દ્વારા પૂરા પાડવામાં આવે છે.

## AI પર આંખ બંધ કરીને ભરોસો કરવો જોખમી! સત્ય નડેલાએ માનવ નિયંત્રણને ગણાવ્યું જરૂરી

(એજન્સી) નવી દિલ્હી | તા.12

આજના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ફોટા બનાવવા, પ્રશ્નોના જવાબ મેળવવા, માહિતી શોધવા અને ઓફિસનાં કામ પૂરાં કરવા સહિત અનેક ક્ષેત્રોમાં AI મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. પરંતુ જો ભવિષ્યમાં AI સિસ્ટમ પોતાની રીતે અનેક નિર્ણયો લેવા લાગે અને તેના પર માનવ નિયંત્રણ જાળવવું મુશ્કેલ બને તો શું થશે? આ જોખમને ધ્યાનમાં રાખીને માઈક્રોસોફ્ટના CEO સત્ય નડેલાએ AIની સુરક્ષા અને તેના પર માનવ નિયંત્રણ જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમનું કહેવું છે કે અદ્યતન AI મોડલમાં એવી વ્યવસ્થા હોવી જોઈએ, જેના દ્વારા જરૂર પડ્યે માણસ તેને તાત્કાલિક રોકી શકે. સરળ શબ્દોમાં કહીએ તો, AI માટે પણ ઈમરજન્સી બ્રેક હોવો જરૂરી છે.

### AI પર આંખ બંધ કરીને ભરોસો કરવો જોખમી

સત્ય નડેલાના મતે, AI બનાવતી કંપનીઓ સુરક્ષાની ખાતરી આપે છે એટલા માટે જ તેમની સિસ્ટમ પર આંખ બંધ કરીને ભરોસો કરવો યોગ્ય નથી. AI સિસ્ટમથી ભૂલ થઈ શકે છે અથવા હેકિંગ જેવી સુરક્ષાની સમસ્યાઓ ઊભી થઈ શકે છે. તેથી સંભવિત જોખમો સામે અગાઉથી તૈયારી રાખવી જરૂરી છે.AI સિસ્ટમને એવી રીતે વિકસાવવી જોઈએ કે તેના કામ પર માણસ નજર રાખી શકે અને જરૂર પડ્યે તેની કામગીરીને વચ્ચે જ અટકાવી શકે. AI ભલે ગમે તેટલું અદ્યતન અને બુદ્ધિશાળી બને, પરંતુ તેના પર અંતિમ નિયંત્રણ માણસના હાથમાં રહેવું જોઈએ. આ અભિગમ AIના વધતા ઉપયોગ સાથે સંકળાયેલા જોખમોને ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.

### AIની દરેક કામગીરીનો રેકોર્ડ રાખવો જરૂરી

AIની કામગીરીને સુરક્ષિત બનાવવા માટે માત્ર તેને બંધ કરવાની સુવિધા પૂરતી નથી. AIએ કયું કામ કર્યું, કયો નિર્ણય લીધો અને તે નિર્ણય પાછળ કઈ પ્રક્રિયા હતી તેનો રેકોર્ડ રાખવો પણ જરૂરી છે.



જો AI સિસ્ટમ કોઈ ભૂલ કરે અથવા અણધાર્યું પરિણામ આપે, તો આ રેકોર્ડની મદદથી ખામી ક્યાં થઈ હતી તે શોધી શકાય છે. આવી વ્યવસ્થા AI સિસ્ટમની જવાબદારી નક્કી કરવામાં અને ભવિષ્યમાં આવી ભૂલોનું પુનરાવર્તન અટકાવવામાં મદદરૂપ થઈ શકે છે.આ ઉપરાંત, મહત્ત્વપૂર્ણ નિર્ણયો માટે માત્ર એક જ AI મોડલ પર આધાર રાખવાને બદલે અલગ-અલગ મોડલનો ઉપયોગ કરવા અને AI સિસ્ટમની સ્વતંત્ર તપાસ કરાવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. તેનાથી સિસ્ટમની વિશ્વસનીયતા ચકાસવામાં મદદ મળી શકે છે.

### AIની ભૂલો છુપાવવાને બદલે જાહેર કરવી જોઈએ

AIની સુરક્ષા અંગેની ચર્ચામાં ભૂલો અને ખામીઓની માહિતી જાહેર કરવાની બાબત પણ મહત્ત્વપૂર્ણ છે. સત્ય નડેલાના મતે, AI સંબંધિત ગંભીર ભૂલો અથવા સુરક્ષામાં ખામી હોવાની ઘટનાઓની માહિતી સામે આવવી જોઈએ. તેનાથી અન્ય કંપનીઓ પણ આવી ઘટનાઓમાંથી શીખી શકશે અને પોતાની સિસ્ટમને વધુ સુરક્ષિત બનાવી શકશે.AI હવે માત્ર પ્રશ્નોના જવાબ આપવા પૂરતું મર્યાદિત નથી. નવી પેઢીની AI સિસ્ટમો સ્વતંત્ર રીતે અનેક કાર્યો કરવાની ક્ષમતા મેળવી રહી છે. તેથી તેમની કામગીરી પર દેખરેખ, પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવી વધુ જરૂરી બની છે. આખરે, AIનો વિકાસ જેટલો મહત્ત્વપૂર્ણ છે, એટલી જ મહત્ત્વપૂર્ણ તેની સુરક્ષા છે. AIનો ઉપયોગ માનવજાત માટે લાભદાયી રહે અને કોઈ અણધાર્યું જોખમ ઊભું ન થાય તે માટે ટેક્નોલોજી પર માનવ નિયંત્રણ જાળવવું જરૂરી છે.

### દિવાળીની સીઝન વચ્ચે ગ્રાહકો પર ફટકો : ભાવ વધારા પાછળ AI ફેક્ટર જવાબદાર

## રેમ, ગ્રાફિક્સ કાર્ડ, SSD બાદ હાર્ડ ડ્રાઈવના ભાવ બમણાં થયા, કોમ્પ્યુટર માર્કેટમાં મોંઘવારી

(એજન્સી) નવી દિલ્હી | તા.12

છેલ્લા બે મહિનામાં હાર્ડ ડ્રાઈવના ભાવ 3 ગણા વધતા કોમ્પ્યુટર-લેપટોપ ખરીદવા મોંઘા બન્યા છે. દિવાળી પૂર્વે 4,000-5,000 રૂપિયાની હાર્ડ ડ્રાઈવ હવે 11,000-12,000 રૂપિયામાં મળે છે. AIને કારણે ડેટા સ્ટોરેજની માંગ વધતા મોટી કંપનીઓ બલ્ક ઓર્ડર આપી રહી છે, જે ભાવ વધારાનું મુખ્ય કારણ છે. છેલ્લા બે મહિનાથી હાર્ડ ડ્રાઈવના ભાવ ત્રણ ગણા વધી જતાં હવે સામાન્ય માણસ માટે કોમ્પ્યુટર કે લેપટોપ ખરીદવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. છેલ્લા બે વર્ષથી મેમરીના ભાવ વધવાને કારણે કોમ્પ્યુટર માર્કેટ આમ પણ મોંઘું થઈ ગયું હતું. પરંતુ છેલ્લા બે મહિનામાં હાર્ડ ડ્રાઈવની કિંમતોમાં



અચાનક થયેલા મોટો ઉછાળાને કારણે કોમ્પ્યુટર અને લેપટોપની એકંદર કિંમતો ફરી એકવાર આસમાને પહોંચી છે.હાલમાં દિવાળીની સીઝન શરૂ થવાની તૈયારીમાં છે, ત્યારે વિવિધ ઈ-કોમર્સ કંપનીઓ ગ્રાહકોને આકર્ષવા માટે અલગ-અલગ ઓફરો આપી રહી છે. પરંતુ બીજી તરફ, જે હાર્ડ ડ્રાઈવ પહેલાં 4,000થી 5,000 રૂપિયામાં મળતી હતી, તે હવે સીધી 11,000થી 12,000 રૂપિયાની કિંમતે પહોંચી ગઈ છે. આ કિંમત વધારાની સીધી અસર કોમ્પ્યુટરની ઓવરઓલ ખરીદી પર પડી રહી છે.SSDના ભાવ તો છેલ્લા એક વર્ષથી વધારે જ હતા, પરંતુ હવે સસ્તી ગણાતી સામાન્ય હાર્ડ ડ્રાઈવના ભાવ પણ બમણાથી ત્રણ ગણા થઈ ગયા છે. આ કિંમત વધારાના કારણે શાળામાં અભ્યાસ કરતા બાળકોથી લઈને કોર્પોરેટ સેક્ટરમાં કામ કરતા સિનિયર કોમ્પ્યુટર પ્રોફેશનલ્સ સુધીના તમામ લોકો માટે હવે નવું કોમ્પ્યુટર કે લેપટોપ ખરીદવું મોંઘું સાબિત થઈ રહ્યું છે. નિષ્ણાંતોના મતે, કોમ્પ્યુટરની કિંમતમાં આવેલા આ ઉછાળા પાછળ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નું ફેક્ટર મુખ્યત્વે જવાબદાર છે. એઆઈ પ્રોસેસિંગમાં ખૂબ જ મોટો ડેટા જનરેટ થતો હોવાથી મોટી કંપનીઓ ડેટા સેવ કરવા માટે લાખોની સંખ્યામાં હાર્ડ ડ્રાઈવના બલ્ક ઓર્ડર આપી રહી છે. પહેલાં માર્કેટમાં ગ્રાફિક્સ કાર્ડ અને રેમના ભાવ વધ્યા, ત્યારબાદ એસએસડીના ભાવ વધ્યા અને હવે હાર્ડ ડ્રાઈવના ભાવ પણ વધી રહ્યા છે. એઆઈ કંપનીઓમાં ડેટા સ્ટોરેજ માટે હાર્ડ ડ્રાઈવની માગ સતત વધી રહી હોવાને કારણે જ બજારમાં આ સ્થિતિ ઊભી થઈ છે.

### શોખીન હોવ, તો હવે તમારે તેના માટે વધુ ખર્ચ કરવો પડી શકે

## શું તમે પણ પી રહ્યા છો ડાયેટ કોક? કેમ અચાનક થયો ભાવમાં આટલો બધો વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા.12

જો તમે ડાયેટ કોક (Diet Coke) ના શોખીન હોવ, તો હવે તમારે તેના માટે વધુ ખર્ચ કરવો પડી શકે છે. દિલ્હી-એનસીઆર (Delhi-NCR), મુંબઈ, બેંગલુરુ અને ગોવા જેવા બજારોમાં, કોકા-કોલાના કેટલાક બોટલર્સ અને સ્થાનિક રિટેલર્સે ડાયેટ કોકની કિંમતમાં વધારો કર્યો છે. સતત પુરવઠાની અછત અને કેન બનાવવા માટે વપરાતા એલ્યુમિનિયમના ભાવમાં વાર્ષિક 30%ના વધારાને કારણે 330 મિલીના કેનની કિંમત 50થી વધીને 70 થઈ ગઈ છે. આ સ્થિતિ ત્યારે સર્જાઈ છે જ્યારે કોકા-કોલાના પોતાના પ્લાન્ટમાં ઉત્પાદિત ડાયેટ કોક કેન પર હજુ પણ 50ની કિંમત છપાયેલી છે.કોકા-કોલાના એક સ્વતંત્ર બોટલરે પુષ્ટિ કરી કે, "હા, અમે હવે ડાયેટ કોકના 330 મિલીના કેન 70માં વેચી રહ્યા છીએ. એલ્યુમિનિયમ કેનના વધતા ખર્ચનો બોજ અનિશ્ચિત સમય સુધી સહન કરી શકાય તેમ નથી." આ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે એલ્યુમિનિયમ કેનના પુરવઠામાં ભારે અછત



સર્જાઈ હતી અને પરિણામે ભાવમાં વધારો થયો હતો. તેની અસર ભારતના સૌથી વધુ વેચાતા સુગર-ફ્રી ડ્રિંક પર પણ પડી હતી.આ વર્ષે જુલાઈમાં કંપનીએ ૩૦૦ મિલીના કેન (જેની કિંમત 40 હતી) ને બદલે 50ની કિંમતના મોટા 330 મિલીના ડાયેટ કોક કેન રજૂ કર્યા હતા. એક અહેવાલમાં ટાંકવામાં આવેલા ઈમેલ જવાબમાં, કોકા-કોલાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ભારતીય નિયમો અનુસાર, કંપની તમામ વેપારી ભાગીદારોને સલાહ આપે છે કે તેઓ પેક પર છપાયેલી MRP (મહત્તમ છૂટક કિંમત) મુજબ જ કિંમત વસૂલે.

### તહેવારોની મોસમ પહેલાં બેંગલુરુમાં મોબાઇલ આશ્રય વૅન શરૂ

## એમેઝોન ભારતભરમાં 50 નવાં આશ્રય આરામ કેન્દ્રો સ્થાપશે



(એજન્સી) બેંગલુરુ | તા.12

તહેવારોની મોસમ પહેલાં એમેઝોન ઈન્ડિયાએ આજે દેશભરમાં 50 નવાં આશ્રય કેન્દ્રો સ્થાપવાની યોજનાની જાહેરાત કરી. આ વિસ્તરણથી આશ્રય કેન્દ્રોની કુલ સંખ્યા 200 થશે અને એમેઝોન 2026ના અંત સુધીમાં 250 કેન્દ્રો સુધી પહોંચવાની તૈયારીમાં છે. કંપનીએ દિલ્હી એનસીઆર, મુંબઈ અને હૈદરાબાદ પછી ચોથું શહેર - બેંગલુરુમાં તેની મોબાઈલ આશ્રય વૅનના વિસ્તરણની પણ જાહેરાત કરી. એમેઝોનના એમ્પ્લોયી એક્સપીરિયન્સ એન્ડ રિલેશન્સના વાઈસ પ્રેસિડેન્ટ સેન્ડી ગોર્ડન અને નોર્થ અમેરિકા (એનએ) એમ્પ્લોયી રિલેશન્સ (ઈઆર)ના વાઈસ પ્રેસિડેન્ટ બ્રેન્ડન બ્રેનનની હાજરીમાં બે મોબાઈલ આશ્રય વૅનને બેંગલુરુમાં લીલી ઝંડી બતાવવામાં આવી હતી. 'ઉત્સવની મોસમમાં ડિલિવરીમાં તીવ્ર વધારો થઈ રહ્યો છે, તેથી ઉદ્યોગના ડ્રાઈવરોને તેમના રૂટ પર આરામની સુવિધા મળે તે પહેલાં કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે. આશ્રય એક સરળ વિચાર પર બનાવવામાં આવ્યું હતું કે દરેક ડિલિવરી ડ્રાઈવર પછી ભલે તે એમેઝોન માટે ડિલિવરી કરે કે અન્ય કોઈ માટે, તેમના કામકાજના દિવસ દરમિયાન આરામ કરવા માટે સ્વચ્છ, ઠંડી જગ્યાનો હકદાર છે. 200 કેન્દ્રો સુધી વિસ્તરણ અને વધુ શહેરોમાં મોબાઈલ વૅન લાવવાનો અર્થ એ છે કે અમે વધુ શહેરોમાં વધુ ડ્રાઈવરોને જરૂર હોય ત્યારે તેમના સુધી પહોંચી શકીશું. આ વિસ્તરણ એમેઝોન ઈન્ડિયાના 2026માં INR 2,800 કરોડ (₹ USD 300 મિલિયન)થી વધુના વ્યાપક રોકાણનો એક ભાગ છે, જે તેના ઓપરેશન નેટવર્કમાં સહયોગી સલામતી, આરોગ્ય અને નાણાકીય સુખાકારીને મજબૂત બનાવવા માટે છે,' એમ એમેઝોન ઈન્ડિયાના ડિરેક્ટર - ઓપરેશન્સ સલીમ આર. મેમણે જણાવ્યું હતું. 2024માં દિલ્હી એનસીઆરમાં આશ્રય સેન્ટરો શરૂ કરાયાં ત્યારથી ભારતમાં તેના પ્રકારની સૌથી મોટી ડિલિવરી ડ્રાઈવર કલ્યાણ પહેલોમાંની એક બનવા માટે ઝડપથી આગળ વધી છે.

# આરાસુરી મા અંબાના સાનિધ્યમાં આ ટ્રેડિશનલ કપડામાં ગરબે ઘુમો



**નવરાત્રિ દરમિયાન તમારી ફેશન કેવી હોવી જોઈએ? |** નવરાત્રિ દરમિયાન, પૂજાના નવ દિવસની સાથે, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ થાય છે જેમાં દાંડિયા, પૂજા, ગરબા વગેરે જેવા ઘણા નૃત્યનો સમાવેશ થાય છે. આ વખતે નવરાત્રિ 3 ઓકટોબર 2024થી શરૂ થશે. ત્યારે આવી સ્થિતિમાં આ તહેવારમાં વેશભૂષા મહત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ ફેશનના નામે કોઈ વલ્ગારિટી ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું. તેના બદલે, નવરાત્રિ દરમિયાન તમારો પોશાક એવો હોવો જોઈએ કે જેમાં ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા દેખાય છે.

**નવરાત્રિમાં ટ્રેડિશનલ કપડા કેમ જરૂરી? |** આ ખાસ તહેવાર માટે, તમારો પોશાક પણ એવો હોવો જોઈએ કે તે આદરનું પ્રતીક બની જાય છે. ટ્રેડિશનલ કપડાની સાથે નવરાત્રિ દરમિયાન વાઈબ્રન્ટ રંગો અપનાવો. આ પણ મહત્વનું છે કારણ કે નવરાત્રી દરમિયાન તમારી ફેશન અને ટ્રેડિશનલ કપડા આ તહેવારના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રતિબિંબિત કરશે.

**નવરાત્રીમાં ફેશન માટે શું કરવું જોઈએ? |** તહેવારો દરમિયાન ટ્રેડિશનલ કપડા પહેરવા જોઈએ, જેથી તે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રતિબિંબિત કરે. ચણીયા ચોલી, સાડી અને લહેંગા નવરાત્રી દરમિયાન મહિલાઓ માટે આદર્શ પસંદગી છે. તેથી પુરુષો માટે કુર્તા-પાયજામા કે ધોતી-કુર્તા પસંદ કરી શકાય છે. ટ્રેડિશનલ કપડા તહેવાર પ્રત્યે તમારો આદર દર્શાવે છે. નવરાત્રીનો તહેવાર નવદુર્ગા તેમજ ૯ વાઈબ્રન્ટ રંગો વિશે છે જે ખુશી અને ઊર્જાનું પ્રતીક છે. આમાં તમારે લાલ, પીળો, લીલો અને રોયલ બ્લુ જેવા બ્રાઈટ કલરનો વધુ ઉપયોગ કરવો જોઈએ.

**જ્વેલરી વિના સ્ત્રીઓનો શણગાર અધૂરો |** જ્વેલરી વિના સ્ત્રીઓનો શણગાર અધૂરો છે. તેથી, નવરાત્રિ દરમિયાન સુંદર જ્વેલરી સાથે તમારા કપડાને પૂર્ણ કરવાનું ભૂલશો નહીં. સ્ત્રીઓ ચોકર્સ, બંગડીઓ, કાનની બુટ્ટીઓ, નેકલેસ, પાયલ વગેરે જેવી વિસ્તૃત જ્વેલરી વડે તેમનો દેખાવ વધારી શકે છે. જ્યારે પુરુષો તેમની ફેશનમાં પાઘડી, સ્ટોલ અથવા મોજરી શૂઝ ઉમેરી શકે છે.

# નવરાત્રિમાં આંખના બોલ્ડ લુકથી ચમકાવો ચહેરો !

**3 ઑક્ટોબરથી નવરાત્રિની શરૂઆત થઈ રહી છે. ખેલૈયાઓ હંમેશા કંઈક હટકે અને અલગ જ દેખાવા માગતા હોય છે. ઘણા ગરબા પ્રેમી તો એવા હોય છે કે જેમને ગરબા રમવા ગમે પણ ચણિયાચોળી પહેરવા નહી. તેવામાં તેઓ નોર્મલ લુકમાં જ ગરબા રમવાનું પસંદ કરે છે. જો કે નવરાત્રિમાં કોસ્ચ્યુમની સાથે સાથે મેક અપ પણ એટલો જ મહત્વનો છે. તેમાં પણ ખાસ કરીને આંખનો મેકઅપ યોગ્ય હોવો જરૂરી છે નહી તો લુક ખરાબ થઈ જાય છે. ત્યારે આવો જાણીએ ચણિયાચોળી પહેરીને કેવા પ્રકારનો આઇ મેકઅપ કરવો.**

## સ્મોકી આઇ લુક છે બેસ્ટ









જો તમારી ચણિયાચોળીનો દુપટ્ટાનો રંગ મરૂન છે તો તમારે કોપર સ્મોકી આઈ મેકઅપ ટ્રાય કરવો જોઈએ. કોપર સ્મોકી આઈ લુક માટે, તમે મેટ વોર્મ રસેટ બ્રાઉન આઈલાઈનર અને મેટાલિક કોપર પેન્સિલનો ઉપયોગ કરી શકો છો. જો તમે તમારા લુકમાં એક્સ્ટ્રા ઈચ્છો છો, તો તમે આંખોની નજીક સ્ટોન પણ ચોંટાડી શકો છો. જો તમે સિલ્વર જ્વેલરી સાથે બ્લેક લહેંગા પહેર્યો છે, તો તમારી આંખનો મેકઅપ પણ અદભૂત હોવો જોઈએ. સ્મોકી આઈ મેકઅપ કરી શકો છો. સ્મોકી આઈ મેકઅપમાં આંખો પર ડાર્ક બ્લેક આઈ શેડો લગાવવામાં આવે છે, જેને સારી રીતે બ્લેન્ડ કરવામાં આવે છે જેથી લુક વધારી શકાય. જો તમે નવરાત્રી લુક માટે બોલ્ડ આઈ મેકઅપ લુક અજમાવવા માંગતા હોવ તો તમે સિલ્વર ગ્લિટર આઈ મેકઅપ કરી શકો છો. ચણિયાચોળી અને સિલ્વર ગ્લિટર આઈ મેકઅપ લુક સાથે ઓક્સિડાઈઝ્ડ જ્વેલરી તમને ખૂબ આકર્ષક લુક આપશે. જો તમારી ચણિયાચોળીનો રંગ વાઈબ્રન્ટ હોય તો તેના પર સોફ્ટ બ્રાઉન આઈશેડો ખૂબ જ સુંદર લાગશે. ડબલ કોટિંગ મસ્કરા સાથે સોફ્ટ બ્રાઉન આઈશેડો અને બ્રાઉન લિપસ્ટિક તમારા આખા ચહેરાને ખૂબ જ આકર્ષક દેખાવ આપશે.

# નવરાત્રિમાં સાડી-લહેંગા સાથે મેચિંગ કરો આ ડિઝાઈનર જ્વેલરી

**ચોકર ડિઝાઈન |** સેલેબ્સ ફેશનને ફોલો કરે છે, આ વખતે નવરાત્રિના અવસર પર તેઓ આ પ્રકારના હાથથી બનાવેલા ગુજરાતી ચોકર નેકલેસ પહેરી શકો છો. આ ખૂબ જ સુંદર લાગે છે અને ખૂબ ભારે પણ નથી. તમે તેને લહેંગા અને સાડી બંને સાથે મેચ કરી શકો છો. આવી જ્વેલરી 500 રૂપિયામાં બજારમાં ઉપલબ્ધ થશે. જ્યારે, આ પેટર્નના ચોકર નેકલેસની ઘણી પેટર્ન ઓનલાઈન ઉપલબ્ધ હશે.

**પર્લ વર્ક ઈયરિંગ્સ |** જો તમે ઈયરિંગ્સ શોધી રહ્યા હોવ તો છીપ અથવા પર્લ વર્ક પર આ પ્રકારની ઈયરિંગ્સ પસંદ કરો. આ સંપૂર્ણ સેટ સાથે આવે છે. જ્યાં તમે નેકલેસ પહેરી શકો છો. તે બહુ ભારે નથી. આવા ઈયરિંગ્સની લેટેસ્ટ ડિઝાઈન 200 રૂપિયાની રેન્જમાં માર્કેટમાં સરળતાથી મળી જશે.

**હાથબંધ ડિઝાઈન |** હવે જો આપણે જ્વેલરી વિશે વાત કરીએ તો હાથબંધ વિના દેખાવ અધૂરો છે. તમે તેને મિરર વર્ક પર પણ ખરીદી શકો છો. આ એકદમ સરળ છે પરંતુ ટ્રેડિશનલ લુકમાં ચાર્મ ઉમેરવા માટે બેસ્ટ છે.

**કડા ડિઝાઈન |** સાડી હોય કે લહેંગા, દરેક આઉટફિટ સાથે કડા ચોક્કસપણે જરૂરી છે. આવી પરિસ્થિતિમાં આ વખતે ડિઝાઈનર અને હેવી બંગડીઓને બદલે બોહો કડા ડિઝાઈન પહેરી શકો છો. આ એકદમ મિનિમલ લાગે છે પરંતુ સુદર લુક આપે છે. તમે તેને બજારમાંથી સસ્તા દરે ખરીદી શકો છો.

**એંકલેટ ડિઝાઈન |** નવરાત્રી એ મા દુર્ગાનો તહેવાર છે. આવી પરિસ્થિતિમાં મહિલાઓ માટે મેકઅપ કરવો જરૂરી છે. જો તમે પણ એંકલેટ પહેરો છો તો આ વખતે એંકલેટ્સમાંથી પ્રેરણા લો. તે ખૂબ જ પરંપરાગત દેખાવ ધરાવે છે. જે પરિણીત મહિલાઓ માટે યોગ્ય છે.



# જાફરાબાદમાં નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળાનો ભવ્ય પ્રારંભ : સ્થાનિક લોકોની કલાને મળશે વૈશ્વિક મંચ





રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

શહેર વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના શહેરી વર્ષ ૨૬-૨૭ અંતર્ગત જાફરાબાદ નગરપાલિકા દ્વારા સ્થાનિક લઘુ ઉદ્યોગો અને કારીગરોને પ્રોત્સાહન આપવા માટે સ્વદેશી મેળા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. નગરપાલિકા દ્વારા હરકોર બાગ (બગીચો )GHCL ની સામે ઉના રોડ પાસે રાખવામાંઆવેલ છે આ મેળા નુ ઉદઘાટન ધારાસભ્ય અને પાલિકા પ્રમુખ શ્રી અને ચિફ ઓફિસર ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મહાનુભાવો દ્વારા જણાવ્યું હતું કે વોકર ફોર લોકલ સુત્રને સાર્થક કરી નાના ઉદ્યોગો, નાના વેપારીઓને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવું એ આ આયોજન નો મુખ્ય હેતુ છે. આ સ્વદેશી મેળા માં ઠેકઠેકાણે રંગબેરંગી લાઈટો થી સુશોભિત મેળાની મોજ માણવા લોકો ની ભીડ જોવા મળી હતી આ સ્વદેશી મેળા માં સ્થાનિક કારીગરો, ખાનીપીણી ના સ્ટોલ, બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ સ્વદેશી શિલ્પવસ્તુઓના પ્રદર્શન અને વેચાણની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી આ આયોજન નું મુખ્ય ઉદ્દેશ સ્થાનિક ઉત્પાદનકોને કલાને વૈશ્વિક મંચ પુરું પાડવા સ્વદેશી વસ્તુઓ ના ઉપયોગ ને પ્રોત્સાહન આપવા અને મહિલા સ્વાવલંબન ને વેગ આપવા નો છે. આ સ્વદેશી મેળામાં રાત્રીના સમયે સંગીત નું આયોજન સાથે રાસગરબાની પણ નાગરિકો દ્વારા મોજ માણી હતી આ સમગ્ર કાર્યક્રમ ની તૈયારી ઓ નિષ્ઠાવાન અને પ્રમાણીક એવા પ્રફુલ્લભાઈ બારૈયા અને નગરપાલિકા સ્ટાફ દ્વારા યુધ્ધ ધોરણે કામગીરી કરવામાં આવી હતી આ સ્વદેશી મેળા ના કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખશ્રી રવિનાબેન પ્રફુલ્લભાઈ બારૈયા, ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી પાલિકા સભ્યો નગરપાલિકા સ્ટાફ તેમજ આંગણવાડી કાર્યકરો મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહી મેળા નો આનંદ માણ્યો હતો એક અઠવાડિયા સુધી ચાલશે સ્વદેશી મેળો.

# ગુજરાત વિધાનસભા ખાતે મેનેજમેન્ટ એક્સપર્ટ પ્રોફેસર બી. એન. દસ્તૂરનું 'Motivation and Work Culture' વિષય પર વ્યાખ્યાન યોજાયું

ગુજરાત વિધાનસભા ખાતે ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોના ઉપક્રમે જાણીતા મેનેજમેન્ટએક્સપર્ટ પ્રોફેસર બી. એન. દસ્તૂર દ્વારા 'Motivation and Work Culture' વિષય પર વ્યાખ્યાન આયોજન કરવામાં આવ્યું હતું.પ્રોફેસર દસ્તૂરે વિવિધ પ્રેરણાદાયી વાર્તાઓ અને દૃષ્ટાંતો દ્વારા કાર્યક્ષમતા, કાર્યનિષ્ઠા, સમયનું મહત્વ તથા સકારાત્મક કાર્યસંસ્કૃતિ જાળવવા અંગેના વિવિધ કાર્યમંત્રો આપ્યા હતા. તેમની હળવી, રમૂજી અને રસપ્રદ રજૂઆતથી કાર્યક્રમનું વાતાવરણ જીવંત અને આનંદમય બન્યું હતું.આ વ્યાખ્યાનમાં વિધાનસભા સચિવ શ્રી ચેતન પંડ્યાએ પ્રાસંગિક ઉદબોધન કરતાં બ્યુરોનો ટૂંકમાં પરિચય આપ્યો હતો.તેમણે આજના કાર્યક્રમમાંથી પ્રાપ્ત થતી ઉપયોગી શીખને અધિકારીઓ-કર્મચારીઓએ પોતાના વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક જીવનમાં ઉતારવા શીખ આપી હતી.

# જાફરાબાદ તાલુકાના લુણસાપૂર ગામે ત્રણ ગામોના ખેડૂતો ફોર લેનિગ બાબતે બેઠક યોજાઈ

રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

બાબરકોટ પાટીયા થી જાફરાબાદ સુધી ના ખેડૂત તેમજ મિતિયાળા લોટપૂણ, લુણસાપૂણ ના ખેડૂત ખાતેદારોની જમીન કપાત બાબતે ખેડૂતો એ જુદા જુદા મંતવ્યો રજૂ કરવામાં આવ્યા અગામી દિવસોમાં કાયદાકીય આરપાર ની લડત લડવા શ્રી ગણેશ તા /૧૨/૧૦/૨૦૨૬ ના રોજ જાફરાબાદ તાલુકાના લુણસાપૂર ગામે બાબરકોટ પાટીયા થી જાફરાબાદ સુધીના ખેડૂત તેમજ મિતિયાળા, લોટપૂણ, લુણસાપૂણ, ગામના ખેડૂત ખાતેદારો ની મિટિંગ લુણસાપૂણીયા દાદા ના સાંનિધ્યમાં યોજાઇ હતી ચાર નાળા થી જાફરાબાદ સુધી આવતો ફોર લેનીગ રોડ આવતો હોય પરંતુ ફોર લેનીગ રોડ માં ખેડૂતો ની જમીન કપાત માં જતી હોય કોઈ પણ જાતનું વળતર આપ્યા વિના જમીન હડપ કરવા ની નિતી અપનાવવામાં આવતી હોવાથી તમામ ખેડૂતો દ્વારા એકજુટ થઈ લડી લેવાના મૂડમાં આવનારા દિવસોમાં અધિકારીઓ પદાધિકારીઓ ને લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવશે અને વળતર આપ્યા વિના જો કામગીરી કરવામાં આવશે તો ત્રણ ગામોના ખેડૂતો ખાતેદારો એકજુટ થઈ કાયદાકીય લડત સાથે કામગીરી



**ચાર નાળા થી જાફરાબાદ સુધી જતો ફોરલેનિગ રોડ માં ખેડૂતો ની જમીન વગર વળતર આપ્યા વિના થતી કાર્યવાહી સામે વિરોધ**

બંધ કરવામાં આવશે અધિકારીઓ પદાધિકારીઓ ને લેખિત રજૂઆત છતાં પણ બળજબરીથી રોડની કામગીરી કરવામાં આવશે તો ના છુટકે નામદાર ગુજરાત હાઈકોર્ટ સુધી જાવા માટે ની તૈયારી દર્શાવી હતી આ પહેલા બાબરકોટ ના પાટીયા થી જાફરાબાદ સુધીના ખેડૂત ખાતેદારો દ્વારા પ્રાંત અધિકારી ને લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી તેમજ પી. ડબલ્યુ. ડી. ને પણ આવેદનપત્ર પાઠવ્યું હતું પરંતુ આજદિન સુધી કોઈ પણ જાતની અધિકારીઓ દ્વારા જવાબ આપવા આવ્યો નથી પી. ડબલ્યુ ડી. દ્વારા બાબરકોટ પાટીયા થી જાફરાબાદ સુધીના ખેડૂત ને પાયાવિહોણી નોટિસો આપવામાં આવી રહી છે. આવનારા દિવસોમાં ત્રણેય ગામના ખેડૂત ખાતેદારો દ્વારા પ્રાંત અધિકારી અને લાગતાવળગતા ખાતાઓ માં અને પદાધિકારીઓ ને લેખિત મૌખિક રજૂઆતો કરવામાં આવશે તેમ છતાં પણ વળતર આપ્યા વિના કામગીરી કરવામાં આવશે તો ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટ સુધી લડવા ની તૈયારીઓ દર્શાવવામાં આવી હતી.

# વડોદરા મંડળના મંડળ ચિકિત્સાલયને મળ્યું NABH એન્ટ્રી લેવલ હોસ્પિટલ પ્રમાણપત્ર

પશ્ચિમ રેલવે |વડોદરા

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ ખાતે આવેલ મંડળ ચિકિત્સાલયે નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર્સ (NABH) નું એન્ટ્રી લેવલ હોસ્પિટલ પ્રમાણપત્ર પ્રાપ્ત કરીને એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે। આ પ્રમાણપત્ર મેળવનાર વડોદરા મંડળનું મંડળ ચિકિત્સાલય પશ્ચિમ રેલવેનું પ્રથમ મંડળ ચિકિત્સાલય બની ગયું છે. વડોદરા મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકેના માર્ગદર્શન હેઠળ તથા મુખ્ય ચિકિત્સા અધીક્ષક શ્રી દિનેશ મોહનના નેતૃત્વમાં આ સિદ્ધિ રેલવે લાભાર્થીઓને સુરક્ષિત, ગુણવત્તાસભર અને દર્દી-કેન્દ્રિત સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.મંડળ ચિકિત્સાલય, વડોદરામાં સામાન્ય ચિકિત્સા, સામાન્ય શલ્ય ચિકિત્સા, પ્રસુતિ અને સ્ત્રીરોગ, નેત્રરોગ, અસ્થિરોગ, નાક-કાન-ગળા રોગ (ENT), બાળરોગ તથા એનેસ્થેસિયા સહિત વિવિધ મુખ્ય ચિકિત્સા વિશેષતાઓ હેઠળ સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવામાં આવે છે. આ ઉપરાંત, હોસ્પિટલમાં નિદાન તપાસ, લેબોરેટરી, ફાર્મસી, બ્લડ ટ્રાન્સફ્યુઝન તથા ફિઝિયોથેરેપી જેવી સહાયક સ્વાસ્થ્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ છેNABH એન્ટ્રી લેવલ હોસ્પિટલ પ્રમાણપત્ર હોસ્પિટલ દ્વારા નિર્ધારિત ગુણવત્તા ધોરણો અને નિર્ધારિત આવશ્યકતાઓના પાલનને માન્યતા પ્રદાન કરે છે. આ પ્રમાણપત્ર ચિકિત્સા વિભાગ દ્વારા ગુણવત્તાસભર સ્વાસ્થ્ય સેવાઓને સુદૃઢ કરવા, દર્દીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા, ઉત્તમ ક્લિનિકલ પ્રેક્ટિસને પ્રોત્સાહન આપવા તથા નિર્ધારિત NABH ધોરણોના પાલન માટે કરવામાં આવી રહેલા સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.આ મહત્વપૂર્ણ સિદ્ધિમાં હોસ્પિટલના ચિકિત્સકો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ કર્મચારીઓ અને અન્ય સહયોગી કર્મચારીઓની સમર્પણ ભાવના, પ્રતિબદ્ધતા અને સામૂહિક પ્રયાસોની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.NABH એન્ટ્રી લેવલ પ્રમાણપત્ર પ્રાપ્ત કરવું એ વડોદરા મંડળ અને પશ્ચિમ રેલવે માટે ગૌરવની બાબત છે. આ સિદ્ધિ ચિકિત્સા વિભાગના સતત પ્રયાસોને માન્યતા આપવાની સાથે-સાથે રેલવે લાભાર્થીઓને સુરક્ષિત, ગુણવત્તાસભર અને દર્દી-કેન્દ્રિત સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવા તેમજ સ્વાસ્થ્ય સેવાઓના સ્તરમાં સતત સુધારો સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.




(એજન્સી) મુંબઈ | તા.12

નિતેશ તિવારીના ડિરેક્શનમાં બની રહેલી ફિલ્મ 'રામાયણ'ના નિર્માતાઓએ નવરાત્રિના પહેલા દિવસે ફિલ્મનું નવું પોસ્ટર જાહેર કર્યું છે. આ પોસ્ટરમાં ભગવાન રામના રૂપમાં રણબીર કપૂર, માતા સીતાના રૂપમાં સાઈ પલ્લવી, લક્ષ્મણના રૂપમાં રવિ દુબે અને રાવણના અવતારમાં યશ જોવા મળી રહ્યા છે. આ સાથે જ નિર્માતાઓએ ફિલ્મના પહેલા ભાગની રિલીઝ તારીખની પણ જાહેરાત કરી છે. 'રામાયણ પાર્ટ 1' 5 નવેમ્બર 2026ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે, જ્યારે તેની એડવાન્સ બુકિંગ દશેરાથી શરૂ કરવામાં આવશે.

ફિલ્મના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટર શેર કરતાં મેકર્સે લખ્યું કે, નવરાત્રિના શુભ અવસરે એક નવા યુગની શરૂઆત થઈ રહી છે. તેમણે ટૅગલાઈન આપી- 'આ રામના યુગનો આરંભ છે'. રિલીઝ કરવામાં આવેલા પોસ્ટરમાં આગળની તરફ રણબીર કપૂર, સાઈ પલ્લવી અને રવિ દુબે રામ, લક્ષ્મણ અને જાનકીના પાત્રોમાં જોવા મળી રહ્યા છે, જ્યારે બેકગ્રાઉન્ડમાં યશનો રાવણ અવતાર નજરે પડે છે. આ પોસ્ટરમાં પાત્રોના કોસ્ચ્યુમ અને વિશાળ સેટની ઝલક જોવા મળી રહી છે.

# 'રામાયણ'ની રિલીઝ ડેટ જાહેર

## નવરાત્રિ પર મેકર્સે નવું પોસ્ટર જાહેર કર્યું; 5 ભાષાઓ અને IMAX ફોર્મેટમાં દિવાળી પર થશે રિલીઝ

### 5 ભાષાઓ અને IMAX ફોર્મેટમાં થશે રિલીઝ

'રામાયણ'ને ભારતીય સિનેમાના સૌથી મોટા રૂપાંતરણ પ્રોજેક્ટ્સમાંથી એક તરીકે તૈયાર કરવામાં આવી રહી છે. આ ફિલ્મ હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ સહિત પાંચ ભાષાઓમાં રિલીઝ થશે.

મેકર્સ આ ફિલ્મને IMAX જેવા પ્રીમિયમ ફોર્મેટ્સમાં દર્શકો સમક્ષ રજૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. ફિલ્મનો પહેલો ભાગ 5 નવેમ્બર 2026ના રોજ આવશે, જ્યારે તેનો બીજો ભાગ એટલે કે 'રામાયણ પાર્ટ 2' દિવાળી 2027માં સિનેમાઘરોમાં લાવવામાં આવશે.

રણબીર કપૂર અને અરુણ ગોવિલ પહેલાં શુક્રવારે ફિલ્મમાં કૈકેયી બનેલી લારા દત્તા અને મંથરા બનેલી શીબા ચઢ્ઢાના પોસ્ટર પણ જાહેર કરવામાં આવ્યા છે.

નિતેશ તિવારીના ડિરેક્શનમાં બની રહેલી આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થશે. આ પૌરાણિક ફિલ્મને આશરે 4,000 કરોડ રૂપિયાના બજેટમાં તૈયાર કરવામાં આવી રહી છે. તેનું સંગીત ઑસ્કર વિજેતા સંગીતકાર હાન્સ ઝિમર અને એઆર રહમાન સાથે મળીને તૈયાર કરી રહ્યા છે. નમિત મલ્હોત્રાની કંપની પ્રાઈમ ફોકસ આ ફિલ્મ બનાવી રહી છે. મનોરંજન જગતમાં તે વિઝ્યુઅલ ઈફેક્ટ્સ (VFX), એનિમેશન, પોસ્ટ-પ્રોડક્શન અને કન્ટેન્ટ ક્રિએશનનું કામ કરે છે. DNEG આ ફિલ્મના વિઝ્યુઅલ ઈફેક્ટ્સ સંભાળી રહી છે. ફિલ્મમાં રણબીર કપૂર (ભગવાન રામ), સાઈ પલ્લવી (માતા સીતા) અને યશ (રાવણ)ની ભૂમિકામાં છે. જ્યારે સની દેઓલ (હનુમાન), રવિ દુબે (લક્ષ્મણ), અરુણ ગોવિલ (દશરથ), લારા દત્તા (કૈકેયી) અને રકુલ પ્રીત સિંહ (શૂર્પણખા)ના પાત્રોમાં જોવા મળશે.

# સેક્સ રેકેટમાં ફસાયેલી ટીવી એક્ટ્રેસનું રેસ્ક્યૂ

## સિરિયલ-વેબ સિરીઝની એક્ટ્રેસિસને ફોટોશૂટના નામે બળજબરીથી રેકેટમાં સામેલ કરાતી, 1 મહિલાની ધરપકડ

(એજન્સી) મુંબઈ | તા.12

મહારાષ્ટ્ર પોલીસે થાણેના એક હોટેલમાં દરોડો પાડી દેહવ્યવસાય અને માનવ તસ્કરી (હ્યુમન ટ્રાફિકિંગ)ના કથિત રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન 35 વર્ષની એક ટીવી એક્ટ્રેસને પણ બચાવી લેવામાં આવી છે. તેમજ રેકેટ ચલાવતી 39 વર્ષની એક મહિલાની પણ ધરપકડ કરવામાં આવી છે, જે એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી મહિલાઓને દેહવ્યવસાયમાં ફસાવતી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, આ ટોળકી ટીવી સિરિયલ અને વેબ સિરીઝમાં કામ કરતી એક્ટ્રેસિસને ફસાવતી હતી. તેમને ફોટોશૂટના નામે બોલાવવામાં આવતી અને બાદમાં બળજબરીથી રેકેટમાં સામેલ કરવામાં આવતી હતી.




મહારાષ્ટ્ર પોલીસને એક NGO પાસેથી આ કથિત રેકેટની માહિતી મળી હતી. ત્યારબાદ 8 ઑક્ટોબરે પોલીસે મીરા-ભાયંદર રોડ પર આવેલા એક હોટેલમાં નકલી અંડરકવર ગ્રાહક મોકલ્યો. માહિતી એકત્ર કર્યા બાદ પોલીસે હોટેલમાં દરોડો પાડ્યો.

આ દરમિયાન પોલીસે તબસ્સુમ ઉર્ફે સોનિયા ઉમર કુરૈશી (39)ને ઝડપી લીધી. પોલીસનો આરોપ છે કે, તે મહિલાઓને દેહવ્યવસાયમાં ધકેલવાના બદલામાં પૈસા લઈ રહી હતી. આ દરોડામાં 35 વર્ષની એક ટીવી એક્ટ્રેસને બચાવવામાં આવી હતી. તે હિન્દી ટીવી સિરિયલ અને વેબ સિરીઝમાં કામ કરી ચૂકી છે. બચાવ બાદ તેને સુરક્ષા માટે મુંબઈની રેસ્ક્યૂ ફાઉન્ડેશનમાં રાખવામાં આવી છે. પોલીસે એક્ટ્રેસનું નામ અને તેના કામ સાથે જોડાયેલી અન્ય વિગતો જાહેર કરી નથી.

પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલી મહિલા અને તેનો કથિત સાથી એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં કામ કરતી મહિલાઓને નિશાન બનાવતા હતા. જોકે, પોલીસે હજુ સુધી જણાવ્યું નથી કે, આ મામલામાં કુલ કેટલી મહિલાઓ પ્રભાવિત થઈ છે અને કથિત રેકેટ કેટલા સમયથી ચાલી રહ્યું હતું.

તબસ્સુમ ઉર્ફે સોનિયા ઉમર કુરેશી છત્તીસગઢના સરગુજા જિલ્લાની રહેવાસી છે અને હાલમાં મુંબઈના જોગેશ્વરી વિસ્તારમાં રહે છે. તેની સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ 143 અને અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમની સંબંધિત જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ તેના કથિત પુરુષ સાથીની શોધ કરી રહી છે. મામલાની તપાસ ચાલુ છે. .

સપ્ટેમ્બર 2026: ભોજપુરી ફિલ્મો અને હિન્દી વેબ સિરીઝમાં કામ કરી ચૂકેલી 26 વર્ષની એક્ટ્રેસ પર કથિત દેહવ્યાપારનું રેકેટ ચલાવવાનો આરોપ લાગ્યો. પોલીસે બે મહિલાઓને બચાવી હતી. અહેવાલ અનુસાર, આરોપીને કસ્ટડીમાં લેવામાં આવી અને મામલાની તપાસ શરૂ કરવામાં આવી.



# જાહ્નવી કપૂર પહેલાં નોરતે નૈના દેવી મંદિરે પહોંચી ...

## ઉપવાસ રાખીને હોટલથી પગપાળા માતાજીના દર્શન કરવા ગઈ; રિયા ચક્રવર્તી સાથે નૈનીતાલમાં કરી રહી છે શૂટિંગ

(એજન્સી) મુંબઈ | તા.12

બોલિવૂડ એક્ટ્રેસિસ જાહ્નવી કપૂર અને રિયા ચક્રવર્તી હાલમાં ઉત્તરાખંડના નૈનીતાલમાં નવી થ્રિલર-રોમેન્ટિક ફિલ્મ 'પી.એન. 36'નું શૂટિંગ કરી રહી છે. રવિવારે નવરાત્રિના પ્રથમ દિવસે ઉપવાસ રાખીને જાહ્નવી કપૂર હોટલથી પગપાળા ચાલીને નૈના દેવી મંદિરે પહોંચી હતી.

અહીં તેણે માતાની આરતી કરી અને પૂજા-અર્ચના કરી. મંદિર સમિતિ તરફથી તેને માતાની ચૂંદડી ભેટ આપવામાં આવી હતી. જાહ્નવી અને રિયાએ વરસાદ અને વાદળછાયા વાતાવરણ વચ્ચે ફિલ્મના એક રોમેન્ટિક ગીતનું શૂટિંગ પણ કર્યું. અત્યાર સુધી ફિલ્મનું શૂટિંગ નૈનીતાલની સ્વિસ હોટેલમાં થયું છે.

શનિવારે બંને એક્ટ્રેસિસે અહીં શૂટિંગ કર્યું હતું. તેમજ હોટેલ નમઃમાં પણ ફિલ્મનાં કેટલાક દૃશ્યો ફિલ્માવવામાં આવ્યા છે. જોકે, આ શૂટિંગ નૈનીતાલની બહાર થયું છે. શૂટિંગ દરમિયાન બંને એક્ટ્રેસિસ નૈનીતાલમાં જ છે. બ્રેક દરમિયાન તેઓ આસપાસના વિસ્તારોમાં ફરવા જાય તેવી શક્યતા છે. બંનેના કૈંચી ધામ જવાની પણ ચર્ચા છે, જોકે હજુ દર્શનનો કાર્યક્રમ નક્કી થયો નથી.

જાહ્નવી કપૂર પોતાની ફિટનેસનું પણ ધ્યાન રાખી રહી છે. તે સવારે લગભગ 7 વાગ્યે મલ્લીતાલના રોપવે માર્ગ પર આવેલા બુલ્સ જિમમાં વર્કઆઉટ કરવા પહોંચી હતી. 'પી.એન. 36'માં સાઉથ એક્ટ્રેસ શ્રીલીલા અને એક્ટર સિદ્ધાર્થ ગુપ્તા પણ જોવા મળશે. ફિલ્મનું ડિરેક્શન ઉમેશ બિષ્ટ કરી રહ્યા છે.

# 'બિગ બોસ 20'માં ભાઈ-બહેનના સંબંધની આડમાં અશ્લીલતા...!



(એજન્સી) મુંબઈ | તા.12

ટેલિવિઝન રિયાલિટી શો 'બિગ બોસ 20' આ દિવસોમાં શોના સ્પર્ધકો સ્કાઉટ ઓપી (કોન્ટેન્ટ ક્રિએટર) અને લવ ગિલ (પંજાબી એક્ટ્રેસ)ના વિચિત્ર સંબંધને કારણે ચર્ચામાં છે. બંને તેને ભાઈ-બહેનનો સંબંધ ગણાવે છે. જોકે, શોમાં એકબીજા સાથેનું તેમનું વર્તન પ્રશ્નોના ઘેરામાં છે.

સોશિયલ મીડિયા પર ઘણી ક્લિપ્સ વાયરલ થઈ રહી છે, જેમાં ક્યારેક સ્કાઉટ લવને અયોગ્ય રીતે સ્પર્શ કરતો જોવા મળ્યો, તો ક્યારેક તેને મસાજ આપતો જોવા મળ્યો. ચર્ચા વચ્ચે હવે સલમાન ખાને 'વીકએન્ડ કા વાર' દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો. શોના તાજેતરના એપિસોડમાં સલમાને લવ ગિલ અને સ્કાઉટની કથિત શારીરિક નિકટતા અંગે લવને પૂછ્યું, "તમારો કોઈ ભાઈ છે?"

આ બાબતે સલમાન લાંબા સમય સુધી ચૂપ રહ્યો અને પછી પૂછ્યું કે, 'તમારા ભાઈ સાથેનો સંબંધ કેવો છે. ફિઝિકલ ટચને લઈને અજીબ લાગે છે? શું તેઓ તમને પગથી કમર પર ટચ કરે છે, મસાજ આપે છે?'

જ્યારે લવે કહ્યું કે, તે ભાઈ સાથે આવું કરે છે, ત્યારે સલમાને વાત ત્યાં જ અટકાવી દીધી અને કહ્યું- 'જો તમને કોઈ ફરક પડતો નથી, તો પછી ઠીક છે.'

સલમાનના ગયા પછી સ્કાઉટ પરેશાન દેખાયો અને કહ્યું કે તેમના સંબંધને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યો છે, જેના પર લવે કહ્યું કે, તેઓ ભાઈ-બહેનની જેમ જ રહે છે. એક્ટ્રેસ અને 'બિગ બોસ'ની પૂર્વ કન્ટેસ્ટન્ટ કામ્યા પંજાબીએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'ભાઈ-બહેનના સંબંધવાળા સ્કાઉટ અને લવ ગિલ વચ્ચે આ પ્રકારની શારીરિક નિકટતા આખરે કેવી રીતે આવી ગઈ? સંબંધોમાં કેટલીક મર્યાદાઓ હોવી જોઈએ, રિયાલિટી શોમાં પણ. આખરે બંને વચ્ચે ચાલી શું રહ્યું છે? માત્ર મસ્તી-મજાક છે કે પછી હદો પાર થઈ રહી છે?'

# 'રોલ જોઈતો હોય તો કોમ્પ્રોમાઈઝ કરવું પડશે...', અશ્લીલ માગ સાંભળી અભિનેત્રી થઈ ગુસ્સે...

(એજન્સી) મુંબઈ | તા.12

મનોરંજન જગતમાં કાસ્ટિંગ કાઉચ (Casting Couch) અને શોષણની વાતો અવારનવાર સામે આવતી રહે છે. તાજેતરમાં જ હરિયાણવી અને ભોજપુરી ગીતોથી લોકપ્રિય બનેલી જાણીતી અભિનેત્રી અંજલિ રાઘવ એ તેના કરિયરને લઈને એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન તેણે પંજાબી મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં કામ કરતી વખતે એક ખરાબ અનુભવ વિશે ખુલીને વાત કરી.

એક વાતચીતમાં અંજલિ રાઘવે જણાવ્યું કે, શરૂઆતી દિવસોમાં મને ક્યારેય આવા ખરાબ અનુભવો થયા નહોતા અને ન તો ક્યારેય આવા લોકો તેમની સામે આવ્યા હતા. પરંતુ, એક વખત પંજાબી ગીતના પ્રોજેક્ટ દરમિયાન તેમની સમક્ષ એક મોટી શરત મૂકવામાં આવી હતી. અંજલિના જણાવ્યા અનુસાર, કોઈ મોટા સિંગરની ટીમમાંથી એક વ્યક્તિએ મને ગીતમાં રોલ મેળવવા માટે 'કોમ્પ્રોમાઈઝ' કરવાની ડીલ ઓફર કરી હતી. જો કે, મારું માનવું છે કે આ વાત ખુદ સિંગરે નહીં પરંતુ કદાચ ડાયરેક્ટર કે પ્રોડ્યુસરે કહી હશે.



# CJPના વિરોધ પ્રદર્શન પર ભડકી કંગના રનૌત

## કહ્યું- 'દેશદ્રોહી અને આતંકવાદી શક્તિઓ બેનકાબ થઈ રહી છે; દેશમાં અસ્થિરતા લાવવાની ચાલ છે'

(એજન્સી) મુંબઈ | તા.12

એક્ટ્રેસ કંગના રનોટે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતૃત્વને 'દેશદ્રોહી અને આતંકવાદી તાકાતો' ગણાવ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને દિલ્હીના જંતર-મંતર પર CJPના પ્રદર્શન બાદ કંગનાનું આ નિવેદન સામે આવ્યું છે.

શનિવારે દિલ્હી પોલીસે કડક પગલાં લેતાં આશરે 7 હજાર લોકોને કસ્ટડીમાં લીધા હતા। અયોધ્યા જતી વખતે લખનઉમાં કંગનાએ કહ્યું કે દેશને અસ્થિર કરવાની સાજિશ રચાઈ રહી છે અને હવે સામાન્ય લોકો જ આ તાકાતોને પકડીને જવાબ માંગશે.

અયોધ્યામાં રામલલાનાં દર્શન કરવા જતા સમયે લખનઉ પહોંચેલી કંગના રનૌતને જ્યારે દિલ્હીમાં થયેલા વિરોધ પ્રદર્શન અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો, ત્યારે તેમણે કહ્યું કે દેશવિરોધી તાકાતોનું સત્ય હવે ઉજાગર થઈ રહ્યું છે. કંગનાએ કહ્યું કે પોલીસની વાત તો અલગ છે, હવે સામાન્ય જનતા પોતે જ આ લોકોને પકડીને પ્રશ્નો પૂછશે, કારણ કે લોકોએ તેમને ઓળખવાનું શરૂ કરી દીધું છે. તેમણે વધુમાં કહ્યું કે દેશની સુરક્ષા માટે એજન્સીઓ કામ કરી રહી છે, પરંતુ એ ધ્યાન રાખવું જરૂરી છે કે સામાન્ય નાગરિકોને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

# આમિર ખાનની ભાણેજ સાથે પોલીસની બર્બરતા : વીડિયો શેર કરીને ઈજાના અનેક નિશાન બતાવ્યા, CJP પ્રોટેસ્ટમાં કઝિન ઈમરાન ખાન સાથે ડિટેન કરાઈ હતી...



(એજન્સી) મુંબઈ | તા.12

આમિર ખાનની ભાણેજ ઝૈન મેરી 8 ઑક્ટોબરે મુંબઈમાં કૉકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનનો ભાગ બની હતી. તેની સાથે તેનો કઝિન અને એક્ટર ઈમરાન ખાન પણ પહોંચ્યો હતો. વિરોધ પ્રદર્શનનો ભાગ બનવા બદલ તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. હવે જાયને એક વીડિયો જાહેર કરીને અટકાયત દરમિયાન થયેલી બર્બરતાને કારણે શરીર પર પડેલા ઈજાના નિશાન બતાવ્યા છે.

ઝૈન મેરીએ પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી વીડિયો શેર કર્યો, જેમાં તેના હાથ, આંગળીઓ અને પગ પર ઈજાના અનેક નિશાન દેખાઈ રહ્યા છે. ઈજાઓ બતાવતાં ઝૈને કહ્યું, "અમને એટલા ડરાવશો નહીં કે પહેલેથી જ કોઈ ડર બાકી ન રહે."

ઝૈને ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા પણ એક વીડિયો જાહેર કરીને બતાવ્યું છે કે, તેના સાથળ પર ઈજા થઈ છે. આ સાથે તેણે લખ્યું, 'કંઈક મારી કળાનું અને કંઈક મુંબઈ પોલીસ તથા રાઈટ કન્ટ્રોલ અધિકારીઓનું. આ નર્ક જેવી પીડાદાયક બાબત છે, પરંતુ કળા અને કરાઓકે કરીશું.'

ઝૈન મેરી, ઈમરાન ખાન અને લેખા વૉશિંગ્ટનની શનિવારે મુંબઈના ઑગસ્ટ ક્રાંતિ મેદાનમાં પ્રદર્શન દરમિયાન અટકાયત કરવામાં આવી હતી. ત્રણેયને થોડા કલાકો બાદ છોડી મૂકવામાં આવ્યા હતા. ત્યારબાદ રવિવારે ઈમરાન ખાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

**આર્ચરી પ્રીમિયર લીગ સીઝન બે મુકાબોલા**

## આર્ચરી પ્રીમિયર લીગમાં ચેરો આર્ચર્સ-પૃથ્વીરાજ યોદ્ધાની શાનદાર હેટ્રિક




(એજન્સી) હૈદરાબાદ । તા.12

હૈદરાબાદના પીપલ્સ પ્લાઝા ખાતે રમાઈ રહેલી વિશ્વની પ્રથમ ફ્રેન્ચાઈઝી-આધારિત 'આર્ચરી પ્રીમિયર લીગ' (APL) ની બીજી સીઝનમાં રવિવારે રોમાંચક મુકાબલા જોવા મળ્યા હતા. લીગની રોમાંચક સફરમાં 'ચેરો આર્ચર્સ' અને 'પૃથ્વીરાજ યોધ્ધા' ની ટીમોએ પોતપોતાની શાનદાર રમતનું પ્રદર્શન કરીને સિઝનની ત્રીજી જીત નોંધાવી છે અને પોઈન્ટ ટેબલમાં સર્વોચ્ચ સ્થાન મેળવી લીધું છે. બીજી તરફ, ગત સિઝનની ચેમ્પિયન ટીમ 'રાજપૂતાના રોયલ્સ' ને સતત ત્રીજી હારનો સામનો કરવો પડ્યો છે. અનુભવી ભારતીય આર્ચ ર અતાનુ દાસના શાનદાર દેખાવ અને વૈશ્વિક સ્ટાર ખેલાડીઓના પ્રદર્શનના જોરે ચેરો આર્ચર્સે સ્થાનિક ફ્રેન્ચાઈઝી કાકાટિયા નાઈટ્સ સામે એકતરફી વિજય મેળવ્યો હતો.

અગાઉના દિવસોમાં નજીવા માર્જિનથી પરાજય મેળવનાર ચેરો આર્ચર્સે રવિવારે શાનદાર અંદાજમાં પુનરાગમન કર્યું હતું. દિવસની શરૂઆતમાં તેમણે કાકાટિયા નાઈટ્સ સામે ૬-૦ થી પ્રભાવશાળી વિજય નોંધાવ્યો હતો. અતાનુ દાસે આ મેચમાં સરેરાશ ૯.૬૭ ના સ્કોર સાથે દિવસના શ્રેષ્ઠ પુરૂષ રિકર્વ આર્ચ તરીકેનું બિરુદ મેળવ્યું હતું.

કાકાટિયા નાઈટ્સની ટીમમાં ઓસ્ટ્રિયન કમ્પાઉન્ડ સ્ટાર નિકો વાઈનરના સ્થાને શિવશંકર લાંડકરને ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા, જેમણે જ્યોતિ સુરેખા વેન્નમ સાથે મળીને સારો દેખાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ચેરો આર્ચર્સના કમ્પાઉન્ડ સ્ક્વોડમાં વર્લ્ડ નંબર વન મૈથિયાસ ફુલર્ટનની ઘાતક રમત સામે પ્રતિસ્પર્ધીઓ ટકી શક્યા નહોતા. ડેનિશ આર્ચરે આ મેચમાં છ એરોમાંથી ૫૯ નો સર્વોચ્ચ સ્કોર બનાવીને પોતાની ટીમની જીત સુનિશ્ચિત કરી હતી.

**ભારત વેસ્ટ ઈન્ડીઝ ટીર૦ વિજય, અભિષેક અર્શદીપ શાનદાર પ્રદર્શન**

# ઈન્દોરમાં ભારતીય વાવાઝોડું વેસ્ટ ઈન્ડીઝ ધૂળધાણી

(એજન્સી) ઈન્દોર । તા.12

મધ્યપ્રદેશના ઐતિહાસિક ઈન્દોર શહેરના હોલ્કર ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી રોમાંચક ટીર૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતીય ક્રિકેટ ટીમે પોતાના અદ્ભુત અને વિસ્ફોટક પ્રદર્શનના જોરે મુલાકાતી વેસ્ટ ઈન્ડીઝની ટીમને ૧૪ રને પરાસ્ત કરીને ભવ્ય વિજય હાંસલ કર્યો છે. આ જીત સાથે જ ભારતે પાંચ મેચોની હાઈ-વોલ્ટેજ ટીર૦ શ્રેણીમાં ર-૧થી સરસાઈ મેળવી લીધી છે. પ્રથમ બેટિંગ કરતા ભારતીય બેટ્સમેનોએ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ બોલાવીને સ્કોરબોર્ડ પર ૨૨૩ રનનો પહાડ જેવો લક્ષ્યાંક ખડકી દીધો હતો, જેની સામે લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી કેરેબિયન ટીમ તમામ પ્રયાસો છતાં ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૨૦૯ રન સુધી જ પહોંચી શકી હતી.

મેચની શરૂઆતમાં જ હોલ્કર સ્ટેડિયમની બેટિંગ-અનુકૂળ પીચ પર ભારતીય ટીમે આક્રમક વલણ અપનાવવાની પોતાની નીતિ સ્પષ્ટ કરી દીધી હતી. જોકે, ટીમ માટે શરૂઆત થોડી આંચકાજનક રહી હતી કારણ કે પ્રારંભિક બેટ્સમેન સંજુ સેમસન માત્ર ૩ રનના અંગત સ્કોર પર ઉતાવળિયો શોટ રમવા જતાં ઝડપથી પેવેલિયન ભેગો થઈ ગયો હતો. પરંતુ, આ પ્રારંભિક આંચકાથી વિચલિત થયા વગર યુવા અને વિસ્ફોટક બેટ્સમેન અભિષેક શર્મા તથા ઈશાન કિશને કેરેબિયન બોલરો પર વળતો પ્રહાર શરૂ કર્યો હતો. બંને બેટ્સમેનોએ મેદાનની ચારેય તરફ મનમોહક શોટ્સ રમીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને પાવરપ્લેનો પૂરેપૂરો ફાયદો ઉઠાવ્યો હતો.

ઈશાન કિશને માત્ર ૧૮ બોલમાં ૩૭ રનની અત્યંત ઝડપી અને ઉપયોગી ઈનિંગ રમીને ઈનિંગ્સને મજબૂત ગતિ આપી હતી. તેની આ ઈનિંગમાં શાનદાર કવર ડ્રાઈવ અને



હવામાં ફટકારેલા સિક્સર સમાવિષ્ટ હતા. બંને વચ્ચે થયેલી ઝડપી ભાગીદારીના કારણે ભારતીય ટીમ પાવરપ્લેમાં જ ખૂબ જ મજબૂત સ્થિતિમાં પહોંચી ગઈ હતી.

આ મેચનો સાચો હીરો યુવા ઓપનર અભિષેક શર્મા રહ્યો હતો, જેણે કેરેબિયન બોલિંગ આક્રમણને સંપૂર્ણપણે છિન્નભિન્ન કરી નાખ્યું હતું. અભિષેકે માત્ર ૩૦ બોલમાં ૬૯ રનની વિસ્ફોટક અને યાદગાર ઈનિંગ રમી હતી. તેની આ શાનદાર ઈનિંગમાં ૬ નયનરમ્ય ચોગ્ગા અને ૫ ગગનચુંબી છગ્ગાનો સમાવેશ થતો હતો. વિપક્ષી બોલરો તેની સામે સંપૂર્ણપણે લાચાર નજરે પડતા હતા અને ઈન્દોરનું સ્ટેડિયમ તેના દરેક શોટ પર તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠતું હતું.

આ સનસનાટીભરી ઈનિંગ દરમિયાન અભિષેક શર્માએ આંતરરાષ્ટ્રીય ટીર૦ ક્રિકેટના ૨૧ વર્ષના ઈતિહાસમાં એક નવો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે દર્જ કરી લીધો છે. તે બોલ સામનો કરવાના હિસાબે ટીર૦ ફોર્મેટમાં સૌથી ઝડપી ૨,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કરનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બની ગયો છે. અભિષેકે આ અદ્ભુત સિદ્ધિ મેળવવા માટે માત્ર ૧,૦૨૪ બોલનો સામનો કર્યો હતો. આ પહેલા આ પ્રતિષ્ઠિત રેકોર્ડ ભારતના જ અનુભવી બેટ્સમેન અને પૂર્વ કેપ્ટન સૂર્યકુમાર યાદવના નામે હતો, જેણે ૧,૧૯૨ બોલમાં ૨,૦૦૦ રન બનાવ્યા હતા. અભિષેકની આ ઉપલબ્ધિએ ભારતીય ક્રિકેટના ભાવિ સુવર્ણ યુગની ઝાંખી કરાવી દીધી છે.

# નેશનલ ઓપન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં અંકિતાનો રેકોર્ડ

(એજન્સી) નવી દિલ્હી । તા.12

દેશની રાજધાની નવી દિલ્હીના ઐતિહાસિક જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે યોજાયેલી ૬૫મી નેશનલ ઓપન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના અંતિમ દિવસે ભારતીય રમતગમતના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય ઉમેરાયો છે. સ્પર્ધાના ચોથા અને આખરી દિવસે દેશના હોનહાર એથ્લેટ્સ તરફથી અદ્ભુત કૌશલ્ય, અથાક મહેનત અને ઝનૂનનું અદભુત પ્રદર્શન જોવા મળ્યું હતું. આ રોમાંચક સ્પર્ધામાં મહિલાઓની ૩૦૦૦ મીટર સ્ટીપલચેસ ઈવેન્ટમાં ચોંકાવનારું પ્રદર્શન કરતા અંકિતાએ વર્ષ ૨૦૧૫નો ૧૧ વર્ષ જૂનો રૅકોર્ડ ધ્વસ્ત કરી નાખ્યો છે, જ્યારે પુરુષોની ૨૦૦ મીટર દોડમાં જિષ્ણુ પ્રસાદ પી.કે.એ પોતાની કારકિર્દીનો સર્વશ્રેષ્ઠ સમય નોંધાવીને નવો મીટ રૅકોર્ડ સ્થાપિત કર્યો છે.

મહિલાઓની ૩૦૦૦ મીટર સ્ટીપલચેસ રેસમાં રેલ્વે સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડનું પ્રતિનિધિત્વ કરી રહેલી ૨૪ વર્ષીય એથ્લેટ અંકિતાએ શરૂઆતથી જ પોતાની શાનદાર ગતિ અને લય જાળવી રાખી હતી. તેણે આ કઠિન રેસ માત્ર ૯ મિનિટ ૩૪.૮૬ સેકન્ડમાં પૂર્ણ કરીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. આ સાથે જ અંકિતાએ ભારતીય એથ્લેટ લલિતા બાબર દ્વારા ૨૦૧૫માં કોલકાતા ખાતે



બનાવવામાં આવેલા ૯ મિનિટ ૩૯.૮૩ સેકન્ડના ૧૧ વર્ષ જૂના મીટ રૅકોર્ડને લગભગ ચાર સેકન્ડના વિશાળ અંતરથી તોડી પાડ્યો હતો.

સ્પર્ધા પૂર્ણ થયા બાદ ખુશી વ્યક્ત કરતા અંકિતાએ જણાવ્યું હતું કે, જો ટ્રેક પર તેને પડકાર આપનાર કોઈ અન્ય સ્પર્ધક હોત તો તે આનાથી પણ વધુ સારો સમય નોંધાવી શકી હોત. તેણે શરૂઆતથી અંત સુધી રેસ પર સંપૂર્ણ વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ જ રેસમાં ગુજરાતની વંદના મોરીએ ૧૦ મિનિટ ૦૦.૦૨ સેકન્ડનો સમય લઈને સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે રેલ્વેની કોમલ જગદાલેએ બ્રોન્ઝ મેડલ હાસિલ કર્યો હતો.

બીજી તરફ, પુરુષોના વિભાગમાં ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડનું પ્રતિનિધિત્વ કરી રહેલા ઘાતક એથ્લેટ જિષ્ણુ પ્રસાદ પી.કે.એ ૨૦૦ મીટર સ્પ્રિન્ટમાં સનસનાટી મચાવી દીધી હતી. જિષ્ણુ પ્રસાદે માત્ર ૨૦.૬૨ સેકન્ડનો વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ સમય (પર્સનલ બેસ્ટ) નોંધાવીને રેસ જીતી લીધી હતી અને નવો મીટ રૅકોર્ડ પોતાના નામે દર્જ કર્યો હતો. તેણે બેંગલુરુ ખાતે ૨૦૨૪માં બી. નિતિન દ્વારા બનાવવામાં આવેલા ૨૦.૬૬ સેકન્ડના રૅકોર્ડને માત આપી હતી.

આ રોમાંચક રેસમાં રેલ્વેના અભિન દેવાડિગાએ ૨૦.૯૧ સેકન્ડ સાથે બીજું સ્થાન મેળવી સિલ્વર મેડલ મેળવ્યો હતો, જ્યારે રાજસ્થાનના આદેશ ગાર્સાએ ૨૦.૯૬ સેકન્ડ સાથે બ્રોન્ઝ મેડલ પર કબજો જમાવ્યો હતો. જિષ્ણુ પ્રસાદની આ શાનદાર જીતે ભારતીય ટ્રેક એન્ડ ફીલ્ડમાં પુરુષ સ્પ્રિન્ટર્સના ઉભરતા વર્ચસ્વને પુનઃ સાબિત કર્યું છે. ચાર દિવસ સુધી ચાલેલી આ ૬૫મી નેશનલ ઓપન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં દેશભરમાંથી આવેલી વિવિધ સંસ્થાઓ અને રાજ્યોની ટુકડીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતિમ દિવસે અન્ય ઈવેન્ટ્સમાં પણ રમતવીરોનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું. પુરુષોની ૮૦૦ મીટર દોડમાં આંધ્રપ્રદેશના મોગલી વેંકટરામ રેડ્ડીએ ૧ મિનિટ ૪૭.૦૧ સેકન્ડનો સમય લઈને નવો રેકોર્ડ બનાવ્યો હતો.

# ડેનમાર્ક ઓપન પીવી સિંધુ લક્ષ્ય સેન સામે વિકટ સંગ્રામ

**પીવી સિંધુ અન સે યંગ મુકાબલો, ડેનમાર્ક ઓપન બેડમિન્ટન સ્પર્ધા**



(એજન્સી) નવી દિલ્હી । તા.12

વિશ્વના સૌથી મોંઘા અને પ્રતિષ્ઠિત બેડમિન્ટન ટુર્નામેન્ટ્સમાં ગણાતી સાડા નવ લાખ યુએસ ડોલરની ઈનામી રકમ ધરાવતી ડેનમાર્ક ઓપન સુપર ૭૫૦ ટુર્નામેન્ટમાં ભારતીય બેડમિન્ટન સિતારાઓ માટે અત્યંત કઠિન અને પડકારજનક સ્થિતિ સર્જાઈ છે. ડેનમાર્કના ઓડેન્સ શહેરમાં મંગળવારથી શરૂ થઈ રહેલી આ ગ્રાન્ડ સ્પર્ધાના પ્રથમ જ રાઉન્ડમાં ભારતની બે વારની ઓલિમ્પિક મેડલ વિજેતા પી.વી. સિંધુ અને સ્ટાર પુરુષ ખેલાડી લક્ષ્ય સેનને વિશ્વના સર્વશ્રેષ્ઠ અને શક્તિશાળી દાવેદારો સામે મેદાનમાં ઉતરવું પડશે. આ સ્પર્ધામાં ડ્રો જાહેર થતાં જ ભારતીય ખેમામાં ભારે રોમાંચ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે, કારણ કે બંને ભારતીય ખેલાડીઓને અતિ કઠોર ડ્રોનો સામનો કરવો પડી રહ્યો છે.

મહિલા સિંગલ્સ વિભાગમાં ભારતની આશાનું મુખ્ય કેન્દ્ર બનેલી બે વારની ઓલિમ્પિક પદક વિજેતા પી.વી. સિંધુ માટે ટુર્નામેન્ટની શરૂઆત જ એક ભયાનક અગ્નિપરીક્ષા સમાન બની રહેશે. પ્રથમ જ રાઉન્ડમાં તેનો સામનો વર્તમાન વિશ્વની પ્રથમ ક્રમાંકિત અને ડિફેન્ડિંગ ચેમ્પિયન દક્ષિણ કોરિયાની ખેલાડી અન સે-યંગ સાથે થવાનો છે. ૩૧ વર્ષીય પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન સિંધુ માટે આ મેચ જીતવી એ માત્ર એક રમત નથી પરંતુ પોતાના વચસ્વ અને ક્ષમતાને પુનઃ સાબિત કરવાનો મોટો માર્ગ છે.

ભૂતકાળમાં અન સે-યંગ સામે તેનો રૅકોર્ડ અત્યંત આઘાતજનક રહ્યો છે. સિંધુ આ કોરિયન ખેલાડી સામે રમાયેલી તમામ જૂની દસ મેચોમાં પરાજીત થઈ છે અને તેને હજુ સુધી એકપણ વિજય નસીબ થયો નથી. આ સતત દસ પરાજયનો બોજ સિંધુના માનસિક મનોબળ પર ચોક્કસપણે દબાણ ઊભું કરશે. જોકે, સિંધુનો તાજેતરનો ફોર્મ મિશ્ર રહ્યો છે. તેણે આ જ વર્ષે જુલાઈ મહિનામાં જાપાન ઓપન સુપર ૭૫૦નું ટાઈટલ જીતીને પોતાની તાકાત બતાવી હતી, જ્યારે તાજેતરમાં રમાયેલી આર્કટિક ઓપનમાં તે ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચી હતી. ત્યાં થાઈલેન્ડની રચનોક ઈન્તાનોન સામે રોમાંચક ત્રણ સેટની મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો.

**વુહાન ઓપન ટેનિસ સ્પર્ધા**

## ઝેંગ ક્વિનવેન વુહાન ઓપન માર્ગમાંથી હટ્યા બહાર



(એજન્સી) નવી દિલ્હી । તા.12

ચીનના પ્રતિષ્ઠિત ચાઈના ઓપનમાં શાનદાર અને યાદગાર વિજય મેળવીને પોતાના હોમ ક્રાઉડ સામે ટાઈટલ જીત્યાના ચોવીસ કલાકની અંદર જ એશિયાની સ્ટાર ખેલાડી અને ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ ઝેંગ ક્વિનવેને આંતરરાષ્ટ્રીય ટેનિસ જગતને મોટો આંચકો આપ્યો છે. ચાઈના ઓપનની ફાઈનલમાં મીરા એન્ડ્રીવાને હરાવીને ટ્રોફી પોતાના નામે કર્યા બાદ, સતત મેચોના ભારે થાક અને શારીરિક શ્રમનું કારણ આપીને તેણે વુહાન ખાતે યોજાનારી WTA 1000 સ્તરની હોમ ટુર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. ઝેંગ ક્વિનવેનની સાથે ચાઈના ઓપનની રનર-અપ રહેલી રશિયાની યુવા સનસનાટી મીરા એન્ડ્રીવાએ પણ વુહાનની સ્પર્ધામાંથી હટી જવાનો સત્તાવાર નિર્ણય લીધો છે, જેના કારણે આ ટુર્નામેન્ટની રોમાંચકતા પર મોટી અસર પડી છે.

ગત રવિવારે રમાયેલી ચાઈના ઓપનની ફાઈનલમાં ચીનની ૨૨ વર્ષીય ગોલ્ડન ગર્લ ઝેંગ ક્વિનવેને અદ્ભુત કૌશલ્યનું પ્રદર્શન કરતા રશિયાની મીરા એન્ડ્રીવાને સીધા સેટોમાં ૭-૫, ૬-૪ થી પરાસ્ત કરી હતી. આ વિજય ઝેંગ માટે અત્યંત ખાસ હતો કારણ કે તેણે છેલ્લા બે વર્ષમાં પોતાનું પ્રથમ WTA ટાઈટલ જીત્યું હતું. હોમ ગ્રાઉન્ડ પર મળેલા આ ઐતિહાસિક વિજય બાદ સ્ટેડિયમમાં ઉપસ્થિત હજારો દર્શકો ઝૂમી ઉઠ્યા હતા. ટ્રોફી વિતરણ સમારોહ દરમિયાન ઝેંગ ખૂબ જ ભાવુક દેખાતી હતી. તેણે ચાહકો સાથે પોતાની ખુશી વહેંચતા પોપ સોંગ પણ ગાયું હતું, જેનો વિડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થયો હતો.

**બાળ અધિકારો માટે ક્રિકેટ આયકન સ્મૃતિ મંધાનાની સફર** | **યુનિસેફ ઈન્ડિયાના સેલિબ્રિટી એડવોકેટ તરીકે સ્મૃતિ મંધાનાની નિમણૂક**

# ભારતીય ક્રિકેટ સ્ટાર સ્મૃતિ મંધાના બની યુનિસેફ ઈન્ડિયાની સેલિબ્રિટી એડવોકેટ

(એજન્સી) નવી દિલ્હી । તા.12

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર કેપ્ટન અને વિશ્વભરમાં પોતાની બેટિંગથી ડંકો વગાડનાર સ્મૃતિ મંધાનાએ પોતાની રમતની સાથે હવે સામાજિક ક્ષેત્રે પણ એક મોટું ગૌરવ મેળવ્યું છે. આંતરરાષ્ટ્રીય બાળ દિવસ અને 'ઈન્ટરનેશનલ ડે ઓફ ગર્લ ચાઈલ્ડ' ના અવસર પર યુનિસેફ ઈન્ડિયા (UNICEF India) દ્વારા ભારતીય ક્રિકેટની દિગ્ગજ ખેલાડી સ્મૃતિ મંધાનાને પોતાના 'સેલિબ્રિટી એડવોકેટ' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નવી જવાબદારી સાથે સ્મૃતિ મંધાના બાળ અધિકારો, છોકરીઓની સમાન તકો, ઉત્તમ સ્વાસ્થ્ય, શિક્ષણ અને મહિલા સશક્તિકરણ માટે યુનિસેફના અભિયાનને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ જાહેરાતથી દેશભરના યુવા વર્ગ અને મહિલા ખેલાડીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મીડિયા અહેવાલ અને યુનિસેફ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ નિયુક્તિનો મુખ્ય ઉદ્દેશ્ય છોકરીઓના અધિકારો, તેમની સુરક્ષા, તેમની અસીમ સંભાવનાઓ અને નેતૃત્વ ગુણોને પ્રોત્સાહન આપવાનો છે. આજના સમયમાં પણ વિશ્વભરમાં અનેક કન્યાઓ સામે અનેક પ્રકારની સામાજિક અડચણો રહેલી છે, જે તેમની પસંદગીઓ અને પ્રગતિને મર્યાદિત કરે છે. એક સ્પોર્ટ્સ આયકન અને ભારતની યુવતીઓ માટે રોલ મોડેલ બનેલી સ્મૃતિ મંધાના હવે છોકરીઓને રમવા અને આગળ વધવા માટે સમાન તકો મળે તે માટે સક્રિયપણે કામ કરશે. આ વિશે વાત કરતા સ્મૃતિ મંધાનાએ જણાવ્યું હતું કે, "યુનિસેફ ઈન્ડિયાના સેલિબ્રિટી એડવોકેટ તરીકે જોડાઈને હું અત્યંત ગર્વ અનુભવું છું. બાળપણમાં ક્રિકેટ રમતી વખતે મેં શીખ્યું હતું કે દરેક સ્વપ્ન એક નાની તકથી શરૂ થાય છે."

ભારતીય મહિલા ક્રિકેટ જગતમાં અત્યંત પ્રતિષ્ઠિત સ્થાન ધરાવતી સ્મૃતિ મંધાના અર્જુન પુરસ્કાર વિજેતા છે અને હાલ ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કપ્તાની સંભાળી રહી છે. તેમની કારકિર્દીના આંકડા અત્યંત પ્રભાવશાળી છે. વર્ષ ૨૦૨૫ માં ભારતે જીતેલા ઐતિહાસિક પ્રથમ આઈસીસી મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ વિજયમાં સ્મૃતિ મંધાનાનું યોગદાન અત્યંત મહત્વનું રહ્યું હતું.




**વિઝા** // **યુ-23 કુસ્તી સ્પર્ધામાં વિઝાની મોટી અડચણ, અમેરિકા દ્વારા ખેલાડીઓના વિઝા કરાયા રદ**

# યુ-23 કુસ્તી વિઝા રાહત માટે ભારતીય ફેડરેશનના સઘન પ્રયાસો

(એજન્સી) નવી દિલ્હી । તા.12

ભારતીય રમતગમત જગતમાં હાલમાં એક ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે કારણ કે અમેરિકા ખાતે યોજાનારી આગામી યુ-૨૩ વિશ્વ ચેમ્પિયનશિપ માટે રવાના થનારા કેટલાકશાહ અને પ્રતિભાશાળી યુવા ભારતીય રેસલર્સના વિઝા અમેરિકન દૂતાવાસ દ્વારા ફગાવી દેવામાં આવ્યા છે. રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા આ મામલે સક્રિય બનીને યુ-૨૩ કુસ્તી વિઝા મામલે રાજદ્વારી અને સત્તાવાર સ્તરે પૂરતા પ્રયાસો કરી રહી છે જેથી સમયસર તમામ ખેલાડીઓને મંજૂરી મળી શકે.

અમેરિકાના લાસ વેગાસ શહેરમાં યોજાનારી આ વૈશ્વિક સ્પર્ધામાં ભાગ લેવા માટે ગયેલા ભારતીય દળમાંથી કુલ નવ ખેલાડીઓને વિઝા ન મળતા નિરાશા ફેલાઈ છે. આ દળમાં પાંચ ગ્રેકો-રોમન અને ચાર મહિલા કુસ્તીબાજોનો સમાવેશ થાય છે. અમેરિકન દૂતાવાસ દ્વારા આ યુવા ખેલાડીઓની અરજીઓ રદ કરવા પાછળનું મુખ્ય કારણ તેઓ વીસ વર્ષથી ઓછી વયના હોવા અને હાલમાં કોઈપણ પ્રકારની નોકરી કે રોજગારી ન ધરાવતા હોવાનું જણાવવામાં આવ્યું છે. આ અણધાર્યા નિર્ણયથી ખેલાડીઓની વર્ષોની મહેનત અને ઉત્સાહ પર પાણી ફરે તેવી દહેશત ઊભી થઈ છે.

બુધવારથી મહિલાઓની સ્પર્ધાઓનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, જેને ધ્યાનમાં રાખીને રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા



ખાસ રાહતની આશા રાખી રહી છે. રવિવાર પછીના બે દિવસના ટૂંકા સમયગાળામાં અમેરિકન દૂતાવાસ પોતાના આ નિર્ણય પર પુનર્વિચાર કરશે તેવી ગાઢ સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જે મહિલા કુસ્તીબાજોના વિઝા ફગાવી દેવામાં આવ્યા છે તેમાં પ્રવીણ (૫૦ કિગ્રા), અહિલ્યા શત્રુઘ્ન શિંદે (૫૫ કિગ્રા), નેહા શર્મા (૫૭ કિગ્રા) અને નેહા સાંગવાન (૬૫ કિગ્રા) નો સમાવેશ થાય છે. ફેડરેશનના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ તમામ દીકરીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે સખત પરિશ્રમ કર્યો છે.

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સહાયક સચિવ વિનોદ તોમરે આ સમગ્ર ગંભીર સમસ્યા અંગે વાત કરતા જણાવ્યું છે કે સંસ્થા દ્વારા આ મુદ્દાને ઉકેલવા માટે દરેક સંભવિત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે અમેરિકન દૂતાવાસ ખાસ કરીને મહિલા રેસલર્સના કિસ્સામાં માનવતાવાદી અભિગમ અપનાવીને સકારાત્મક નિર્ણય લેશે. પ્રશિક્ષણ અને તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે ત્યારે તમામ ખેલાડીઓને મેદાન પર ઉતરવાની તક મળે તે માટેના તમામ રાજદ્વારી વિકલ્પો ખુલ્લા રાખવામાં આવ્યા છે.

એક તરફ જ્યાં કેટલાક યુવા ખેલાડીઓ વિઝા ન મળવાને કારણે ચિંતિત છે, તો બીજી તરફ કેટલાક ખેલાડીઓ સમયસર વિઝા મેળવવામાં સફળ રહ્યા છે. મહિલા વર્ગમાં સ્વીટી (૫૩ કિગ્રા), કોમલ (૫૯ કિગ્રા), વૈષ્ણવી પાટીલ (૬૫ કિગ્રા), માનસી લાઠેર (૬૮ કિગ્રા), અમૃતા પુજારી (૭૨ કિગ્રા) અને દીક્ષા મલિક (૭૬ કિગ્રા) ને પહેલા જ વિઝા જારી કરી દેવામાં આવ્યા છે. બીજી બાજુ, ગ્રેકો-રોમન શૈલીના પાંચ ખેલાડીઓ સમર્થ ગન મહાકાવે, ીરજ કુમાર મલિક, સચિન કુમાર, નિખિલ અને હરદીપ પણ વિઝા અસ્વીકારનો ભોગ બન્યા છે. સોમવારથી જ ગ્રેકો-રોમન સ્પર્ધાઓ શરૂ થઈ ચૂકી છે, જેમાં ૬૦ કિગ્રા, ૬૭ કિગ્રા, ૭૨ કિગ્રા, ૮૨ કિગ્રા અને ૯૭ કિગ્રા વજન વર્ગની મેચો સામેલ છે. સમગ્ર દેશની નજર હવે આગામી કલાકોમાં દૂતાવાસ દ્વારા લેવાનારા નિર્ણય પર ટકેલી છે.

**ઓસ્ટ્રેલિયા એ વિરુદ્ધ ભારત એ વનડે શ્રેણી**

# નેથન મેકસવીની વિરાટ કોહલી સ્ટીવ સ્મિથ વીડિયો જોઈ ચમક્યા

(એજન્સી) નવી દિલ્હી । તા.12

ભારતના સ્પિન-અનુકૂળ મેદાન પર રમાયેલી રોમાંચક વનડે શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા એ ટીમે શાનદાર વાપસી કરીને ર-૧થી શ્રેણી પોતાના નામે કરી લીધી છે, જેમાં કાંગારૂ બેટ્સમેન નેથન મેકસવીનીની અદ્ભુત રમતે મુખ્ય ભૂમિકા ભજવી છે. તામિલનાડુ અને પુડુચેરીના સ્પિનરોને મદદરૂપ પીચ પર ભારતીય બોલરોનો સામનો કરવા માટે મેકસવીનીએ ભારતના મહાન બેટ્સમેન વિરાટ કોહલી અને ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન સ્ટીવ સ્મિથના વિડિયો જોઈને ખાસ તૈયારી કરી હતી, જેના પરિણામે તે આખી શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બનીને ઉભરી આવ્યો હતો.

ઓસ્ટ્રેલિયા એ ટીમ પ્રથમ રમાયેલી બે મેચોની ટેસ્ટ શ્રેણી ૧-૦થી હારી ગઈ હતી. પરંતુ, ત્યારબાદ રમાયેલી ત્રણ મેચોની એકદિવસીય આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં કાંગારૂ ટીમે જોરદાર વાપસી કરી હતી. આ વિજયમાં સૌથી મોટો ફાળો આપનાર નેથન મેકસવીનીએ ત્રણ ઈનિંગ્સમાં ૬૪.૬૬ની ઉત્કૃષ્ટ સરેરાશ અને ૮૩.૬૨ના સ્ટ્રાઈક રેટથી કુલ ૧૯૪ રન ફટકાર્યા હતા. ભારતીય સ્પિનરો સામે તેની બેટિંગ ટેકનીક અત્યંત પરિપક્વ અને ભરોસાપાત્ર રહી હતી, જેના કારણે તેને શ્રેણીના શ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.



મેચ બાદ વાતચીત કરતી વખતે મેકસવીનીએ ખુલાસો કર્યો હતો કે ભારતીય ભૂમિ પર સ્પિન બોલિંગ સામે સફળ થવા માટે તેણે વિરાટ કોહલી અને સ્ટીવ સ્મિથ જેવા દિગ્ગજ ખેલાડીઓની રમતનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કર્યું હતું.

## વર્લ્ડ બેન્કના રિપોર્ટમાં દાવો અમીર દેશના ગરીબો ભારતના ધનિકો કરતા વધુ કમાય છે

# ભારતમાં ટોચના દસ ટકા અમીરોની દૈનિક આવક

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

આપણે અવારનવાર એવું માનતા હોઈએ છીએ કે ભારતના ટોચના દસ ટકા ધનિક વર્ગ પાસે અત્યંત વૈભવી જીવન, અમર્યાદિત સાધનો અને ઉચ્ચ કક્ષાનું આંતરરાષ્ટ્રીય જીવનધોરણ ઉપલબ્ધ છે, પરંતુ વૈશ્વિક સ્તરના તાજેતરના ડેટા સામે આવતા જ આ ભ્રમ સંપૂર્ણપણે ભાંગીને ભુક્કો થઈ ગયો છે. વિશ્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા વર્ષ ૨૦૨૬ના 'પૉવર્ટી એન્ડ ઈનઈક્વાલિટી પ્લેટફોર્મ'ના તાજા અને ચોંકાવનારા રિપોર્ટ અનુસાર, વિશ્વના અતિ સમૃદ્ધ દેશોના સૌથી નીચલા સ્તરે રહેતા દસ ટકા ગરીબ લોકોની રોજના ધોરણે થતી આવક કે વપરાશનું સ્તર ભારતના સૌથી ધનિક દસ ટકા લોકો કરતાં પણ નોંધપાત્ર રીતે વધારે છે. આ માત્ર કોઈ સામાન્ય આંકડાકીય સરખામણી નથી, પરંતુ ભારતની આવક વિતરણ વ્યવસ્થા, કામદારોની ઉત્પાદકતા, આર્થિક નીતિઓ અને લાંબા ગાળાના ભવિષ્ય સામે ઊભો થયેલો એક અતિ ગંભીર અને વિચારવા જેવો પડકાર છે.

મીડિયા અહેવાલ અને વિશ્વ બેંકના અધિકૃત આંકડાઓ અનુસાર, ભારતમાં સૌથી નીચેના સ્તરે આવતા દસ ટકા ગરીબ લોકો માટે દૈનિક આવક અથવા વપરાશની મર્યાદા પ્રતિ વ્યક્તિ આશરે ત્રણ ડોલર જેટલી જ નોંધાઈ છે. આ ગરીબીની પરિસ્થિતિની સામે જ્યારે દુનિયાના સમૃદ્ધ અને વિકસિત દેશોના આંકડા ચકાસવામાં આવે ત્યારે વાસ્તવિક ચિત્ર અત્યંત ચિંતાજનક જણાય છે.

યુનાઈટેડ સ્ટેટ્સમાં સૌથી ગરીબ દસ ટકા લોકોની દૈનિક સરેરાશ આવક પચીસ ડોલર છે, કેનેડામાં આ આંકડો એકત્રીસ ડોલર સુધી પહોંચે છે, જ્યારે જર્મની અને ઑસ્ટ્રેલિયા જેવા આર્થિક રીતે સક્ષમ રાષ્ટ્રોમાં ત્યાંના ગરીબ વર્ગની દૈનિક આવક અઠ્ઠાવીસ ડોલર જેટલી નોંધાઈ છે. આમ, અમીર રાષ્ટ્રોના ગરીબ નાગરિકો પણ દૈનિક કમાણીના મામલે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના નીચલા વર્ગ કરતા અનેક ગણા આગળ જોવા મળે છે.

આ અહેવાલમાં આંકડાકીય વિતરણના બીજા છેડે એટલે કે દેશના સૌથી ધનિક વર્ગની સ્થિતિ રજૂ કરવામાં આવી છે, જે વાસ્તવિક આર્થિક સ્થિતિનો પર્દાફાશ કરે છે. ભારતના સૌથી ધનિક દસ ટકા લોકોની દૈનિક આવક કે વપરાશ મર્યાદા આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ માત્ર દસ ડોલર પ્રતિ વ્યક્તિ જ થાય છે. આ જ શ્રેણીના એટલે કે ટોચના દસ ટકા અમીર લોકો માટે દૈનિક આવકનો આંકડો યુનાઈટેડ સ્ટેટ્સમાં એકસો તોતેર ડોલર પ્રતિ દિવસ છે.

કેનેડા અને ઑસ્ટ્રેલિયામાં અમીર વર્ગની દૈનિક આવક એકસો ઓગણત્રીસ ડોલર તથા જર્મનીમાં એકસો અઠ્ઠાવીસ ડોલર સુધી પહોંચે છે. આ સરખામણી સ્પષ્ટ દર્શાવે છે કે ભારતમાં જે કમાણી વ્યક્તિને સ્થાનિક સ્તરે ધનિક કે સમૃદ્ધ બનાવે છે, તે કમાણી અમેરિકા કે યુરોપિયન દેશોના નીચલા સ્તરે જીવતા નાગરિકોની ન્યૂનતમ આવક કરતાં પણ ઘણી ઓછી છે.

સ્થાનિક આર્થિક પરિસ્થિતિ પર નજર કરીએ તો, ભારતના આર્થિક સર્વેક્ષણ અનુસાર જો કોઈ વ્યક્તિ દર મહિને ચોખ્ખી એંસી હજાર રૂપિયાની કમાણી કરે છે, તો તે વ્યક્તિ દેશના સૌથી વધુ કમાણી કરનારા ટોચના દસ ટકા લોકોમાં સ્થાન મેળવી લે છે. સ્થાનિક આર્થિક માળખા અને ખરીદશક્તિ મુજબ આ રકમ મધ્યમ કે ઉચ્ચ-મધ્યમ વર્ગ માટે યોગ્ય લાગી શકે છે, પરંતુ વૈશ્વિક ધોરણો સામે તે અત્યંત પાછળ રહી જાય છે. વિશ્વના અદ્યતન અર્થતંત્રોના નીચલા સ્તરે રહેલા લોકો સાથે સરખામણી કરવામાં આવે ત્યારે ભારતના આ ટોચના દસ ટકા પરિવારોનું એકંદર જીવનધોરણ અને સુવિધાઓ ઘણી નીચી સાબિત થાય છે.

## ઓબોક દરિયામાં શરણાર્થીઓની બોટ પલટી

# જિબૂતી નજીક મોટી હોનારત બોટ પલટી જતાં ૧૩૯ શરણાર્થીના મોત




(એજન્સી) જીબૂટી સીટી । તા. 12

આફ્રિકન દેશ જિબૂતી નજીકના દરિયાઈ માર્ગેથી યમન તરફ જઈ રહેલા શરણાર્થીઓ માટે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક હોનારત સામે આવી છે. સંયુક્ત રાષ્ટ્ર (UN) ની માનવતાવાદી સંસ્થા 'ઈન્ટરનેશનલ ઓર્ગનાઈઝેશન ફોર માઈગ્રેશન' દ્વારા બહાર પાડવામાં આવેલા અધિકૃત અહેવાલ મુજબ, જિબૂતીના ઉત્તરીય ઓબોક શહેર નજીક ગુહેરે વિસ્તાર પાસે ૩૦૦ થી વધુ અસહાય માઈગ્રન્ટ્સને લઈને જઈ રહેલી એક મોટી બોટ દરિયાના ઊંડા પાણીમાં અચાનક પલટી મારીને ડૂબી ગઈ હતી. આ ભયાનક સમુદ્રી દુર્ઘટનામાં ૧૫ માસૂમ બાળકો સહિત ઓછામાં ઓછા ૧૩૯ શરણાર્થીઓના કરુણ મોત નીપજ્યા છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે અરેરાટી અને હડકંપ મચી ગયો છે. માનવતાવાદી સંસ્થાના તાજેતરના અહેવાલ મુજબ, આ કમનસીબ બોટમાં ક્ષમતા કરતા પણ વધુ એટલે કે આશરે ૩૦૫ જેટલા માઈગ્રન્ટ્સ ગીચોગીચ ભરાયેલા હતા. આ ભયાનક અકસ્માત ૮ અને ૯ ઓક્ટોબરની મધ્યરાત્રિના ઘનઘોર અંધારામાં દરિયામાં સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર અને રેસ્ક્યૂ ટીમો દ્વારા વ્યાપક સ્તરે શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આ બચાવ કામગીરી દરમિયાન અત્યાર સુધીમાં દરિયામાંથી આશરે ૮૨ લોકોને સુરક્ષિત અને જીવંત રીતે બહાર કાઢી લેવામાં સફળતા મળી છે. બીજી તરફ, હજુ પણ આશરે ૮૪ જેટલા માઈગ્રન્ટ્સ ઊંડા દરિયામાં લાપતા હોવાથી સ્થાનિક સત્તાધીશો અને રાહત ટુકડીઓ દ્વારા સતત બોટ અને હેલિકોપ્ટર મારફતે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. જિબૂતી ખાતે સંયુક્ત રાષ્ટ્રની માનવતાવાદી એજન્સીના મિશન ચીફ એલેક્ઝાન્ડ્રે કોઈસેકે પરિસ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેમની ટીમો સ્થાનિક સત્તાધીશો અને સરકારી એજન્સીઓ સાથે મળીને ઘટનાસ્થળે અને તટીય વિસ્તારોમાં ગ્રાઉન્ડ લેવલ પર તાત્કાલિક ઈમરજન્સી સહાય પૂરી પાડી રહી છે. સ્થાનિક તંત્ર દ્વારા દરિયામાંથી સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરવામાં આવેલા તમામ પીડિતોને તાત્કાલિક ધોરણે ઈમરજન્સી તબીબી સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત, દુર્ઘટનામાં પોતાના જીવ ગુમાવનારા ૧૩૯ કમનસીબ મૃતકોના સન્માનપૂર્વક અંતિમ સંસ્કાર થાય તે માટે સ્થાનિક પ્રશાસન દ્વારા તમામ જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે.

આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના મતે, આંતરિક અશાંતિ અને ગરીબીથી પીડાતા આફ્રિકન નાગરિકો માટે આ દરિયાઈ રૂટ અત્યંત જોખમી અને જાનલેવા સાબિત થઈ રહ્યો છે. સારો રોટલો કમાવાની લાલચમાં આ ગરીબ શરણાર્થીઓ માનવ તસ્કરોની જાળમાં ફસાઈને માનવ ક્ષમતા કરતાં વધુ ભરેલી નબળી બોટોમાં જીવના જોખમે આંતરરાષ્ટ્રીય જળસીમા પાર કરવાની ઘેલછા ધરાવે છે. આશ્ચર્યજનક બાબત એ છે કે જે યમન દેશ તરફ આ શરણાર્થીઓ જઈ રહ્યા હતા, તે દેશ ખુદ છેલ્લા ઘણા વર્ષોથી ભારે આંતર-વિગ્રહ અને હિંસાની આગમાં હોમાઈ રહ્યો છે.

### ગલ્ફ દેશોમાં પહોંચવાની ઘેલછા અને જોખમ

મીડિયા અહેવાલ અને ચોંકાવનારી વિગતો મુજબ, બોટમાં સવાર આ તમામ માઈગ્રન્ટ્સ પોતાના વતનમાંથી વધુ સારી આર્થિક તકો અને સુખી ભવિષ્યની શોધમાં નીકળ્યા હતા. તેઓ જિબૂતીથી બોટ મારફતે જોખમી દરિયાઈ માર્ગે યમન પહોંચવા માંગતા હતા, જેથી ત્યાંથી આગળ વધીને સમૃદ્ધ ખાડી (ગલ્ફ) દેશોમાં પ્રવેશીને કોઈ નાનો-મોટો રોજગાર મેળવી શકે.

## ન્યૂઝ બ્રીફ

### અમીર દેશોના સૌથી ગરીબ ૧૦% લોકો ભારતના ૧૦% અમીરો કરતાં વધુ પૈસાદાર



નવી દિલ્હી/વાશિંગ્ટન । આપણે હંમેશાં એમ માનતા હોઈએ છીએ કે ભારતના ટોચના ૧૦ ટકા ધનિક વર્ગ પાસે વૈભવી જીવનશૈલી અને ઉચ્ચ જીવનધોરણ છે. પરંતુ, જ્યારે આ આંકડાઓની તુલના વૈશ્વિક સ્તર સાથે કરવામાં આવે ત્યારે એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર વાસ્તવિકતા સામે આવે છે. વિશ્વ બેંકના વર્ષ ૨૦૨૬ના 'પૉવર્ટી એન્ડ ઈનઈક્વાલિટી પ્લેટફોર્મ'ના તાજા ડેટા અનુસાર, વિશ્વના કેટલાક સૌથી સમૃદ્ધ દેશોના સૌથી ગરીબ ૧૦ ટકા લોકોની આવક કે વપરાશ સ્તર ભારતના સૌથી ધનિક ૧૦ ટકા લોકો કરતા પણ વધુ છે! આ માત્ર એક આંકડાકીય તુલના નથી, પરંતુ ભારતની આવક વ્યવસ્થા, ઉત્પાદકતા અને લાંબા ગાળાના આર્થિક ભવિષ્ય સામે ઊભો થયેલો એક મોટો પડકાર છે. વિશ્વ બેંકના અહેવાલ મુજબ, ભારતમાં સૌથી ગરીબ ૧૦ ટકા લોકો માટે દૈનિક આવક અથવા વપરાશ મર્યાદા પ્રતિ વ્યક્તિ માત્ર ૩ ડોલર આસપાસ છે. જ્યારે તેની સરખામણીમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં આ જ ગરીબ વર્ગ માટેનો આંકડો ૨૫ ડોલર, કેનેડામાં ૩૧ ડોલર, તેમજ જર્મની અને ઑસ્ટ્રેલિયામાં ૨૮ ડોલર પ્રતિ દિવસ છે.

### 2100 સુધીમાં AI અને પરમાણુ યુદ્ધ માનવ અસ્તિત્વ માટે ખતરો



લંડન | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો વધતો વ્યાપ અને ટેકનોલોજી જ્યાં એક તરફ દુનિયાને સરળ બનાવી રહી છે, બીજી તરફ તેના ગંભીર જોખમો પણ સામે આવી રહ્યા છે. લંડનમાં 'ધ લેન્સેટ કમિશન ઓન ૨૧સ્ટ સેન્ચુરી ગ્લોબલ થ્રેટ્સ ટુ હેલ્થ' દ્વારા જાહેર કરવામાં આવેલા એક નવા અને વ્યાપક વૈશ્વિક મૂલ્યાંકન મુજબ, ૨૧મી સદીના અંત (૨૧૦૦) સુધીમાં પરમાણુ યુદ્ધ અને AI-આધારિત જૈવિક હથિયારો માનવજાતના અસ્તિત્વ સામે સૌથી મોટા ખતરા તરીકે ઉભરી આવશે. આ રિપોર્ટથી વૈજ્ઞાનિકો અને નીતિઘડનારાઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. આ વૈશ્વિક મૂલ્યાંકન તૈયાર કરવા માટે નિષ્ણાતોએ માનવ સ્વાસ્થ્ય અને અસ્તિત્વ સામે ઊભાં થઈ શકે તેવાં સેંકડો જોખમોનો ગહન અભ્યાસ કર્યો હતો, જેમાંથી ૧૭ મુખ્ય જોખમોની ઓળખ કરવામાં આવી છે. અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દુરુપયોગ કરીને અત્યંત ખતરનાક જૈવિક હથિયારોના વિકાસમાં મદદ મેળવી શકાય છે. આ ટેકનોલોજીનો અનિયંત્રિત અને ખોટો ઉપયોગ માનવ સ્વાસ્થ્ય તેમજ વૈશ્વિક સુરક્ષા માટે અત્યંત વિનાશકારી પરિણામો લાવી શકે છે.

## જિવાણી ગ્વાદરમાં BLA હુમલાનો દાવો

# ગ્વાદરમાં BLA નો મોટો હુમલો કોસ્ટ ગાર્ડના 13 સૈનિકોના મોતનો દાવો, BLA દરિયાઇ વિંગનો કોસ્ટ ગાર્ડ પર પ્રહાર

(એજન્સી) ગ્વાદર । તા. 12

પાકિસ્તાનના અશાંત બલૂચિસ્તાન પ્રાંતના વ્યૂહાત્મક રીતે અતિ મહત્વપૂર્ણ ગણાતા ગ્વાદર જિલ્લામાં બલૂચિસ્તન લિબરેશન આર્મી દ્વારા એક ચોંકાવનારો દરિયાઈ હુમલો કરવામાં આવ્યો છે. BLA એવો દાવો કર્યો છે કે ગ્વાદર જિલ્લા હેઠળ આવતા જિવાણી વિસ્તારના દરિયાઈ ક્ષેત્રમાં પાકિસ્તાની કૉસ્ટ ગાર્ડની બે પેટ્રોલિંગ બોટ પર આયોજિત હુમલો કરીને 13 સૈનિકોને ઠાર મારવામાં આવ્યા છે. આ ઘાતક સૈન્ય ઓપરેશન BLA ની નવગઠિત વિશિષ્ટ દરિયાઈ પાંખ 'હમ્માલ મેરીટાઈમ ડિફેન્સ ફોર્સ' દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હોવાનું સંગઠન દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. આ ઘટના બાદ સમગ્ર ગ્વાદર અને બલૂચિસ્તાનના તટીય વિસ્તારોમાં ભારે સૈન્ય તનાવ વ્યાપી ગયો છે.

મીડિયા અહેવાલ અને BLA દ્વારા જાહેર કરાયેલા નિવેદન અનુસાર, આ ઘટના 11 ઓક્ટોબરના રોજ જિવાણીના દરિયાઈ વિસ્તારમાં ઘટી હતી. પાકિસ્તાની કૉસ્ટ ગાર્ડની બે સશસ્ત્ર બોટ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે BLA ના દરિયાઈ યુનિટે તેમના પર અચાનક અને આક્રમક હુમલો કરી દીધો હતો.




સંગઠનના પ્રવક્તા જીયંદ બલૂચે વિગતો આપતા જણાવ્યું છે કે, BLA એ 13 એપ્રિલ 2026 ના રોજ પોતાની સમુદ્રી પાંખ 'હમ્માલ મેરીટાઈમ ડિફેન્સ ફોર્સ' ની વિધિવત સ્થાપના કરી હતી. આ યુનિટે પોતાનું સૌપ્રથમ મેરીટાઈમ ઓપરેશન પણ ૧૨ એપ્રિલના રોજ મીલ તિયાબ વિસ્તારમાં પાર પાડીને પાકિસ્તાની નેવીની પેટ્રોલિંગ બોટને નિશાન બનાવી ત્રણ સૈનિકોને ઢેર કર્યા હતા. હવે જિવાણી ખાતે બે બોટ પર હુમલો કરીને 13 જવાનોને મારવાનો દાવો કરવામાં આવ્યો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, BLA ની આ નવી મેરીટાઈમ વિંગ બનાવવાનો મુખ્ય હેતુ બલૂચિસ્તાનના વિશાળ દરિયાકિનારાની સુરક્ષા કરવાનો અને પાકિસ્તાની આર્મી તેમજ કૉસ્ટ ગાર્ડની દરિયાઈ ગતિવિધિઓ પર અંકુશ મેળવવાનો છે. BLA ના પ્રવક્તાએ સ્પષ્ટ કર્યું છે કે આ દરિયાઈ ઓપરેશન અંગેના વધુ પુરાવા, વિડીયો અને અન્ય સચોટ વિગતો આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય મીડિયા સમક્ષ રજૂ કરવામાં આવશે.

પાકિસ્તાની સેના અને કૉસ્ટ ગાર્ડ દ્વારા આ વિશિષ્ટ હુમલા અને તેનાથી થયેલા નુકસાન કે જાનહાનિ અંગે હજુ સુધી કોઈ અધિકૃત સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી, પરંતુ સ્થાનિક વર્તુળોમાંથી મળતા અહેવાલો મુજબ સમગ્ર વિસ્તારમાં પાકિસ્તાની નેવી અને કૉસ્ટ ગાર્ડ દ્વારા વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે.

સ્થાનિક ભૂ-રાજકીય પરિસ્થિતિ પર નજર કરીએ તો, ગ્વાદર પોર્ટ લાંબા સમયથી મોટા વિવાદ અને સંઘર્ષનું મુખ્ય કેન્દ્ર બનેલું છે. ચીનના ડ્રીમ પ્રોજેક્ટ 'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ' (BRI) અને ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (CPEC) નો ગ્વાદર પોર્ટ એક અત્યંત મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક હિસ્સો છે.

ચીન આ પોર્ટના માધ્યમથી સીધા જ અરબ સાગર સુધી પોતાની સીધી પહોંચ અને પ્રભુત્વ સ્થાપિત કરવા માંગે છે. જોકે, બલૂચ મુક્તિ સંગઠનો અને સ્થાનિક નાગરિકોની નજરમાં ચીનનો આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ બલૂચિસ્તાનના હિતોની વિરુદ્ધ છે. BLA અને અન્ય સ્થાનિક જૂથોનો આરોપ છે કે ઈસ્લામાબાદ અને બેઈજિંગ મળીને બલૂચિસ્તાનની જમીન અને કુદરતી સંસાધનોનો અન્યાયી રીતે વપરાશ કરી રહ્યા છે.

ગ્વાદરમાં વ્યાપેલી અશાંતિનું મુખ્ય કારણ સ્થાનિક લોકોની તીવ્ર નારાજગી છે. સ્થાનિક બલૂચ સમુદાયનું માનવું છે કે BRI અને CPEC જેવા મોટા પ્રોજેક્ટ્સના નામે તેમની પૈતૃક જમીનો છીનવી લેવામાં આવી છે. આટલા મોટા આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ કાર્યરત હોવા છતાં સ્થાનિક યુવાનોને રોજગારી મળતી નથી કે વિસ્તારમાં કોઈ વાસ્તવિક આર્થિક વિકાસ દેખાતો નથી.

એક સમયે શાંત અને માછીમારી પર નભતો ગ્વાદરનો તટીય વિસ્તાર આજે ભારે સૈન્ય છાવણીમાં ફેરવાઈ ગયો છે. ચારેય તરફ પાકિસ્તાની આર્મી, પેરામિલિટ્રી અને કોસ્ટ ગાર્ડની ભારે મૌજૂદગીને કારણે સ્થાનિક માછીમારો અને નાગરિકો માટે દૈનિક જીવન મુશ્કેલ બની ગયું છે.

# સાઉદી અરેબિયાના એરપોર્ટ પર હૂથીઓનો ઘાતક હુમલો ભારે તબાહી મચી

(એજન્સી) રિયાધ । તા. 12

મધ્ય પૂર્વના યુદ્ધના મેદાનમાં હવે સંઘર્ષનું કેન્દ્ર સીધું જ સાઉદી અરેબિયા તરફ વળ્યું છે, જેના કારણે સમગ્ર ખાડી દેશોમાં ભારે અરેરાટી અને હડકંપ મચી ગયો છે. યમનના ઈરાન-સમર્થિત હૂથી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ સ્થિત અતિ મહત્વપૂર્ણ એવા 'કિંગ ખાલિદ ઈન્ટરનેશનલ એરપોર્ટ' પર સળંગ બીજા દિવસે પણ અત્યંત ખતરનાક મિસાઈલ અને ડ્રોન હુમલો કર્યો છે. આ ભયાનક હુમલાને કારણે એરપોર્ટ પરિસરમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને મોટું નુકસાન થયું છે. આ હુમલામાં એક પાકિસ્તાની નાગરિકનું કરુણ મૃત્યુ નીપજ્યું છે, જ્યારે અન્ય અગિયાર જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ અગાઉ શનિવારે થયેલા હુમલામાં ૧૨ થી વધુ લોકોના મોત થયા હતા, જેના પગલે સાઉદી પ્રશાસને એરપોર્ટ ૨૪ કલાકથી વધુ સમય માટે બંધ રાખવાની જાહેરાત કરી છે.

મીડિયા અહેવાલ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, જ્યારે આ ઘાતક હુમલો થયો ત્યારે મોટી સંખ્યામાં મુસ્લિમ શ્રદ્ધાળુઓ અને ઉમરાહ માટે આવેલા યાત્રીઓ પોતાની ફ્લાઈટ્સમાં સવાર થવા માટે લાંબી કતારોમાં ઊભા રહીને બોર્ડિંગની રાહ જોઈ રહ્યા હતા. અચાનક થયેલા શક્તિશાળી વિસ્ફોટોને કારણે એરપોર્ટના ટર્મિનલ વિસ્તારમાં નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. જીવ બચાવવા માટે અસહાય મુસાફરો અહીં-તહીં દોડવા લાગ્યા હતા. સાઉદી નાગરિક ઉડ્ડયન સત્તામંડળના જણાવ્યા અનુસાર, આ અચાનક થયેલા હુમલામાં એરપોર્ટની અત્યાધુનિક ઈમારતો અને સંપત્તિને વ્યાપક નુકસાન પહોંચ્યું છે, જેનું મૂલ્યાંકન હાલ અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# ઓમાનના દરિયાકાંઠે ભારતીય ઓઈલ જહાજ પર હુમલો બે ક્રૂ મેમ્બર્સ ગુમ, સોહર એન્કોરેજ નજીક જહાજને નિશાન બનાવ્યું

(એજન્સી) મસ્કાત । તા. 12

મધ્ય પૂર્વના સંવેદનશીલ દરિયાઈ ક્ષેત્રમાંથી એક અત્યંત ચિંતાજનક અને ગંભીર સમાચાર સામે આવ્યા છે. ઓમાનના દરિયાકાંઠે આવેલા સોહર એન્કોરેજ વિસ્તારની નજીક 'એમટી પેટ્રો ડોલ્ફિન' (MT Petro Dolphin) નામના ભારતીય ઓઈલ ટેન્કર પર એકાએક ભયાનક ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલાના કારણે આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર વાણિજ્યિક જહાજોની સુરક્ષાને લઈને મોટો ખતરો ઊભો થયો છે. આ ઓઈલ ટેન્કરમાં કુલ ૧૧ ભારતીય ક્રૂ મેમ્બર્સ સવાર હતા, જેમાંથી સ્થાનિક તંત્ર દ્વારા ૯ ખલાસીઓને સફળતાપૂર્વક સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે, પરંતુ હજુ પણ 2 ક્રૂ મેમ્બર્સ ગુમ હોવાથી તેમની સઘન શોધખોળ માટે રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું છે.

આ ગંભીર ઘટના ૧૧ ઓક્ટોબરના રોજ ઓમાનના સોહર એન્કોરેજ નજીક બની હતી.



ડ્રોન દ્વારા ઓઈલ ટેન્કરને નિશાન બનાવવામાં આવતા જ જહાજમાં હડકંપ મચી ગયો હતો. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (X) પર આ અંગે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, હુમલાની આ દુર્ઘટના બાદ તરત જ સ્થાનિક કોસ્ટ ગાર્ડ અને સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ હતી.

મંત્રીએ સ્પષ્ટ કર્યું કે જહાજ પર સવાર ૧૧ ભારતીય નાગરિકો પૈકી ૯ લોકોને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરી લેવાયા છે, જ્યારે બાકીના 2 ગુમ થયેલા ક્રૂ મેમ્બર્સની ભાળ મેળવવા માટે દરિયામાં વ્યાપક સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસ આ સમગ્ર ઘટનાક્રમ પર અત્યંત નઝર રાખી રહ્યું છે અને સ્થાનિક ઓમાની અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી રહ્યું છે.

આ હુમલો એવા સમયે સામે આવ્યો છે જ્યારે હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના વ્યૂહાત્મક દરિયાઈ માર્ગો પર વાણિજ્યિક જહાજોની અવરજવર અત્યંત જોખમી બની ગઈ છે. થોડા સમય પહેલાં જ ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) નેવી દ્વારા એક વિડિયો જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં એક મોટું ઓઈલ ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતી વખતે દરિયામાં રહેલી લેન્ડમાઈન સાથે અથડાતા તેમાં ભયાનક વિસ્ફોટ થયો હતો અને જહાજમાં આગ લાગી ગઈ હતી. ત્યારે ઈરાની દળો દ્વારા દાવો કરવામાં આવ્યો.

**સરકાર ભંગ** | પાકિસ્તાનમાં મોટો રાજકીય ભૂકંપ ખૈબરમાં ઈમર્જન્સી લાગુ પીટીઆઈ સરકાર બરતરફ

# પીટીઆઈ સરકાર ભંગ સોહૈલ આફ્રિદીની ધરપકડ

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 12

રાજકીય અખાડામાંથી એક અત્યંત મોટા અને સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. દેશમાં વધી રહેલા ગંભીર રાજકીય સંકટ વચ્ચે રવિવાર, 11 ઓક્ટોબરના રોજ પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ અફઘાનિસ્તાન સરહદને અડીને આવેલા વ્યૂહાત્મક રીતે અતિ મહત્વપૂર્ણ એવા ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં સત્તાવાર રીતે કટોકટી એટલે કે ઈમર્જન્સી લાગુ કરી દીધી છે. આ સાથે જ કેન્દ્રની શહબાઝ શરીફ સરકારે ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી 'તેહરિક-એ-સાફ' (PTI) ની ચૂંટાયેલી પ્રાદેશિક સરકારને સંપૂર્ણપણે બરતરફ કરીને ભંગ કરી નાખી છે. કેન્દ્ર સરકાર દ્વારા આતંકવાદને ડામવામાં નિષ્ફળ રહ્યાનું સત્તાવાર કારણ ધરીને લેવામાં આવેલા આ પગલાથી પાકિસ્તાનના રાજકારણમાં ભારે ભૂકંપ આવી ગયો છે.

મીડિયા અહેવાલ અને સ્થાનિક સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ખૈબરમાં ઈમર્જન્સી લાગુ થવાની



સાથે જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. ઈમર્જન્સી જાહેર થયાના થોડા જ સમયમાં સુરક્ષાદળો દ્વારા પીટીઆઈના દિગ્ગજ નેતાઓ વિરુદ્ધ સખત કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, ખૈબર પ્રાંતના મુખ્યમંત્રી સોહૈલ આફ્રિદીની પોલીસે ધરપકડ કરી લીધી છે અને પ્રાંતીય પ્રદેશ પ્રમુખને પણ અટકાયતમાં લેવામાં આવ્યા છે. આ ઘાતક રાજકીય હુમલા બાદ પ્રાંતની તમામ સત્તા હવે રાજ્યપાલ અને કેન્દ્ર સરકારના હસ્તક જતી રહી છે. પરિસ્થિતિ એટલી તંગ બની ગઈ છે કે આગામી ઓછામાં ઓધા છ મહિના સુધી આ પ્રાંતમાં કોઈપણ પ્રકારની ચૂંટણીઓ યોજાશે નહીં, જેના કારણે કેન્દ્ર અને પીટીઆઈ વચ્ચે સીધો ટકરાવ શરૂ થઈ ગયો છે. છેલ્લા ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી જેલમાં બંધ રહેલા લોકપ્રિય નેતા ઈમરાન ખાનને તાત્કાલિક ધોરણે સન્માનપૂર્વક મુક્ત કરવામાં આવે તેવી માંગણી સાથે પીટીઆઈના સમર્થકો અને કાર્યકરો વિશાળ રેલીઓ યોજીને રસ્તા પર ઉતરી આવ્યા છે. ખૈબર પ્રાંતથી શરૂ થયેલી આ વિરોધ રેલીઓ અને કૂચ ઈસ્લામાબાદ તરફ આગળ વધી રહી છે, જેના કારણે સુરક્ષાદળો અને દેખાવકારો વચ્ચે ઘર્ષણની પૂરી સંભાવનાઓ સર્જાઈ છે.

કેન્દ્રમાં વડાપ્રધાન શહબાઝ શરીફની સરકાર હોવા છતાં, ખૈબરમાં ઈમરાન ખાનની પાર્ટીનું મજબૂત સાર્વજનિક સમર્થન હોવાથી કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલું આ દમનકારી પગલું દેશને વધુ ગંભીર ગૃહયુદ્ધ કે અશાંતિ તરફ ધકેલી રહ્યું છે તેવી ચિંતા રાજકીય વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે.

# ઈરાનની પાકિસ્તાન અને તૂર્કિયેને ધમકી સાઉદીનો સાથ આપ્યો તો અંજામ ભયાનક

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

એશિયામાં વધી રહેલા ભયાનક યુદ્ધ અને સંઘર્ષ વચ્ચે ઈરાને હવે અબુ ધાબી સહિત પ્રદેશના અગ્રણી રાષ્ટ્રો તેમજ તાજેતરમાં થયેલા 'મક્કા સંરક્ષણ કરાર'માં સામેલ સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તૂર્કિયે સામે અત્યંત આકરું વલણ અપનાવીને સીધી ધમકી આપી છે. યમનમાં હૂથી બળવાખોરો દ્વારા સાઉદી અરેબિયા પર સતત કરવામાં આવી રહેલા હુમલાઓ વચ્ચે ઈરાને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો પાકિસ્તાન કે તૂર્કિયે આ વિવાદમાં કૂદીને સાઉદી અરેબિયાનો સાથ આપશે અથવા યમનમાં કોઈપણ પ્રકારની સૈન્ય દખલગીરી કરશે, તો તેના પરિણામો અત્યંત જોખમી, ભયાનક અને અપ્રત્યાશિત આવશે. 5 ઓક્ટોબરથી અમલમાં આવેલા કરાર હેઠળ સાઉદીને તૂર્કિયે કે પાકિસ્તાન પણ બચાવી શકશે નહીં.

મીડિયા અહેવાલ અનુસાર, 5 ઓક્ટોબરથી વિધિવત રીતે અમલી બનેલા 'મક્કા સંરક્ષણ કરાર'ની જોગવાઈ મુજબ, આ ગઠબંધનમાં સામેલ કોઈ પણ એક દેશ પર થતો સશસ્ત્ર હુમલો એ તમામ સભ્ય દેશો પરનો હુમલો ગણવામાં આવશે. આ કરારના આધારે સાઉદી અરેબિયાની સુરક્ષા માટે પાકિસ્તાન અને તૂર્કિયે જવાબી સૈન્ય કાર્યવાહી કરી શકે તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી હતી. પાકિસ્તાન દ્વારા સાઉદી અરેબિયાની ધરતી પર હજારો સૈનિકોની ટુકડી મોકલવાની ચાલી રહેલી ચર્ચાઓ પર ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, અમે આવી અફવાઓ સાંભળી રહ્યા છીએ અને આશા રાખીએ છીએ કે તે સાચી ન ઠરે. યમન મામલે આ કરારનો ઉપયોગ કરવો તે દેશો માટે ખૂબ જ ભારે પડી શકે છે.

# INS માંગરોલ: દુશ્મન સબમરીન માટે એક ભયંકર ખતરો

(એજન્સી) નવી દિલ્હી | તા.12

અત્યાધુનિક એન્ટિ-સબમરીન યુદ્ધ જહાજ 'માંગરોલ' ને નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું છે. તે કોચી સ્થિત કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે પશ્ચિમી નૌકાદળ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ વાઇસ એડમિરલ સંજય વાત્સાયન હાજર હતા.મુંબઈ: ભારતીય નૌકાદળની ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. છીછરા પાણીમાં સબમરીનને શોધી કાઢવા અને તેને જોડવામાં સક્ષમ યુદ્ધ જહાજ 'માંગરોલ' ને નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું છે. આધુનિક શસ્ત્રો અને સેન્સરથી સજ્જ, આ જહાજ ખાસ કરીને દરિયાકાંઠાના પાણીમાં ભારતની સુરક્ષાને મજબૂત બનાવશે. તેનું નિર્માણ કોચી સ્થિત કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.દુશ્મન સબમરીનને શોધી કાઢવામાં સક્ષમ: 'માંગરોલ' એ એન્ટિ-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ (ASW-SWC) શ્રેણીનું ત્રીજું જહાજ છે. તેને છીછરા પાણીમાં પાણીની અંદરના જોખમોને શોધી કાઢવા અને નિષ્ક્રિય કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે. તે દરિયાઈ પેટ્રોલ એરક્રાફ્ટ, હેલિકોપ્ટર અને અન્ય યુદ્ધ જહાજો સાથે સંકલનમાં કાર્ય કરી શકે છે. આનાથી નૌકાદળની સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતાઓમાં વધારો થવાની અપેક્ષા છે, ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં જ્યાં મોટા યુદ્ધ જહાજો ઓપરેશનલ અવરોધોનો સામનો કરે છે. તે નૌકાદળના વ્યાપક દરિયાઈ કામગીરીમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ત્રણ ડીઝલ એન્જિન અને વોટરજેટ પ્રોપલ્શન સિસ્ટમ દ્વારા સંચાલિત, આ જહાજ છીછરા પાણીમાં અત્યંત કાર્યક્ષમ દાવપેચ અને નેવિગેશન કરવા સક્ષમ છે. તે પાણીની અંદર દેખરેખ, ઓછી-તીવ્રતાવાળા દરિયાઈ કામગીરી અને ખાણ-લેઈંગ અથવા ખાણ-પ્રતિમાપન મિશન હાથ ધરવા માટે પણ સજ્જ છે. આધુનિક સોનાર અને ટોર્પિડોથી સજ્જઆ સબમરીન દુશ્મન પાણીની અંદરની પ્રવૃત્તિને શોધવા અને દુશ્મન સબમરીન દ્વારા ઉભા થયેલા ખતરાનો સામનો કરવા માટે રચાયેલ ઘણી આધુનિક સિસ્ટમોથી સજ્જ છે. આમાં 'અભય' હલ-માઉન્ટેડ સોનાર, હળવા વજનના ટોર્પિડો, સ્વદેશી એન્ટિ-સબમરીન રોકેટ લોન્ચર અને 'મારીચ' એડવાન્સ્ડ ટોર્પિડો ડેકોય સિસ્ટમનો સમાવેશ થાય છે. આ સિસ્ટમો પાણીની અંદર સંભવિત જોખમોને શોધવા, તેનો સામનો કરવામાં અને ટોર્પિડો સ્ટ્રાઇક જેવા હુમલાઓ સામે રક્ષણ કરવામાં મદદ કરે છે.સમુદ્રી સુરક્ષાના બદલાતા પરિદ્રશ્ય અને પાણીની અંદર વધતા જોખમો વચ્ચે, નૌકાદળમાં 'મંગરોળ'નો સમાવેશ એ સબમરીન-વિરોધી યુદ્ધ ક્ષમતાઓને મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે; તે ખાસ કરીને દરિયાકાંઠાના સમુદ્રી વિસ્તારોમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. આ જહાજનો સમાવેશ ભારતની સ્વદેશી જહાજ નિર્માણની વધતી જતી ક્ષમતાને પણ રેખાંકિત કરે છે. વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ, વાઇસ એડમિરલ સંજય વત્સાયન આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

# 'જ્ઞાનેશ કુમારને બચાવી સરકાર મોટી ભૂલ કરી રહી છે...', દિલ્હીને જેલ બનાવી દેવાનો રાહુલ ગાંધીનો આક્ષેપ

(એજન્સી) નવી દિલ્હી | તા.12

દિલ્હીમાં 'INDIA' ગઠબંધન દ્વારા સુપ્રીમ કોર્ટ સુધી માર્ચ કાઢવાની જાહેરાત કરાઈ હતી, જોકે CJI એ વિપક્ષી સાંસદોની અરજી ફગાવી દીધી. રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા, દિલ્હીને "કેદખાનું" અને "કિલ્લો" બનાવવાનો આરોપ લગાવ્યો. NCP-SCP ના સાંસદ સુપ્રિયા સુલેએ શાંતિપૂર્ણ રીતે ન્યાય માંગવાની વાત કરી. CJP એ શાંતિપૂર્ણ પ્રદર્શન માટે 24 કલાકનું અલ્ટીમેટમ આપ્યું. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આજે ફરી રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. 'I.N.D.I.A ગઠબંધન દ્વારા સુપ્રીમ કોર્ટ સુધી માર્ચ કાઢવાની જાહેરાત કરવામાં આવી છે, જોકે મુખ્ય ન્યાયાધીશ (CJI) એ વિપક્ષી સાંસદોની અરજી ફગાવી દીધી છે. આ દરમિયાન રાહુલ ગાંધી અને અન્ય દિગ્ગજ નેતાઓએ સરકાર વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું છે.લોકસભામાં નેતા પ્રતિપ્રક્ષ રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ યોજીને કેન્દ્ર સરકાર પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે આશ્ચર્ય વ્યક્ત કરતા પૂછ્યું કે, "આખરે દિલ્હી કેદમાં કેમ છે? લોકોને દિલ્હી આવતા રોકવામાં આવી રહી છે,



ટ્રેનો અને બસોને અટકાવવામાં આવી રહી છે. દિલ્હીને કિલ્લો બનાવી દેવામાં આવ્યો છે અને ચારેય તરફ પોલીસ તૈનાત છે." રાહુલ ગાંધીએ સરકાર સામે નિશાન તાકતાં કહ્યું કે જ્ઞાનેશ કુમારને બચાવીને સરકાર મોટી ભૂલ કરી રહી છે.રાહુલ ગાંધીએ કહ્યું કે પોલીસવાળા પણ પરેશાન છે. દિલ્હી પોલીસ, સીઆરપીએફ, આઈટીબીટીના લોકો સવાલ કરે છે કે યુવાઓને કેમ મારવામાં આવી રહ્યા છે. 50% પોલીસ યુવાઓ અને અમારા સમર્થનમાં છે અને કહે છે કે અમે જે કરી રહ્યા છીએ તે યોગ્ય છે.વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે હું અને કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા જસ્ટિસ સૂર્યકાંતને મળવા માગતા હતા પણ તેમણે મુલાકાતનો જ ઈનકાર કરી દીધો. આજે અમે અમે ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ સુપ્રીમ કોર્ટ જઈશું અને અરજી દાખલ કરીશું.રાહુલ ગાંધીએ કહ્યું કે જ્ઞાનેશ કુમાર પર કોનું દબાણ છે એ અમે જાણીએ છીએ. તે રાજીનામુ આપી દે અને એપ્રૂવર બની જાય. અમે આંદોલન માટે કોઇ પ્લાન કર્યું નથી. આ શિવજીના તાંડવ જેવું છે. દિલ્હીમાં વિપક્ષના વિરોધ પ્રદર્શન વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમાર પર નિશાન સાધતા કહ્યું કે તેમની ઊંઘ ઉડી ગઈ છે, અમે તેમને છોડીશું નહીં. રાહુલ ગાંધીએ એ પણ જાહેરાત કરી કે INDIA બ્લોકના સાંસદો આજે બપોરે 3 વાગ્યે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરશે અને આ લડાઈ દેશના ભવિષ્ય માટે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે આ બંધારણ બચાવવાની લડાઈ છે. જ્યાં સુધી ન્યાય નહીં મળે અને જ્ઞાનેશ કુમાર રાજીનામુ નહીં આપે ત્યાં સુધી આ આંદોલન શમવાનું નથી. ભાજપ અને આરએસએસ સામે આકરા પ્રહારો કરતા કહ્યું કે આ લોકોના ગુંડાઓએ પોલીસની હાજરી છતાં યુવા દેખાવકારો પણ હુમલા કર્યા. આ લોકોએ ભારતના આત્મા પર એટેક કર્યો છે. અમે પીછેહઠ નહીં કરીએ, થાકીશું પણ નહીં. સરકારના 200 જેટલા અધિકારીઓ પણ હવે અમારા ટેકામાં છે. જેટલો પણ સમય લાગે અમે છોડીશું નથી. રાહુલ ગાંધીએ લોકોને અપીલ કરી કે જો બંધારણ બચાવવું હોય તો આવી જાઓ રસ્તા પર. અમે તો આજે પણ આગળ વધીશું, અમને ખબર છે કે તેઓ અમને રોકવાના છે પરંતુ અમે ડરીશું નહીં.કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સભ્ય સૌરવ દાસે જણાવ્યું છે કે દરેક નાગરિકને શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાનો મૌલિક અધિકાર છે. CJP એ દિલ્હી પોલીસને 24 કલાકનું અલ્ટીમેટમ આપતા કહ્યું છે કે પોલીસ તેમને શાંતિપૂર્ણ પ્રદર્શન માટે દિવસ અને તારીખ ફાળવે, નહીંતર સંગઠન પોતે જ આંદોલનની જાહેરાત કરશે.

# નરેન્દ્ર મોદી: નાણાકીય શિસ્તના મક્કમ સમર્થક



- પ્રો. વિધુ શેખર

2000ના દાયકાની શરૂઆતમાં, ગુજરાત વીજળી સંકટનો સામનો કરી રહ્યું હતું, જે મૂળભૂત રીતે નાણાકીય સમસ્યા હતી. પૂરી પાડવામાં આવતી વીજળીનો ત્રીજા ભાગ કરતાં વધુ ભાગ ટ્રાન્સમિશન અને વિતરણમાં વેડફાયો હતો. વીજળી બિલ વસૂલાત નબળી હતી અને ગ્રામીણ વિસ્તારોમાં વીજળી પુરવઠો અવિશ્વસનીય હતો. રાજ્ય વીજળીના દરમાં તીવ્ર વધારો કરી શક્યું હોત, પુરવઠો ઘટાડી શક્યું હોત અથવા નુકસાન સહન કરી શક્યું હોત.

ગુજરાતે મુશ્કેલ રસ્તો પસંદ કર્યો. બાકી રહેલા વીજળી બિલોની કડક વસૂલાતના ઉદાહરણો બહુ ઓછા હતા અને ડિફોલ્ટરો સામે પગલાં લેવાને રાજકીય આત્મહત્યા માનવામાં આવતું હતું. તેમ છતાં, મુખ્યમંત્રીએ આ પગલું ભર્યું. બિલિંગ સિસ્ટમોને સુવ્યવસ્થિત કરવામાં આવી, વીજળી ચોરી રોકવા માટે પગલાં લેવામાં આવ્યા અને ચુકવણી પદ્ધતિઓનો વિસ્તાર કરવામાં આવ્યો. 'જ્યોતિગ્રામ' યોજના હેઠળ, કૃષિને વીજળી પૂરી પાડતા ફીડરોને અન્ય ગ્રામીણ પુરવઠાથી અલગ કરવામાં આવ્યા, જેનાથી કૃષિ વીજ પુરવઠાનો સમયગાળો સ્થિર થયો અને બાકીની વસ્તી માટે સેવામાં સુધારો થયો.

આંકડા ઝડપથી બદલાયા. રોકડ વસૂલાત 2003-04માં 9,176 કરોડથી વધીને 2006-07માં 13,101 કરોડ થઈ ગઈ. ટ્રાન્સમિશન અને વિતરણ ખોટ 2002-03માં 35.9% થી ઘટીને 2006-07માં 21.5% થઈ ગઈ. તે સમયે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હતા.સરકારના વડા તરીકે સતત 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે, તે ઘટના તેમના આર્થિક કામકાજ ખાસ કરીને નાણાકીય શિસ્તને સમજવા માટે એક સારો દ્રષ્ટિકોણ પૂરો પાડે છે.

નાણાકીય શિસ્ત શા માટે જરૂરી છે? કારણ કે નાણાં ક્યાંક ને ક્યાંકથી તો આવવા જ જોઈએ. રસ્તાઓ, રેલવે, શિક્ષણ, આરોગ્યસંભાળ અને કલ્યાણકારી યોજનાઓ માટે ભંડોળની જરૂર પડે છે. પૂરતી આવક વિના ખર્ચ કરવાનો અર્થ છે વધુ નાણાકીય ખાધ, વધુ ઉધાર અને કદાચ વધુ મોંઘવારી પણ, જેના કારણે છેવટે લોકો સુધી પહોંચાડવાના લાભોનું મૂલ્ય ઘટી જાય છે. નાણાકીય શિસ્ત રાજ્યની રોકાણ કરવાની, પરિવારોને મદદ કરવાની અને જરૂર પડે ત્યારે પરિસ્થિતિ અનુસાર પગલાં લેવાની ક્ષમતા જાળવી રાખે છે. પરંતુ હિસાબ-કિતાબને સંતુલિત કરવાની બીજી એક રીત છે: ખર્ચમાં કાપ મૂકવો. સરકાર આવતા વર્ષે બનનારા પુલનું કામ રદ કરીને આ વર્ષના નાણાકીય ખાધના આંકડાને ઓછો બતાવી શકે છે. રસ્તા અને રેલવેના પ્રોજેક્ટમાં વિલંબ કરી શકાય છે, સિંચાઈ યોજનાઓને મુલતવી રાખી શકાય છે. બચત તરત જ દેખાઈ જાય છે, પરંતુ ઉત્પાદક ક્ષમતા અને ભવિષ્યના વિકાસને થતું નુકસાન દેખાતું નથી. વાસ્તવિક નાણાકીય શિસ્તનો અર્થ છે લાંબા ગાળાની નાણાકીય સ્થિરતા સાથે સમાધાન કર્યા વિના જરૂરી ખર્ચ માટે અવકાશ ઊભો કરવો. તેનો અર્થ એ જાણવું કે ક્યારે ખર્ચ કરવો, ક્યાં ખર્ચ કરવો અને તેના માટે નાણાંની વ્યવસ્થા કેવી રીતે કરવી. અમારા તાજેતરના અહેવાલ, 'ગુજરાતથી કેન્દ્ર સુધી નાણાકીય શિસ્ત: બેલેન્સ શીટ્સ, દેવા અને ખર્ચ પર પુરાવા, 2001-2026', બંને સરકારોમાં આ અભિગમની તપાસ કરે છે. તેનાથી એ વાત બહાર આવે છે કે, તે રાજ્યની કાર્ય કરવાની ક્ષમતા જાળવવા, કર વસૂલાતમાં સુધારો કરવા, લીકેજ ઘટાડવા, વ્યાજ ખર્ચનું સંચાલન કરવા અને ભવિષ્યમાં આવક ઉત્પન્ન કરતી અર્થવ્યવસ્થાને વિસ્તૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. રાજ્ય સ્તરે, ગુજરાતની એકંદર નાણાકીય સ્થિતિમાં સુધારો જોવા મળ્યો. 2004-07 અને 2011-14ના ત્રણ વર્ષના સરેરાશની તુલના કરીએ તો, GSDPના 0.51%ની મહેસૂલ ખાધ 0.67%ના સરપ્લસમાં ફેરવાઈ ગઈ. પોતાની કર આવક 6.43% થી વધીને GSDPના 7.65% થઈ ગઈ. મૂડી ખર્ચમાં વધારો થવા છતાં, રાજકોષીય ખાધ 2.94% થી ઘટીને 2.25% થઈ ગઈ. અન્ય રાજ્યો પણ તેમની રાજકોષીય સ્થિતિમાં સુધારો કરી રહ્યા હતા. જોકે, ગુજરાતનો મહેસૂલમાં સુધારો 15 અન્ય રાજ્યોમાંથી 12 રાજ્યો કરતા સારો હતો, જ્યારે કર આવકમાં વધારો 14 રાજ્યો કરતા વધારે હતો. કેન્દ્ર સરકારે પણ આ જ પ્રકારનો અભિગમ અપનાવ્યો. મોટા પાયાના કારણે વસૂલાતમાં સુધારો થયો. GST એ ઈ-વે બિલ, ઈનપુટ-ક્રેડિટ સરખામણી અને ઈ-ઈનવોઈસિંગ દ્વારા વ્યવહારોને સિસ્ટમમાં સમાવિષ્ટ કર્યા. શરૂઆતના વર્ષો મુશ્કેલ હતા. તેમ છતાં, કુલ વસૂલાત પહેલા સંપૂર્ણ વર્ષ, 2018-19માં 11.8 લાખ કરોડથી વધીને 2023-24માં 20 લાખ કરોડથી વધુ થઈ ગઈ.

કલ્યાણ માળખા દ્વારા થતી ગેરરીતિઓમાં ઘટાડો થયો. સીધા ટ્રાન્સફરથી લાભો સીધા બેંક ખાતાઓમાં પહોંચે તે સુનિશ્ચિત થયું, જ્યારે આધાર-લિંક્ડ ચુકવણીઓથી નકલી અને છેતરપિંડીવાળા લાભાર્થીઓને સિસ્ટમમાંથી દૂર કરવામાં આવ્યા. વધુમાં, આવાસ, શૌચાલય, રસોઈ ગેસ અને વીજળી જેવી સુવિધાઓની જોગવાઈ દ્વારા કલ્યાણ કાર્યક્રમોનો વ્યાપ વિસ્તર્યો.

આ વિસ્તરણ રાજકોષીય એકીકરણ સાથે થયું. 2013-14 અને 2018-19 વચ્ચે, કેન્દ્રની રાજકોષીય ખાધ GDPના 4.48% થી ઘટીને 3.44% થઈ ગઈ અને પ્રાથમિક ખાધ 1.14% થી 0.35% થઈ ગઈ. જોકે, વૃદ્ધિને એક અલગ પડકારનો સામનો કરવો પડ્યો. સપ્ટેમ્બર 2019માં સરકારે રોકાણ વધારવા માટે લાયક કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સ દર 30% થી ઘટાડીને 22% કર્યો, જેના પરિણામે અંદાજિત 1.45 લાખ કરોડનું મહેસૂલ નુકસાન થયું. 2019-20માં રાજકોષીય ખાધ વધી. પછી કોવિડ મહામારી આવી. મુખ્ય વિકસિત અર્થતંત્રોની તુલનામાં ભારતનું સીધું રાજકોષીય પ્રોત્સાહન ખૂબ મર્યાદિત હતું. એપ્રિલ 2021થી IMFની સરખામણી મુજબ, જાહેર કરાયેલા વધારાના ખર્ચ અને મહેસૂલ નુકસાનની કુલ રકમ યુએસમાં GDPના 25.5% હતી, જ્યારે ભારતમાં તે 3.3% હતી.

ભારતે લોન ગેરંટી અને અન્ય પગલાં પર ખૂબ આધાર રાખ્યો, જેનાથી માંગ તાત્કાલિક વધી ન હતી. સહાય મુખ્યત્વે ખોરાક, રોજગાર, આરોગ્ય અને લક્ષિત ટ્રાન્સફર પર કેન્દ્રિત હતી. મફત અનાજ એક મુખ્ય સાધન બન્યું, જે પાછળથી PMGKAY હેઠળ આશરે 81 કરોડ લોકો માટે ચાલુ રાખવામાં આવ્યું. આનાથી ફુગાવા પર અસર પડી. જૂન 2022માં અમેરિકામાં ગ્રાહક ફુગાવો 9.1% પર પહોંચ્યો, જે 40 વર્ષમાં સૌથી વધુ છે. ભારતમાં CPI ફુગાવો એપ્રિલ 2022માં 7.8%ની ટોચ પર પહોંચ્યો અને નવેમ્બર સુધીમાં RBની 2-6%ની રેન્જમાં પાછો ફર્યો. ખાધ-નાણાકીય માંગને મર્યાદિત કરીને, ભારતે ફુગાવાના દબાણનો એક સ્ત્રોત કાબુમાં રાખ્યો. રાજકોષીય સંયમથી કલ્યાણકારી લાભોનું વાસ્તવિક મૂલ્ય જાળવવામાં મદદ મળી.મહામારી પછી રાજકોષીય એકત્રીકરણ ઝડપથી ફરી શરૂ થયું. ખાધ 2021-22માં GDPના 6.7%, 2022-23માં 6.4%, 2023-24માં 5.6% અને 2024-25માં 4.8% થઈ ગઈ. દરમિયાન, 2020-21 અને 2024-25 વચ્ચે કેન્દ્રીય મૂડી ખર્ચ બમણાથી વધુ વધીને 4.3 લાખ કરોડથી 10.5 લાખ કરોડ થયો. ઉધાર ખર્ચે આ ચક્ર પૂર્ણ કર્યું. વૈશ્વિક બોન્ડ બજારમાં અસ્થિરતા હોવા છતાં, ભારતીય સોવરિન બોન્ડ મોટાભાગે સ્થિર રહ્યા, જ્યારે યુએસ ટ્રેઝરીઝ સાથે ઉપજ તફાવત ઓછો થયો. સરકારી દેવું ભવિષ્યના નાણાકીય સંસાધનો પર દાવો છે, અને બોન્ડ બજારો તેની ટકાઉપણાને મૂલ્ય આપે છે. ઈન્ડેક્સ સમાવેશ માંગમાં વધારો કરે તે પહેલાં પણ, ઘટતી રાજકોષીય ખાધે તે માર્ગને વધુ વિશ્વસનીય બનાવ્યો હતો. બજેટ 2026-27 આ તર્કને ચાલુ રાખે છે. રાજકોષીય ખાધનો લક્ષ્યાંક જીડીપીના 4.3%, અસરકારક મૂડી ખર્ચ 4.4% અને કેન્દ્રીય દેવું 55.6% નક્કી કરવામાં આવ્યો છે, જે 2030-31 સુધીમાં 50% સુધી પહોંચવાના માર્ગ પર છે. રાજકોષીય શિસ્તનો અર્થ ખાધથી દૂર રહેવું એવો નથી. તેનો અર્થ છે ખાધ પર બાજ જેવી તીક્ષ્ણ નજર રાખવી. જ્યારે વિકાસને ટેકો આપવાની જરૂર હોય અથવા કોઈ અસાધારણ ઊથલપાથલ સર્જાય, ત્યારે ખર્ચ વધારી શકાય છે, પરંતુ શિસ્ત જાળવવા માટે તે ખર્ચનો બોજ ઉઠાવી શકે તેવી રાજકોષીય ક્ષમતા અને ત્યારબાદ નાણાકીય સ્થિતિને ફરી સુધારવા માટેનો વિશ્વસનીય માર્ગ હોવો જરૂરી છે. આ જ વાતે નરેન્દ્ર મોદીને 25 વર્ષ અને બે સ્તરની સરકારમાં રાજકોષીય શિસ્તના કટ્ટર હિમાયતી બનાવ્યા છે.

(લેખક SPJIMRમાં અર્થશાસ્ત્રી અને સહયોગી પ્રોફેસર છે)

# NFR દ્વારા સપ્ટેમ્બરમાં ૧,૦૯૪ રેક્સ અનલોડ કરીને માલ-પરિવહનમાં મજબૂત કામગીરી જાળવી રાખવામાં આવી

માલિગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ માલ-પરિવહનમાં પોતાની મજબૂત ગતિ જાળવી રાખી છે અને સપ્ટેમ્બર ૨૦૨૬માં અનલોડિંગની પ્રભાવશાળી કામગીરી હાંસલ કરી છે. આ મહિના દરમિયાન, સમગ્ર ઝોનમાં કુલ ૧,૦૯૪ માલગાડીના રેક્સ અનલોડ કરવામાં આવ્યા હતા, જે મજબૂત અને પ્રોત્સાહક માલ-પરિવહન કામગીરી દર્શાવે છે.સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન, NFR એ આવશ્યક અને ઔદ્યોગિક ચીજવસ્તુઓના સુચારુ પરિવહનને સુનિશ્ચિત કર્યું. અનાજ, ખાદ્ય પદાર્થો, ખાતર, ખાંડ, કોલસો, મીઠું, ટેન્ક વેગન અને અન્ય સામગ્રી જેવી વસ્તુઓનું ઝોનભરના વિવિધ ગુડ્સ શેડ્સ (માલ-ગોદામો) પર કાર્યક્ષમ રીતે સંચાલન કરવામાં આવ્યું હતું, જેનાથી સમયસર ડિલિવરી શક્ય બની અને તેની માલ-



પરિવહન સેવાઓની વિશ્વસનીયતા વધુ મજબૂત થઈ.માલ-પરિવહનનો નોંધપાત્ર હિસ્સો ઉત્તર-પૂર્વીય રાજ્યોની જરૂરિયાતો પૂરી કરવા માટે ફાળવવામાં આવ્યો હતો. આસામમાં સૌથી વધુ જથ્થો નોંધાયો હતો, જ્યાં ૫૮૫ રેક્સ અનલોડ કરવામાં આવ્યા હતા; તેમાં આવશ્યક અને મહત્વપૂર્ણ બંને પ્રકારની ચીજવસ્તુઓનો સમાવેશ થતો હતો. આ બાબત જાહેર વિતરણ પ્રણાલી (PDS), ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને રોજિંદી ગ્રાહક જરૂરિયાતોને ટેકો આપવામાં રેલ્વેની મહત્વપૂર્ણ ભૂમિકાને રેખાંકિત કરે છે. સમાન સમયગાળા દરમિયાન, ત્રિપુરામાં ૧૦૨, નાગાલેન્ડમાં ૧૫, મણિપુરમાં ૨૮, અરુણાચલ પ્રદેશમાં ૬ અને મિઝોરમમાં ૫ રેક્સ અનલોડ કરવામાં આવ્યા હતા.વધુમાં, પશ્ચિમ બંગાળમાં ૨૦૮ અને બિહારમાં ૧૪૫ રેક્સ અનલોડ કરવામાં આવ્યા હતા, જેમાં આવશ્યક અને મહત્વપૂર્ણ સામગ્રીનું વહન કરવામાં આવ્યું હતું. આ પરિવહને સમગ્ર ક્ષેત્રમાં પ્રાદેશિક પુરવઠા શ્રૃંખલા, વેપાર જોડાણ અને આર્થિક પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવી છે. આવશ્યક અને અન્ય ચીજવસ્તુઓની સતત અવરજવર માત્ર લોકોની રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે જ નહીં, પરંતુ આ ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓને ટેકો આપવા અને મજબૂત કરવા માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. દરેક સ્તરે અસરકારક દેખરેખને કારણે ટર્નઅરાઉન્ડ સમય ઘટાડવામાં અને એકંદરે અનલોડિંગ ક્ષમતામાં સુધારો કરવામાં મદદ મળી છે.

# 'પપ્પા બધું સંભાળી લેશે', 'દારૂ' પીને 3 લોકોને કચડ્યા બાદ 19 વર્ષના નબીરાનો ઉદ્ધત જવાબ!

(એજન્સી) કેરળ | તા.12

કેરળના કોચી એરપોર્ટ નજીક ઝડપભેર દોડતી મિની કૂપર કારે સ્કૂટર પર જઈ રહેલા 3 લોકોને ટક્કર મારતા બે યુવતીઓ સહિત ત્રણેયના ઘટનાસ્થળે જ મોત થયા. 19 વર્ષીય કાર ચાલક સુહેલ સજીવની ધરપકડ કરાઈ છે. અકસ્માત બાદ તેણે "પપ્પા બધું સંભાળી લેશે" તેમ કહેતા લોકોમાં રોષ ફેલાયો. પોલીસે કડક કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે ઝડપનો નશો અને અમીરીનો ઘમંડ ભેગા થાય છે, ત્યારે રસ્તા પર નિર્દોષ લોકોનો ભોગ લેવાય છે. કેરળના એર્નાકુલમ જિલ્લામાં કોચી એરપોર્ટ નજીક રવિવારે વહેલી સવારે અત્યંત દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો. અતિ ઝડપે દોડતી મિની કૂપર કારે સ્કૂટર પર જઈ રહેલા 3 લોકોને જોરદાર ટક્કર મારી હતી, જેમાં બે યુવતીઓ સહિત ત્રણેયના ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યા હતા. આ ભયાનક



અકસ્માત બાદ કાર ચાલક 19 વર્ષીય સુહેલ સજીવના મોઢેથી નીકળેલા શબ્દોએ સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાવી દીધો છે.અકસ્માત સર્જાયા બાદ જ્યારે સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા અને કાર ચાલક સુહેલ સજીવ (ઉંમર 19 વર્ષ)ને ઘેરી લીધો, ત્યારે પસ્તાવો વ્યક્ત કરવાને બદલે તેણે અત્યંત ઉદ્ધત અંદાજમાં જણાવ્યું કે "મારા પપ્પા બધું સંભાળી લેશે." આ નિવેદને લોકોના ગુસ્સામાં ઘી હોમવાનું કામ કર્યું હતું. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને સુહેલને કસ્ટડીમાં લીધો હતો.અડધી રાત્રે ચા પીવા નીકળ્યા અને કાળ ભેટ્યો.આ અકસ્માત રવિવારે વહેલી સવારે આશરે 2 વાગ્યે નેદુમ્બાસેરી ખાતે બન્યો હતો. ત્રણ યુવક-યુવતીઓ નજીકની એક દુકાન પર ચા પીધા બાદ પોતાના સ્કૂટર પર ઘરે પરત ફરી રહ્યા હતા.આ ત્રણેય મિત્રો ત્રિક્કાકરા ખાતે નોકરી કરતા હતા. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ તેમને ગંભીર હાલતમાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.'માત્ર બિયર પીધી હતી' – નશાની હાલતમાં ડ્રાઈવિંગની આશંકાપોલીસે સુહેલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા હેઠળ સાપરાધ મનુષ્યવધ સહિતની કડક કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. અકસ્માત બાદ મેડિકલ તપાસ દરમિયાન સુહેલે સ્વીકાર્યું હતું કે તેણે અકસ્માત પહેલાં દારૂ પીધો હતો, પરંતુ તેનો દાવો હતો કે તેણે "માત્ર બિયર" પીધી હતી.એર્નાકુલમ રૂરલ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (SP) કે. એસ. સુદર્શને પત્રકારોને જણાવ્યું કે, ડ્રાઈવરે દારૂ અથવા અન્ય કોઈ નશીલા પદાર્થોનું સેવન કર્યું હતું કે નહીં તેની સચોટ પુષ્ટિ માટે લોહીના નમૂના લેવાયા છે અને રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. કારની અંદરથી કોઈ શંકાસ્પદ કે નશીલા પદાર્થો મળ્યા છે કે નહીં તે તપાસવા માટે ફોરેન્સિક તપાસ હાથ ધરવામાં આવી છે.પ્રાથમિક તપાસમાં ચાલક નશાની હાલતમાં હોવાના મજબૂત સંકેત મળ્યા છે. આ મિની કૂપર કાર સુહેલના પિતાના નામે નોંધાયેલી છે અને સુહેલ પાસે માન્ય ડ્રાઈવિંગ લાયસન્સ છે.સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહેલા સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે રસ્તાની સાવ છેલ્લી ડાબી બાજુએ જઈ રહેલા સ્કૂટરને કારે પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે પાછળ બેઠેલી એક યુવતી હવામાં ફંગોળાઈ ગઈ હતી. સ્કૂટરના ફુરચેફુરચા ઉડી ગયા હતા અને તેના ટુકડાઓ આખા રસ્તા પર વેરવિખેર થઈ ગયા હતા, જ્યારે મિની કૂપર કારના આગળના ભાગને પણ ભારે નુકસાન થયું હતું.

# દોડતી ઈલેક્ટ્રિક કારમાં ભીષણ આગ, 4 લોકો જીવતા ભુંજાયા

(એજન્સી) આંધ્રપ્રદેશ | તા.12

આંધ્રપ્રદેશના વિજયવાડા વેસ્ટ બાયપાસ પર એક કમકમાટીભર્યો માર્ગ અકસ્માત થયો છે. અહીં દોડતી ઈલેક્ટ્રિક કારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં કારમાં સવાર 4 લોકો જીવતા બળીને ભૂંજાઈ ગયા છે. આ દુર્ઘટનામાં 1 વ્યક્તિ ગંભીર રીતે દાઝી જતાં તેને સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં સામે આવેલી માહિતી મુજબ, કારમાં સવાર તમામ લોકો ગુંટુરના નંબુરુ ખાતે એક સામાજિક પ્રસંગમાં હાજરી આપીને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. તેમની કાર જ્યારે વિજયવાડા વેસ્ટ બાયપાસ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક ગાડીમાં ધુમાડા સાથે આગ ભભૂકી ઊઠી હતી. કારમાં આગ એટલી ઝડપથી પ્રસરી ગઈ કે અંદર બેઠેલા મુસાફરોને દરવાજા ખોલીને બહાર નીકળવાની તક પણ મળી શકી નહીં. તમામ લોકો અંદર જ ફસાઈ ગયા હતા, જેના કારણે ઘટનાસ્થળે જ 4 લોકોના દર્દનાક મોત નીપજ્યા હતા. આ કરુણ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોની ઓળખ નુન્ના ગામના રહેવાસી કોમારેડ્ડી રામદેવ (39), તેમની માતા કોમારેડ્ડી અરુણા, એક માસૂમ બાળક તેમજ નંબુરુના રહેવાસી ટિગુરુ વિજયા તરીકે થઈ છે. ઈલેક્ટ્રિક કારમાં આગ કયા સંજોગોમાં લાગી તે અંગેનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. વાહનની બેટરી સિસ્ટમમાં શોર્ટ સર્કિટના કારણે બ્લાસ્ટ થયો કે પછી અન્ય કોઈ ટેકનિકલ ખામી હતી, તે એફએસએલ અને ટેકનિકલ તપાસ બાદ જ સામે આવશે. હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમનાં દુરુપયોગની માહિતી મળી

# ઈડીએ આમ્રપાલી જૂથની 54.71 કરોડની મિલકતો ટાંચમાં લીધી

નવી દિલ્હી : ઈડીએ આમ્રપાલી જૂથ સાથે જોડાયેલ મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીનાં મહારાની બાગ સ્થિત ૫૪.૭૧ કરોડ રૂપિયાની સ્થિર મિલકતો અસ્થાયી ધોરણે ટાંચમાં લીધી છે. આ સંપત્તિ સુરભાઇ એડવર્ટાઇઝિંગ નામે નોંધાયેલી છે. ઈડીનાં લખનઉ ઝોનલ કાર્યાલયે આ કાર્યવાહી કરી છે.ઈડી અનુસાર તપાસ ઉત્તર પ્રદેશ પોલીસ અને દિલ્હી પોલીસની આર્થિક અપરાધ શાખા દ્વારા દાખલ ૧૮ એફઆઈઆર આધારે શરૂ કરવામાં આવી હતી.આરોપ મૂકવામાં આવ્યો છે કે આમ્રપાલી જૂથે નોઈડા અને ગ્રેટર નોઈડામાં રહેણાંક પ્રોજેક્ટ માટે ખરીદનારાઓ પાસેથી નાણાં લઈને ૩૬ મહિનામાં ફ્લેટ આપવા અને સુનિશ્ચિત રિટર્નનું વચન આપ્યું હતું. જો કે પ્રોજેક્ટ અધૂરા રહી ગયા હતાં. ખરીદનારાઓને ન ફ્લેટ મળ્યા અને ન તેમને રકમ પરત મળી. ફોરેન્સિક ઓડિટમાં ૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમનાં દુરુપયોગની માહિતી મળી છે. ઈડીનો આરોપ છે કે રકમ શેલ અને કંપનીઓનાં




માધ્યમથી સ્થળાંતરિત કરવામાં આવી હતી.એક અન્ય કાર્યવાહીમાં ઈડીએ નેક્સા એવરગ્રીન કેસમાં ૩૪.૯૧ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી છે. જેમાં ગુજરાત, રાજસ્થાન અને ગોવા સ્થિત જમીન, ફ્લેટ તથા રિસોર્ટમાં હિસ્સેદારી સામેલ છે.એજન્સી અનુસાર કુર્ક કરવામાં આવેલી સંપત્તિઓમાં ૬૯ સ્થાયી સંપત્તિઓનું મૂલ્ય લગભગ ૨૯.૩૭ કરોડ રૂપિયા છે. ઈડીએ આમ્રપાલી જૂથના મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના મહારાની બાગ સ્થિત 54.71 કરોડની સ્થિર મિલકતો ટાંચમાં લીધી છે.

71 વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યો

# જમ્મુમાં 3 કલાકમાં 7.30 ઈંચ વરસાદથી જળબંબાકાર, મહિલા સહિત 2ના મોત

(એજન્સી) જમ્મુ | તા.12

જમ્મુમાં રવિવારે 3 કલાકમાં 185.6 મિમી વરસાદ પડતા 71 વર્ષ જૂનો ઓક્ટોબર માસનો રેકોર્ડ તૂટ્યો છે. ભારે વરસાદને કારણે એક મહિલા સહિત 2 લોકોના મોત થયા હતા, જ્યારે એક મહિલા ગુમ છે. રહેણાંક વિસ્તારો અને રસ્તાઓ પર પાણી ભરાતા જનજીવન ઠપ થયું હતું. વાહનોને નુકસાન થયું અને ભૂસ્ખલનની ઘટનાઓ પણ બની હતી. રવિવારે જમ્મુમાં ત્રણ કલાકમાં 185.6 મિમી (7.30 ઈંચ) વરસાદ પડયો હતો. આ સાથે જ 1955માં નોધાયેલો 160 મિમીનો 71 વર્ષ જૂનો ઓક્ટોબર મહિનાનો રેકોર્ડ તૂટી ગયો છે.સત્તાવાર સૂત્રોનાં જણાવ્યા અનુસાર ભારે વરસાદને કારણે એક મહિલા સહિત બે લોકોનાં મોત થયા છે અને જનજીવમ ઠપ થઈ ગયું હતું. સવારે 8.30 કલાકે શરૂ થયેલા વરસાદને કારણે રહેણાંક વિસ્તારો અને રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતાં. વાહનોને નુકસાન થયું હતું અને અનેક જગ્યાએ ભૂસ્ખલનની ઘટનઓ બની હતી. અધિકારીઓનાં જણાવ્યા અનુસાર સતત પડેલા વરસાદને કારણે મહત્તમ તાપમાન ઘટીને 23.3 ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું. જે સામાન્ય કરતા 9 ડિગ્રી સેલ્સિયસ ઓછું હતું. જમ્મુનાં રાયપુર ડોમાના વિસ્તારમાં એક 27 વર્ષીય મહિલા લાપતા થઈ હતી.

તે પોતાના પતિને બચાવવાનો પ્રયાસ કરી રહી હતી. ત્યારે અચનાક આવેલા પૂરનાં પાણીમાં આ મહિલા તણાઈ ગયા હોવાનું માનવામાં આવે છે. તેનો પતિ પાર્ક કરેલી કારને ખસેડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. તે ગમે તે રીતે પોતાના પ્રાણ બચાવવામાં સફળ રહ્યો હતો. જો કે સ્થાનિક લોકો, પોલીસ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) ની ટીમો દ્વારા સઘન શોધખોળ કરવા છતાં તેની પત્ની મળી આવી ન હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે રવિવાર સાંજે ડોમાના વિસ્તારમાંથી અન્ય એક વ્યકિતનો મૃતદેહ મળી આવ્યો હતો.

## રૂ. 45.29 લાખ ગુમ કરનાર બે સગા ભાઈઓ UPથી ઝડપાયા

અમદાવાદ | અમદાવાદ શહેરના વ્યસ્ત અને ધમધમતા કાલુપુર રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી એક અગ્રણી પાર્સલ સર્વિસ પેઢીમાંથી અંદાજે એક મહિના અગાઉ થયેલી લાખો રૂપિયાની ચોરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ ચકચારી પ્રકરણમાં પેઢીમાં જ નોકરી કરતા બે સગા ભાઈઓની ઉત્તર પ્રદેશના આગ્રા જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી છે. ચોરી કરાયેલી આ માતબર રકમમાં ઓફિસના ટેબલના કમ્પાર્ટમેન્ટમાં સુરક્ષિત રાખવામાં આવેલી રોકડ તેમજ કાલુપુરના જ પંચકુવા વિસ્તારના એક વેપારી પાસેથી ખાસ એકત્રિત કરવામાં આવેલા રૂપિયા 5 લાખનો પણ સમાવેશ થતો હતો.


# સિટી એક્સપ્રેસ

TUESDAY 13 OCTOBER-2026

AHMEDABAD


## દારૂના નશામાં બસ ચલાવી લોકોના જીવ જોખમમાં મૂક્યા

અમદાવાદ | અમદાવાદના જમાલપુર પગથિયાં પાસે AMTSના રૂટ નંબર 143ની શટલ બસના ડ્રાઈવરે દારૂના નશામાં બસ ચલાવી માર્ગ પરથી પસાર થતા નાગરિકોના જીવ જોખમમાં મૂક્યા હોવાની ઘટના સામે આવી હતી. બસના ડ્રાઈવર સુરેશ રાજપૂતે નશાની હાલતમાં બસ ચલાવી અકસ્માત સર્જ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. AMTSના અધિકારીએ ડ્રાઈવર પીધેલી હાલતમાં હોવાની પુષ્ટિ કરી હતી. ત્યારબાદ તેને તાત્કાલિક અસરથી સેવામાંથી દૂર કરવામાં આવ્યો છે અને સંબંધિત એજન્સીને રૂપિયા 50 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.



નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં સમગ્ર દેશમાં છેવાડાનાં માણસ સુધી સિંચાઇ અને પીવાનું પાણી પહોંચાડવાની મજબૂત વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

# દમણગંગા નદી પર રૂ. 159.50 કરોડનાં ખર્ચે 'દમણગંગા બેરેજ યોજના'નું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે

ગાંધીનગર: વલસાડ જિલ્લાના રહેવાસીઓ માટે એક આનંદનાં સમાચાર છે. દમણગંગા નદી પર બનનારી 'દમણગંગા બેરેજ યોજના' હવે ટૂંક સમયમાં શરૂ થશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં સમગ્ર દેશમાં છેવાડાનાં માણસ સુધી સિંચાઇ અને પીવાનું પાણી પહોંચાડવાની મજબૂત વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વ અને માર્ગદર્શનમાં વલસાડ જિલ્લામાં દમણગંગા નદી પર રૂ. 159.50 કરોડનાં ખર્ચે આ યોજના ઝડપથી આગળ વધી રહી છે અને આ યોજનાની કામગિરી ટૂંક સમયમાં જ શરૂ થશે.

દક્ષિણ ગુજરાતનાં આદિજાતિ વિસ્તારમાં આકાર પામનારી આ આ મહાત્વાકાંક્ષી યોજના થકી વલસાડ જિલ્લામાં સિંચાઈની સુવિધા વધશે. ભૂગર્ભજળ રિચાર્જ થશે અને જળસંચયનું કામ થશે.

વલસાડ જિલ્લાના વાપી તાલુકાનાં નામધા ગામ નજીક દમણગંગા નદી પર 'દમણગંગા બેરેજ યોજના નિર્માણ પામશે. આ સ્થળ હાલના વાપી વિયરથી આશરે 3 કિલોમીટર ડાઉનસ્ટ્રીમમાં આવેલું છે. આ બેરેજ યોજનાની કુલ જળ સંગ્રહ ક્ષમતા 5.49 મિલિયન ઘન મીટર (MCM) હશે વાપી નજીક સૂચિત દમણગંગા બેરેજથી સિંચાઈ અને ભૂગર્ભજળ રિચાર્જ ઉપરાંત પીવાના પાણીની ઉપલબ્ધતા વધશે. આ ઉપરાંત, ખારાશ નિયંત્રણ અને સામાજિક-આર્થિક વિકાસ સહિત અનેકવિધ લાભો મળવાશે.

આ પ્રોજેક્ટનો મુખ્ય લાભ સિંચાઈ ક્ષેત્રે થશે. દમણગંગા બેરેજથી આશરે 549 હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. સંગ્રહિત પાણી લિફ્ટ સિંચાઈ વ્યવસ્થા મારફતે ખેડૂતો સુધી પહોંચાડવામાં આવશે. આ યોજનાથી નામધા, ચંદોર, મોહન, એકલહારે, નહુલી અને જાંબુરી એમ છ ગામોને લાભ થશે.

પ્રેશરાઈઝ્ડ સિંચાઈ વ્યવસ્થા મારફતે હાલમાં સિંચાઈની સુવિધાથી વંચિત ખેતીલાયક જમીનના નોંધપાત્ર હિસ્સાને તાત્કાલિક લાભ મળી શકશે. ખેતરોમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થતાં ખેડૂતોની આવકમાં વધારો થશે. ખેડૂતોને આખુ વર્ષ સિંચાઈ માટે પાણી મળવાથી ખેડૂતો વર્ષમાં બે કે તેથી વધુ પાક લઈ શકશે, જેનાથી તેમની આર્થિક સમૃદ્ધિમાં વધારો થશે.

થોડા સમય પહેલા જ ગુજરાત સરકારે ઔદ્યોગિક શહેર વાપીને નગરપાલિકામાંથી મહાનગર પાલિકાનો દરજ્જો આપ્યો છે અને તેના વિકાસને વેગ આપવા માટે વિવિધ પગલાઓ લીધા છે. વાપી મહાનગરપાલિકા થવાથી શહેરની વસ્તી પણ વધશે અને તેની પાણીની જરૂરિયાત પણ વધશે. વાપી શહેરની ભવિષ્યની પાણીની જરૂરિયાતને જોતા આ બેરેજ પ્રોજેક્ટ મહત્વનો સાબિત થશે. બેરેજ પ્રોજેક્ટથી વાપી શહેર અને આસપાસના વિસ્તારોની ઔદ્યોગિકની પાણીની જરૂરિયાતો માટે પણ પાણીની ઉપલબ્ધતા મળશે.

વર્ષ 2024-25નાંઆંકડાઓ મુજબ વાપી વિયર મારફતે GIDC-વાપીને ઔદ્યોગિક ઉપયોગ માટે 19 MCM, પાણી પુરવઠા માટે 7.30 MCM અને વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનને 6 MCM પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. તેનાથી કુલ રૂ. 69.15 કરોડની આવક થઈ હતી. સૂચિત બેરેજના કારણે વધારાની સંગ્રહ ક્ષમતા ઊભી થતાં બિન-કૃષિ હેતુઓ માટે પાણીના ઉપયોગમાં વધારો થશે. અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને વધારાની આવક પણ મળશે.

આ પ્રોજેક્ટનો અન્ય મહત્વપૂર્ણ લાભ ભૂગર્ભજળ સંચયનો રહેશે. બેરેજથી ઉપરવાસમાં આશરે 3.5 કિલોમીટર વિસ્તારમાં પાણીનો સંગ્રહ થશે, જેના કારણે વાપી શહેરમાં આવેલા હાલના ટ્યુબવેલ્સને ભૂગર્ભજળ રિચાર્જનો લાભ મળશે.

આનાથી ભૂગર્ભજળની ગુણવત્તા અને જમીનની સ્થિતિમાં સુધારો થવાની સાથે ઘરેલુ ઉપયોગ માટે પાણીની ઉપલબ્ધતા વધશે અને વાપીના ભવિષ્યના વિકાસને પણ ટેકો મળશે.

બેરેજની રચના દરિયાની ભરતીના પાણીના પ્રભાવને નિયંત્રિત કરવા અને નદીના પટમાં ખારાશનું પાણી પ્રવેશતું અટકાવવા માટે પણ કરવામાં આવી છે. પરિણામે જળાશયની આસપાસના વિસ્તારમાં ભૂગર્ભજળના વધુ રિચાર્જને પ્રોત્સાહન મળશે.

આ પ્રોજેક્ટથી વાપી શહેરને વ્યાપક શહેરી લાભો મળવાની પણ અપેક્ષા છે. આશરે 2.3 લાખની વસ્તી માટે પીવાના પાણીની સુવિધામાં સુધારો થવા ઉપરાંત પાર્ક અને બોટિંગ વિસ્તાર જેવી મનોરંજન સુવિધાઓ, રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ તથા નદી પર નવા માર્ગ કોરિડોરનું નિર્માણ થઈ શકશે. આથી શહેરની આંતરિક અવરજવરમાં પણ સુધારો થશે. દમણગંગા પ્રોજેક્ટ દક્ષિણ ગુજરાતનાં આર્થિક વિકાસમાં પણ મહત્વનું યોગદાન આપશે.

# પૂર્વ પ્રેમીની પત્નીએ યુવતી અને તેના પિતાના ફોટા પર અભદ્ર લખાણ લખી બદનામ કરી

(એજન્સી) અમદાવાદ | તા.12

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતી એક નર્સિંગ કોલેજની યુવતીને સોશિયલ મીડિયા પર અભદ્ર શબ્દોનો પ્રયોગ કરી બદનામ કરવામાં આવી હોવાની ગંભીર ઘટના સામે આવી છે. AMTS બસના ડ્રાઈવર સાથે પરિચય થયા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો, પરંતુ ડ્રાઈવર પરિણીત હોવાની જાણ થતાં યુવતીએ સંબંધ તોડી નાખ્યા હતા. તેમ છતાં પૂર્વ પ્રેમીની પત્નીએ શંકા રાખી યુવતી તથા તેના પિતાના ફોટા સાથે ઈન્સ્ટાગ્રામ પર અભદ્ર સ્ટોરી મૂકી બદનામી કરતાં આખરે નરોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. નરોડામાં પરિવાર સાથે રહેતી 21 વર્ષીય યુવતી નર્સિંગનો અભ્યાસ કરે છે. એક વર્ષ પહેલાં AMTS બસમાં પોતાના ફોઈના ઘરે જતી વખતે ડ્રાઈવરની આગળની સીટ પર બેસતાં ડ્રાઈવર સાથે તેનો પરિચય થયો હતો. ત્યારબાદ બંનેએ નંબરની આપ-લે કરી વાતચીત શરૂ કરી હતી. જે બાદમાં બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો અને અલગ અલગ જગ્યાએ મળતા પણ હતા. એક દિવસ યુવતીએ ડ્રાઈવરના મોબાઈલમાં પરિવારના ફોટા જોતાં તે પરણિત હોવાની જાણ થઈ હતી. જેથી યુવતીએ તાત્કાલિક તમામ સંબંધો તોડીને વાતચીત બંધ કરી દીધી હતી. બાદમાં પૂર્વ પ્રેમીની પત્નીને તેમના વચ્ચેના સંબંધોની જાણ થઈ હતી, જેથી તેણે યુવતીને




મેસેજ-ફોન કરીને કહ્યું હતું કે, તમે આ સંબંધ તોડી દો. સામે યુવતીએ કહ્યું કે, તે પરિણીત છે, એની જાણ થતા અમે સંબંધ તોડી નાખ્યો છે. બાદમાં પૂર્વ પ્રેમી જ્યાં પણ જાય ત્યાં યુવતી સાથે જતો હોવાની તેની પત્નીને શંકા હતી, જેથી તેણીને હેરાન પરેશાન કરવાનું ચાલુ રાખ્યું હતું. પૂર્વ પ્રેમીની પત્નીએ યુવતીના ફોટા સાથે 'આ ધંધા કરે છે, કોઈને જવું હોય તો આ નંબર પર ફોન કરો' એવું અભદ્ર લખાણ લખીને ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી અપલોડ કરી હતી. આ ઉપરાંત યુવતીના પિતાના ફોટા પર પણ ગંદા લખાણો લખીને સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યા હતા. સતત બદનામી અને માનસિક ત્રાસથી કંટાળી યુવતીએ નરોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## AMTSના ડ્રાઈવરે દારૂના નશામાં બસ ચલાવી લોકોના જીવ જોખમમાં મૂક્યા

અમદાવાદ | અમદાવાદના જમાલપુર પગથિયાં પાસે AMTSના રૂટ નંબર 143ની શટલ બસના ડ્રાઈવરે દારૂના નશામાં બસ ચલાવી માર્ગ પરથી પસાર થતા નાગરિકોના જીવ જોખમમાં મૂક્યા હોવાની ઘટના સામે આવી હતી. બસના ડ્રાઈવર સુરેશ રાજપૂતે નશાની હાલતમાં બસ ચલાવી અકસ્માત સર્જ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. AMTSના અધિકારીએ ડ્રાઈવર પીધેલી હાલતમાં હોવાની પુષ્ટિ કરી હતી. ત્યારબાદ તેને તાત્કાલિક અસરથી સેવામાંથી દૂર કરવામાં આવ્યો છે અને સંબંધિત એજન્સીને રૂપિયા 50 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. ઘટના બાદ સ્થાનિક લોકોએ ડ્રાઈવરને પકડીને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં સોંપ્યો હતો. જાહેર પરિવહનની બસ ચલાવતા ડ્રાઈવરની નશાની હાલતમાં હોવાની ઘટના સામે આવતાં બસચાલકોની તપાસ અને મુસાફરો સહિત રસ્તા પરથી પસાર થતા લોકોની સુરક્ષા અંગે સવાલો ઊભા થયા છે. અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રવક્તા અતિક સૈયદ દ્વારા આ ઘટના બાદ AMTSના તમામ બસ ડેપોમાં ડ્રાઈવરો બસ લઈને રૂટ પર નીકળે તે પહેલાં તેમનો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ ફરજિયાત કરવાની માગ કરવામાં આવી છે. ડ્રાઈવરની નશાની સ્થિતિ ચકાસ્યા બાદ જ બસને રૂટ પર મોકલવામાં આવે તો આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવી શકાય છે. આ ઉપરાંત, જવાબદાર ડ્રાઈવર સામે કાયદાકીય કાર્યવાહી કરવાની અને તેને કાયમી ધોરણે સેવામાંથી દૂર કરવાની માગ પણ કરવામાં આવી છે. એએમટીએસના અધિકારીએ જણાવ્યું કે, 'ડ્રાઈવર દારૂ પીધેલી હાલતમાં હતો.

# ઓઢવમાં ગટરમાંથી 6 મહિનાનું મૃત ભ્રૂણ મળી આવ્યું: તપાસનો ધમધમાટ તેજ...!

(એજન્સી) અમદાવાદ | તા.12

ઓઢવ વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો છે. જેમાં સિંગરવા સ્થિત ગુજરાત વેપારી મહામંડળ પાસે આવેલા પ્લોટની ગટરમાંથી એક 6 મહિનાનું મૃત ભ્રૂણ મળી આવ્યું છે. અજાણી વ્યક્તિ બાળકીનો જન્મ છુપાવવા ગટરમાં ફેંકીને ફરાર થઈ છે. આ અંગે ઓઢવ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

ઓઢવ સિંગરવા ખાતે આવેલ ગુજરાત વેપારી મહામંડળની ઓફિસમાં એડમિન તરીકે ફરજ બજાવતા સંજયભાઈ ભીખાભાઈ પટેલ 11 ઓક્ટોમ્બરે બપોરે ઓફિસ પાસે હતા. તે દરમિયાન સંસ્થાના પ્રમુખ ભુપેન્દ્રભાઈ પારેખે ફોન કરીને જાણ કરી હતી કે પ્લોટની બાજુમાં ગટરની સાફ-સફાઈ ચાલુ હતી. ત્યારે ગટરમાંથી એક મૃત હાલતમાં નવજાત ભ્રૂણ મળી આવ્યું છે. બાદમાં સંજયભાઈએ સ્થળ પર પહોંચીને તપાસ કરતા ગટરમાં ભ્રૂણ પડેલું જોવા મળ્યું હતું. આ મામલે તેમણે તાત્કાલિક ઓઢવ પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ



ઓઢવ પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. કોઈ અજાણી વ્યક્તિએ પોતાના બાળકીના જન્મની વાત છુપાવવાના ઈરાદાથી, બાળક જન્મ્યા પહેલા કે જન્મતાની સાથે જ મૃત્યુ પામ્યું હોય તેને ઈરાદાપૂર્વક ગટરમાં ફેંકી દીધું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ અંગે ઓઢવ પોલીસે અજાણી વ્યક્તિ સામે ગુનો નોંધીને CCTVના આધારે તપાસ શરૂ કરી છે.

# પર્યાવરણ જાગૃતિના સેવાકાર્ય બદલ પત્રકાર જગદીશભાઈ દવે 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ-2026'થી સન્માનિત

> પાંચ વર્ષથી પ્રકૃતિ સંરક્ષણ અને જીવદયાના કાર્યમાં સક્રિય; રાજ્યકક્ષાના એવોર્ડ સમારંભમાં કચ્છમાંથી પસંદગી પામેલા સાત વ્યક્તિઓમાં સ્થાન

મહેશ એલ. સોની નખત્રાણા

પર્યાવરણ જાગૃતિ, પ્રકૃતિ સંરક્ષણ અને જીવદયાના ક્ષેત્રે છેલ્લા પાંચ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલા પત્રકાર જગદીશભાઈ દવેને ખેડબ્રહ્મા-અંબાજી ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ-2026'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજ્યકક્ષાના આ એવોર્ડ સમારંભમાં કચ્છમાંથી પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રે કામગીરી કરતા શિક્ષકો, ટ્રસ્ટના કાર્યકર્તાઓ સહિત કુલ સાત વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી હતી, જેમાં જગદીશભાઈ દવેનો પણ સમાવેશ થયો હતો.



જગદીશભાઈ દવે છેલ્લા પાંચ વર્ષથી પ્રકૃતિ સંરક્ષણ અને જીવદયાનાં કાર્યોમાં સક્રિય છે. છેલ્લા ત્રણ વર્ષથી વિવિધ અખબારો અને ન્યૂઝ પોર્ટલ્સના માધ્યમથી પર્યાવરણ જાગૃતિના અહેવાલો અને સંદેશાઓ લોકો સુધી પહોંચાડવામાં તેઓ યોગદાન આપી રહ્યા છે. વૃક્ષારોપણ, પક્ષીઓ માટે પાણી અને ચણની વ્યવસ્થા, અબોલ પશુ-પક્ષીઓની સેવા તથા જીવદયાનાં કાર્યો અંગે લોકજાગૃતિ ફેલાવવાના તેમના પ્રયાસોની નોંધ લેવામાં આવી છે.આ ઉપરાંત, 'વડીલો ને વંદન' વોટ્સએપ ગ્રુપ સહિત વિવિધ સોશિયલ મીડિયા માધ્યમો દ્વારા પણ પ્રકૃતિ સંરક્ષણ, જીવદયા અને સમાજસેવાના સંદેશાઓ જનજન સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે.પર્યાવરણ જાગૃતિ અને જીવદયાના ક્ષેત્રે કરવામાં આવેલી સેવાકીય કામગીરીને રાજ્યકક્ષાએ મળેલું આ સન્માન જગદીશભાઈ દવે માટે ગૌરવની સિદ્ધિ બની રહ્યું છે. આ સન્માનથી પ્રકૃતિ સંરક્ષણ અને જીવદયાના કાર્યોને વધુ વેગ મળે તથા વધુ લોકો પર્યાવરણ જાળવણીના અભિયાનમાં જોડાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# કચ્છના કાળા ડુંગરમાં બે દુર્લભ સાપ એકસાથે જોવા મળ્યા...



(એજન્સી) અમદાવાદ | તા.10

કચ્છડો બારેમાસ માત્ર પ્રવાસન જ નહીં, પરંતુ વન્યજીવોની વિવિધતા માટે પણ જાણીતો છે. કચ્છના કાળા ડુંગર વિસ્તારમાંથી વર્ષો બાદ બે દુર્લભ સર્પ પ્રજાતિઓ એકસાથે જોવા મળતાં વન્યજીવ પ્રેમીઓમાં રસ જાગ્યો છે. વન વિભાગના જણાવ્યા અનુસાર, રજવાડી સાપ (Black-headed Royal Snake) અને રેતિયો સાપ (Afro-Asian Sand Snake) એક જ સ્થળે જોવા મળ્યા હતા. ખાસ કરીને રેતિયા સાપની ગુજરાતમાં હાજરીનો આ સંભવતઃ બીજો કે ત્રીજો રેકોર્ડ હોવાનું જણાવાયું છે.

સપ્ટેમ્બર 2026માં કચ્છ પૂર્વ વન વિભાગની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન સાંજે અંદાજે 7:30 વાગ્યે આ બંને દુર્લભ સાપ જોવા મળ્યા હતા.

વન વિભાગની યાદી મુજબ, રજવાડી સાપનું વૈજ્ઞાનિક નામ Spalerosophis atriceps છે. આ સાપ સંપૂર્ણપણે બિનઝેરી છે. જ્યારે રેતિયા સાપનું વૈજ્ઞાનિક નામ Psammophis schokari છે. આ સાપ આંશિક ઝેરી છે.

# વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ-૨૦૨૬' અમદાવાદ ખાતે આયોજિત 'આદિ રંગ હાટ'ને મળ્યો ઉષ્માભર્યો પ્રતિસાદ

**૫૦થી વધુ આદિવાસી કલાકારોના ૪૦ સ્ટોલ્સ પર પરંપરાગત હસ્તકલા, ગૃહસુશોભન, શુદ્ધ ઔષધિઓ અને પૌષ્ટિક વાનગીઓનું આકર્ષક પ્રદર્શન-વેચાણ**

(એજન્સી) અમદાવાદ | તા.12

અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે ઉત્સાહ અને ઉમંગના પર્વ "વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ-૨૦૨૬" નું ગત તા. ૧૧ ઓક્ટોબરના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રીશ્રી દ્વારા આદિવાસી કલા, સંસ્કૃતિ અને વિરાસતને પ્રોત્સાહિત કરતો વિશેષ 'આદિ રંગ હાટ' જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ 'આદિ રંગ હાટ' મુલાકાતીઓ, ખેલૈયાઓ અને કલાપ્રેમીઓમાં ભારે



આકર્ષણ જમાવી રહ્યો છે અને તેને સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે. આદિજાતિ વિકાસ વિભાગ અને ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી (TRI), ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ 'આદિ રંગ હાટ'માં રાજ્યના વિવિધ આદિવાસી જિલ્લાઓમાંથી આવેલા ૫૦થી વધુ હસ્તકલાકારો અને વૈદુ ભગતો દ્વારા કુલ ૪૦ સ્ટોલ્સ કાર્યરત છે. જેમાં પરંપરાગત આદિવાસી હસ્તકલા, ગૃહસુશોભનની આકર્ષક વસ્તુઓ, પરંપરાગત ઔષધીય દવાઓ, આદિવાસી સંસ્કૃતિની પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓને પ્રદર્શન તેમજ વેચાણ અર્થે મૂકવામાં આવી છે. ઉદઘાટન પ્રસંગે મુખ્યમંત્રીશ્રી તથા ઉપસ્થિત તમામ વરિષ્ઠ મહાનુભાવોએ 'આદિ રંગ હાટ'ના વિવિધ સ્ટોલ્સની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ કલાકારો અને વૈદુ ભગતો સાથે સહજતાથી વાર્તાલાપ કરીને તેમની કલા, ઔષધીય જ્ઞાન અને મહેનતને બિરદાવી હતી.આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયરશ્રી, સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, TRI ના કાર્યપાલક નિયામક ડૉ. સી. સી.ચૌધરી સહિતના અગ્રણી મહાનુભાવો, ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પદ આધારિત નહીં, કામગીરી આધારિત સુધારેલી વાહન ખરીદ નીતિ જાહેર: ફીલ્ડ ઈન્સ્પેક્શન-એન્ફોર્સમેન્ટ માટે કેટેગરી-F અને ઑફ-રોડ ફરજ માટે કેટેગરી-F1નો ઉમેરો

ગાંધીનગર : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે સરકારી વાહન ખરીદી નીતિને સમયની જરૂરિયાત અને સરકારી કામગીરીના બદલાતા સ્વરૂપને અનુરૂપ વધુ વ્યાપક બનાવી છે. વર્ષ 2023માં અમલમાં આવેલી વાહન ખરીદ નીતિમાં મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ, વિભાગોના વડાઓ અને સરકારી કચેરીઓ માટે અલગ-અલગ કેટેગરીઓ નક્કી કરવામાં આવી હતી. હવે વર્ષ 2026માં તાજેતરમાં જ કરવામાં આવેલા સુધારા દ્વારા આ માળખાને વધુ આગળ લઈ જઈ ફીલ્ડ ઈન્સ્પેક્શન, એન્ફોર્સમેન્ટ અને ઑફ-રોડ કામગીરી માટે બે નવી કેટેગરી ઉમેરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીનાં માર્ગદર્શન તથા વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ જાહેર કરાયેલી સુધારેલી વાહન ખરીદી નીતિની મહત્વની વિશેષતા એ છે કે ઇલેક્ટ્રિક વાહનો (ઈ-વ્હિકલ) ને પણ સરકારી વાહન ખરીદીના નવા વિકલ્પોમાં વધુ સ્પષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે. કેટેગરી-Fમાં Mahindra XUV400 EL Pro 39.4 kWh અને Tata Nexon EV Creative 45 જેવા EV મોડલનો સમાવેશ કરાયો છે. એટલે 2023માં કેટેગરી-D અને કેટેગરી-Eમાં Tata Tigor EVને સ્થાન આપ્યા બાદ 2026માં EVનો વિકલ્પ ફીલ્ડ ઈન્સ્પેક્શનની નવી કેટેગરી સુધી વિસ્તર્યો છે. 2023ની નીતિમાં પણ કેટેગરી-D અને Eમાં Tata Tigor EVનો સમાવેશ કરવામાં આવ્યો હતો. 11 એપ્રિલ 2023ની નીતિ અગાઉની 2019ની નીતિના સ્થાને અમલમાં આવી હતી. જૂના કેટલાક વાહનોનું ઉત્પાદન બંધ થવું અને બજારમાં નવી ટેક્નોલોજી ધરાવતા વાહનો ઉપલબ્ધ થવાને કારણે આ સુધારો કરવામાં આવ્યો હતો. 2023માં કેટેગરી-Aથી કેટેગરી-E સુધીની છ મુખ્ય કેટેગરીઓ દ્વારા પદ અને જવાબદારી પ્રમાણે વાહનો નક્કી કરવામાં આવ્યા હતા. કેટેગરી-Aમાં મંત્રીઓ અને મુખ્ય સચિવ, A1માં VVIP State Guests, Bમાં વિવિધ બંધારણીય સંસ્થાઓ, બોર્ડ-કોર્પોરેશન વગેરેના વડાઓ, Cમાં કલેક્ટર-DDO-SP સહિત જિલ્લા કક્ષાના અધિકારીઓ, Dમાં *ખાતાના વડા* અને સમકક્ષ અધિકારીઓ તથા Eમાં સરકારી કચેરીઓ માટે Staff Carની જોગવાઈ હતી. 2026ના સુધારાની સૌથી મહત્વની નવી જોગવાઈ કેટેગરી-F - Field Inspection/Enforcement Vehicles છે. આ કેટેગરીમાં Mahindra Scorpio N Z4 4X4, Mahindra Thar Roxx MX5, Mahindra Bolero Neo N10 (O), Kia Carens Clavis HTE (O), Maruti Suzuki Ertiga ZXI Plus, Toyota Rumion V, Mahindra XUV400 EL Pro 39.4 kWh - E-Vehicle, Tata Nexon EV Creative 45 - E-Vehicleનો સમાવેશ કરાયો છે. અહીં ખાસ નોંધપાત્ર બાબત એ છે કે નવી ફીલ્ડ કેટેગરીમાં જ બે ઈલેક્ટ્રિક વાહનોને સ્પષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે. એટલે સરકારની વાહન નીતિમાં EVનો ઉપયોગ માત્ર સામાન્ય સરકારી કચેરીના વાહન સુધી મર્યાદિત ન રહી, હવે ફીલ્ડ ઈન્સ્પેક્શન અને એન્ફોર્સમેન્ટ જેવા ઉપયોગોમાં પણ EV વિકલ્પ ઉપલબ્ધ બન્યો છે. આ બાબત ગુજરાતના સ્વચ્છ અને વધુ ટકાઉ પરિવહન તરફના અભિગમ સાથે પણ સુસંગત છે. ગુજરાતની અગાઉની EV નીતિનો પણ એક મુખ્ય ઉદ્દેશ રાજ્યના પરિવહન ક્ષેત્રને ઈલેક્ટ્રિક મોબિલિટી તરફ લઈ જવાનો રહ્યો છે 2026ની બીજી નવી કેટેગરી છે કેટેગરી-F1 - Officers on Off Road Duties. આ કેટેગરી ખાસ કરીને ગૃહ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, મહેસૂલ વિભાગ જેવા વિભાગોના ઑફ-રોડ ફરજ બજાવતા અધિકારીઓ માટે લાગુ કરવામાં આવી છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ અને માલદા ટાઉન વચ્ચે પૂજા સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવે દ્વારા આગામી પૂજા અને તહેવારોની સિઝન દરમિયાન મુસાફરોની સુવિધા તેમજ વધારાના મુસાફર ટ્રાફિકને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને માલદા ટાઉન વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન બંને દિશામાં કુલ 14 ફેરા કરશે, જેનાથી મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવામાં સુવિધા રહેશે. આ સ્પેશિયલ ટ્રેનની વિગતો:ટ્રેન નંબર 09401/09402 અમદાવાદ-માલદા ટાઉન સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (14 ફેરા)ટ્રેન નંબર 09401 અમદાવાદ-માલદા ટાઉન સ્પેશિયલ દર બુધવારે અમદાવાદથી બપોરે 15:30 વાગ્યે ઉપડશે અને શુક્રવારે સવારે 10:00 વાગ્યે માલદા ટાઉન પહોંચશે. આ ટ્રેન 14 ઓક્ટોબરથી 25 નવેમ્બર, 2026 સુધી દોડશે.તેવી જ રીતે, ટ્રેન નંબર 09402 માલદા ટાઉન-અમદાવાદ સ્પેશિયલ દર શુક્રવારે માલદા ટાઉનથી 20:05 વાગ્યે ઉપડશે અને રવિવારે બપોરે 13:00 વાગ્યે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન 16 ઓક્ટોબરથી 27 નવેમ્બર, 2026 સુધી દોડશે.આ ટ્રેન બંને દિશામાં માર્ગમાં નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સુબેદારગંજ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર, મોકામા, કિઉલ, અભયપુર, જામાલપુર, સુલતાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બડહરવા અને ન્યૂ ફરક્કા સ્ટેશનો પર ઊભી રહેશે.આ ટ્રેનમાં એસી 3-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ રહેશે. ટ્રેન નંબર 09401 માટેનું બુકિંગ 13 ઓક્ટોબર, 2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ, કોચની રચના અને સમય વિશેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.